સીટી, પાટણ, ગાંધીનગર, ખેડા, સુરેન્દ્રનગર

પાનાં : ૨૨ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

ચિત્રલોક

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧૦ વર્ષ : ૯૪, અંક : ૩૧૩ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

સંયુક્ત ડેક્લેરેશનમાં ઈરાન અને યુક્રેન યુદ્ધ બંધ કરવા ત્રણમાંથી એક પણ નેતાએ મગનું નામ મરી ના પાડ્યું

શાંતિ માટે ટ્રમ્પ, જિનપિંગ, પુતિન સહમત

(પીટીઆઈ) શેનઝેન, તા.૧૯

દુનિયાની ત્રણ શક્તિશાળી દેશો અમેરિકા, ચીન અને રશિયાના પ્રમુખો ડોનાલ્ડ ટ્રમ્પ, શી જિનપિંગ અને વ્લાદિમિર પુતિનની ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક ગુરુવારે શેનઝેનમાં યોજાઈ હતી. આ બેઠકમાં ત્રણેય નેતાઓએ એઆઈ, પરમાણુ, હોર્મુઝની ખાડી અને યુક્રેન યુદ્ધ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. દુનિયાના માથે રશિયા-યુક્રેન અને હોર્મુઝની ખાડી સહિતના યુદ્ધો થોપનારા ટ્રમ્પ, પુતિન અને જિનપિંગ અંતે આ બેઠકમાં વિશ્વશાંતિ માટે સહમત થયા છે. જોકે, ત્રણેય નેતાઓ આ સહમતી કેટલી ગંભીર છે તેની સામે સવાલો પણ ઊઠ્યા છે. કારણ કે પુતિને યુક્રેનમાં વધુ ભયાનક હુમલાની વાતો કરી છે જ્યારે જિનપિંગના ભાષણ સમયે ટ્રમ્પ ઊંઘતા ઝડપાયા હતા. દુનિયામાં હાલ ચાલી રહેલા યુદ્ધો મુદ્દે ટ્રમ્પ બૂમબરાડા પાડતા રહે છે જ્યારે પુતિન યુક્રેન પર હુમલા કરે છે, પરંતુ જિનપિંગ કશું જ બોલતા નથી, જેને પગલે ઈરાન યુદ્ધ પાછળ સંપૂર્ણ દોરીસંચાર જિનપિંગના હાથમાં હોવાનું મનાઈ રહ્યું છે.



ચીનના શેનઝેનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે પહેલી ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી. વિશ્વની ત્રણ મોટી પરમાણુ શક્તિઓના નેતાઓની આ ઐતિહાસિક બેઠકમાં મહત્ત્વના મુદ્દાઓ પર કોઈ નક્કર ઉકેલ આવ્યો નહોતો. ટ્રમ્પે યુક્રેન યુદ્ધનો મુદ્દો ઉઠાવ્યો હોવા છતાં સંયુક્ત નિવેદનમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. યુક્રેન અને યુરોપના દેશો પણ આ બેઠકમાં સામેલ નહોતા. ઈરાન યુદ્ધ અંગે પણ કોઈ ઉકેલ સામે આવ્યો નથી. આ બેઠકનું આયોજન કરીને જિનપિંગે વૈશ્વિક રાજકારણમાં ચીનની ભૂમિકા દર્શાવી હતી. ટ્રમ્પે પુતિન અને જિનપિંગ સાથેના પોતાના સારા સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો. જોકે, બેઠકમાં દેખાયેલી મિત્રતા છતાં યુક્રેન અને ઈરાન જેવા વિવાદો પર કોઈ નક્કર પ્રગતિ નથી થઈ. આમ, ત્રણેય નેતાઓની બેઠક ઐતિહાસિક તો રહી પરંતુ, તેનાથી કોઈ યુદ્ધ રોકાવાની શક્યતા નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા, ઊર્જાનો પુરવઠો વધારવા, આંતરરાષ્ટ્રીય કોર્ટના અધિકાર ક્ષેત્ર મુદ્દે અમેરિકા, ચીન, રશિયા એકમત થયા

ચીનના શેનઝેનમાં એપેક (એપીઈસી) સંમેલનની સાથે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન વચ્ચે યોજાયેલી ત્રિપક્ષીય બેઠક એક કલાક સુધી ચાલી હતી. આ મુલાકાત વૈશ્વિક રાજકારણ અને દુનિયામાં ચાલી રહેલા યુદ્ધો રોકવા માટે ખૂબ જ મહત્વની મનાતી હતી. આ બેઠક બાદ ત્રણેય નેતાએ સંયુક્ત ડેક્લેરેશન જાહેર કર્યું હતું, જેમાં સંયુક્ત રાષ્ટ્રમાં સુધારા, ઊર્જાનો પૂરવઠો વધારવા, આંતરરાષ્ટ્રીય કોર્ટના અધિકાર ક્ષેત્ર મુદ્દે સહમતી વ્યક્ત કરવામાં આવી હતી.

જોકે, નિષ્ણાતોને આ બેઠકના ઉદ્દેશ્યો પૂરા થવાની બહુ ઓછી આશા છે. તેમનું માનવું છે કે આ ઐતિહાસિક બેઠક માત્ર ત્રણેય નેતાનો સંયુક્ત યાદગાર ફોટો બની રહેવાની સંભાવના છે. કારણ કે દુનિયામાં શાંતિની વાતો કરનારા ત્રણેય નેતાઓની ઐતિહાસિક બેઠક પછી જાહેર કરાયેલા સંયુક્ત ઘોષણાપત્રમાં ઈરાન અને યુક્રેન યુદ્ધનો કોઈ ઉલ્લેખ જ નહોતો જ્યારે બેઠક પહેલાં ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ પુતિન અને જિનપિંગ સમક્ષ ઈરાન અને યુક્રેન યુદ્ધના મુદ્દા ઉઠાવશે. જોકે, બેઠક પછી અમેરિકાએ કોઈ દસ્તાવેજો જાહેર કર્યા નથી. બીજીબાજુ જિનપિંગે કહ્યું કે, આ બેઠક સકારાત્મક, રચનાત્મક અને સારા પરિણામ આપનારી રહી છે.

ત્રિપક્ષીય બેઠક બાદ ચીન અને રશિયા તરફથી શાંતિ ઘોષણાપત્રની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં

(અનુસંધાન ૧૧મે પાને)


ત્રણેય નેતાઓની ઐતિહાસિક બેઠક માત્ર ફોટો ઓપ બની રહેવાની નિષ્ણાતોને આશંકા

એપેક સમિટના સત્ર સમયનો વિડીયો વાયરલ

જિનપિંગના ભાષણ સમયે જ ૮૦ વર્ષના ડોનાલ્ડ ટ્રમ્પ ઝોકે ચઢ્યા

શેનઝેન, તા.૧૯

ચીનના શેનઝેનમાં આયોજિત એપેક સમિટના પૂર્ણ સત્ર દરમિયાન



ચીનના પ્રમુખ શી જિનપિંગ મુક્ત વેપાર પર ભાષણ આપી રહ્યા હતા ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઝોકે ચઢી ગયા હતા. જિનપિંગના ભાષણ સમયે ટ્રમ્પ આંખો બંધ કરીને બેઠા હતા.

ટ્રમ્પનો લગભગ ૧૦ સેકન્ડ સુધી ઝોકા ખાતો એક વીડિયો સોશિયલ

(અનુસંધાન ૧૧મે પાને)

ઈપીએફઓના ૬.૩૨ લાખથી વધુ સભ્યોને લાભ થશે

પ્રોવિડન્ટ ફંડ હવે એક, ત્રણ અને છ મહિનાના હપ્તામાં પણ ઉપાડી શકાશે

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,તા.૧૯

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને દ્વારા પ્રોવિડન્ટ ફંડ ઉપાડના નિયમોમાં વ્યાપક સુધારાઓને મંજૂરી આપીને પ્રોવિડન્ટ ફંડની રકમ એક સામટી ઉપાડવાને બદલે માસિક, ત્રિમાસિક કે છ માસિક હપ્તામાં ઉપાડ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપી છે. તેમ જ સંપૂર્ણ પ્રોવિડન્ટ ફંડમાંથી માત્ર ૧૦ ટકા રકમ જ સિલક-બેલેન્સ રાખવાની પણ સુવિધા આપવાનો નિર્ણય લીધો છે. અગાઉ મિનિમમ બેલેન્સ ૨૫ ટકા રાખવાનો નિયમ હતો. આ નવી વ્યવસ્થા હેઠળ એક, ત્રણ કે છ મહિને પ્રોવિડન્ટ ફંડની રકમનો ઉપાડ કરનારાઓને ખાતામાં બાકી રહેલી રકમ પર વ્યાજ પણ મળતું રહેશે. કર્મચારી ઇચ્છે તો સો ટકા રકમનો પણ ઉપાડ કરી શકશે. આ સંપૂર્ણપણે વૈકલ્પિક સુવિધા છે. આ વ્યવસ્થા ફરજિયાત નથી, મરજિયાત રાખવામાં આવી છે. કર્મચારી પોતાની ઇચ્છા મુજબ નિર્ણય લઈ શકે છે.નવી વ્યવસ્થાનો પ્રારંભિક તબક્કામાં ૫૫ વર્ષથી વધુ વયના અને રૂ.૫ લાખથી વધુ ભંડોળ ધરાવતા અંદાજે ૬.૩૨ લાખ સભ્યોને લાભ મળશે.

પ્રોવિડન્ટ ફંડના ખાતામાં પડી રહેનારી રકમ પર નોર્મલ નિયમ મુજબ વ્યાજની ચૂકવણી કરાશે

સિસ્ટેમેટિક વિડ્રોઅલ કરનારા કર્મચારીઓએ મિનિમમ ૧૦ ટકા બેલેન્સ રાખવું પડશે

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં ગુરુવારે યોજાયેલી સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની ૨૪૦મી બેઠકમાં આ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યો છે. કર્મચારીઓને સિસ્ટમેટિક વિડ્રોઅલ પ્લાનની છૂટ આપવામાં આવી છે. નિવૃત્ત થતા સભ્યો માટે કરેલા નવતર આયોજન હેઠળ હપતાના સમયગાળા દરમિયાન સભ્યનું અવસાન થાય તો નોમિની અથવા આશ્રિતો બાકીની રકમ એકસાથે ઉપાડી શકશે અથવા નિયમિત હપ્તામાં ઉપાડ કરવાનું ચાલુ રાખી શકશે. પ્રોવિડન્ટ ફંડના સભ્યોને વધુ નાણાકીય તરલતા-લિક્વિડીટી પૂરી પાડવા માટે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ખાતામાં જાળવી રાખવાની લઘુત્તમ બેલેન્સની મર્યાદા ૨૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી છે. ઉપરાંત, અંતિમ-ફાઇનલ પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ કરવા માટેનો પ્રતીક્ષા સમયગાળો ૧૨ મહિનાથી ઘટાડીને માત્ર ૨ મહિના કરી દેવામાં આવ્યો છે.

યુનિવર્સલ એકાઉન્ટ નંબર આધારિત સ્વૈચ્છિક યોગદાનની વ્યવસ્થાને માન્યતા

(અનુસંધાન ૧૧મે પાને)

યુક્રેને ચાર દિવસમાં ત્રીજી વખત રશિયાના પુલ ઉડાવ્યા

જિનપિંગ-ટ્રમ્પ સાથે પુતિનની બેઠક વખતે જ યુક્રેનનો રશિયા પર હુમલો

કીવ,તા.૧૯

શેનઝેનમાં એકબાજુએ ચીન, રશિયા અને અમેરિકા વચ્ચે ત્રિપક્ષીય બેઠક ચાલી રહી હતી તે જ સમયે યુક્રેને રશિયા અને તેણે ગેરકાયદેસર રીતે કબ્જે કરેલા ક્રીમિયાને જોડતા પુલ પર હવાઈ હુમલો કરતાં પુતિન ગુસ્સે ભરાયા હતા. તેમણે ચાલુ બેઠકે જ યુક્રેન પર વળતો પ્રહાર કરવાની ધમકી આપી હતી. તેના લીધે ચાર વષ કરતાં વધુ સમયથી ચાલતુ આ યુદ્ધ વધુ વણસી શકે છે. યુક્રેને છેલ્લા ચાર દિવસમાં આ પુલ પર ત્રીજો હુમલો કર્યો છે. આ પુલ પર થયેલા હુમલાના લીધે ટ્રાફિક રોકાઈ ગયો છે.

પુતિને ચાલુ બેઠકે જ યુક્રેન પર વળતો પ્રહાર કરવાની ધમકી આપતા સાડા ચાર વર્ષથી ચાલતુ યુદ્ધ વધુ વણસવાની આશંકા

આ હુમલાના પગલે પુલને નુકસાન થયુ હતુ, પરંતુ તેનું તરત જ સમારકામ કરીને તેને પૂર્વવત્ કરી દેવાયો છે, એમ મોસ્કોએ નીમેલા ક્રીમિયાના વડાએ જણાવ્યું હતું. પુતિને કીવ પર વળતા હુમલાના આદેશ આપવાની સાથે-સાથે આ પુલને લશ્કરી સરંજામના આવનજાવન માટે બંધ કરવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ હુમલો ત્યારે થયો છે જ્યારે બર્લિનમાં અમેરિકન રાજદૂત જેરેડ કુશનર અને સ્ટીવ વિટકોફની યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીની સાથે યુરોપીયન નેતાઓ જોડે મુલાકાત થવાની છે.રશિયા અને ક્રીમિયાને જોડતો આ ૧૯ કિ.મી. લાંબો પુલ ક્રીમિયાને લશ્કરી અને નાગરિક પુરવઠો પૂરો પાડવા માટે મહત્ત્વનો માનવામાં આવે છે. મોસ્કોએ ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય કાયદાને ધરાર ઘોળી પી જઈને ક્રીમિયાને યુક્રેન પાસેથી આંચકી લીધું હતું. યુક્રેનનો હુમલાનો પગલે રોડનો નોંધપાત્ર હિસ્સો તૂટી ગયો હતો. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે કેટલાય અઠવાડિયાઓની તૈયારી પછી આ હુમલો કરવામાં આવ્યો હતો. આ માટે સ્થાનિક બનાવટના નેપચ્યુન મિસાઈલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની સાથે ટ્રેન ઉકેને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. હવે રશિયાએ ઈંધણ અને દારુગોળાના પુરવઠાનો રૂટ નવેસરથી ગોઠવવો પડશે. તેના આ લશ્કરી માલસામાન પર અમારા ડ્રોન હુમલા કરશે.

અમેરિકન કોર્ટના ક્લાર્ક ત્રણ કોર્ટને ડોક્યુમેન્ટ મોકલશે

દોભાલ-પૂર્વ રૉ ચીફને દિલ્હી કોર્ટ મારફત સમન્સ પાઠવો : યુએસ કોર્ટ

(પીટીઆઈ) વૉશિંગ્ટન, તા. ૧૯

અમેરિકન જિલ્લા કોર્ટના ન્યાયધીશ કેથરિન પોલ ફૈલાએ દિલ્હીની ત્રણ કોર્ટને આશ્ચર્યજનક રીતે સમન્સ પાઠવવાનો નિર્દેશ કર્યો છે. દિલ્હીની કોર્ટને મળેલા નિર્દેશ પ્રમાણે સમન્સ બીજા કોઈને નહીં, દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ, રૉના પૂર્વ વડા સામંત ગોએલને બજવવાનું છે!

ખાલિસ્તાની પન્નુના કેસમાં ન્યૂયોર્કની કોર્ટની ચર્ચાસ્પદ કાર્યવાહી : દિલ્હી કોર્ટે સમન્સ આપવું ફરજિયાત નથી

ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુએ કરેલી એક અરજીના સંદર્ભમાં અમેરિકાની ન્યૂયોર્ક જિલ્લા કોર્ટે ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (રૉ)ના પૂર્વ વડા સામંત ગોયલને સમન્સ પાઠવવા માટે દિલ્હીની ત્રણ કોર્ટને નિર્દેશ કર્યો છે. ન્યૂયોર્ક જિલ્લા કોર્ટના જજ કેથરિન પોલ ફૈલાએ કોર્ટના ક્લાર્કને આદેશ આપ્યો છે કે આંતરરાષ્ટ્રીય કૂરિયર સર્વિસની મદદથી દોભાલ-ગોએલના સમન્સના દસ્તાવેજો દિલ્હીની ત્રણ કોર્ટને

(અનુસંધાન ૧૧મે પાને)

રશિયાના બે ન્યુક્લિયર બોમ્બર વિયેતનામથી ઉડ્યા

હનોઈ, તા. ૧૯

રશિયાના પ્રમુખ પુતિન શેનઝેનમાં ગુરુવારે વિશ્વના નેતાઓને મળ્યા ત્યારે વિયેતનામમાં હનોઈથી રશિયાના બે ન્યુક્લિયર બોમ્બર ઉડ્યા હતા. રશિયાના બે ટીયુ-૯૫ ન્યુક્લિયર કેપેબલ બોમ્બર બે સપોર્ટ એરક્રાફ્ટની સાથે સેન્ટ્રલ વિયેતનામીઝ શહેર દા નાંગથી ઉડ્યા હતા. પુતિનનું ચીનમાં આગમન થયું ત્યારથી રશિયન ટીવી કેમેરાઓએ પુતિનને સતત બતાવાયા હતા. તેમની સાથે એક વ્યક્તિ બ્રીફકેસ લઈ ચાલતો હતો. આ દરમિયાન આ બંને બોમ્બરોએ જાપાનની હવાઈસીમાનો ભંગ કરતા જાપાને તેની સામે વિરોધ નોંધાવ્યો હતો.

પાંચ દાયકાથી ચાલતા માલિકી હકના વિવાદનો અંત આવ્યો


વિન્સેન્ટ વાન ગોગના પેઈન્ટિંગની રેકોર્ડ ૧૭૦૦ કરોડ રૂપિયામાં હરાજી

(પીટીઆઈ) ન્યૂયોર્ક, તા. ૧૯

ડચ ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોગનો જન્મ ૧૮૫૩માં થયો હતો અને માત્ર ૩૭ વર્ષની વયે ૨૭મી જુલાઈ ૧૮૯૦ના રોજ અવસાન થયું હતું. અવસાનના બે મહિના પહેલાં ગોગે ખીલતા ચેસ્ટનટનું વૃક્ષ એવા નામે એક ચિત્ર બનાવ્યું હતું. એ ચિત્ર રેકોર્ડ ૧૯ કરોડ ડોલર એટલે કે અંદાજે ૧૭૦૦ કરોડ રૂપિયામાં વેચાયું હતું.એ સાથે જ હવે વાન ગોગના તમામ ચિત્રોમાં આ સૌથી કિંમતી ચિત્ર બની ગયું છે.

વિન્સેન્ટ વાન ગોગના ચિત્રની હરાજી અંગે ઓક્શન હાઉસ સોથબીસના એક સત્તાવાર નિવેદનમાં કહેવાયું હતું કે આ ચિત્રના અગાઉના યહુદી માલિકો અને ચિત્રને વેચનાર વચ્ચે કરાર સંપન્ન થતાં હવે હરાજી પૂરી થયેલી જાહેર કરવામાં આવે છે.

(અનુસંધાન ૧૧મે પાને)



'ખીલતા ચેસ્ટનટનું વૃક્ષ' નામનું અદ્ભુત ચિત્ર ડચ પેઈન્ટર વાન ગોગે મૃત્યુના થોડાં મહિના પહેલાં ૧૮૯૦માં પૂરું કર્યું હતું

સ્પેસએક્સનો ૭૫ અબજ ડોલરના IPOનો રેકોર્ડ તોડ્યો

એન્થ્રોપિકનો ઐતિહાસિક IPO ૮૧.૩ અબજ ડોલર એકત્ર કર્યા

ન્યૂ યોર્ક, તા.૧૯

અમેરિકાની એઆઈ કંપની એન્થ્રોપિકે શેરબજારમાં આઈપીઓ લાવીને ૮૧.૩૪ અબજ ડોલર એકત્ર કર્યા છે. આ સાથે કંપનીએ વિશ્વના સૌથી મોટા આઈપીઓનો રેકોર્ડ બનાવ્યો છે. આ સાથે જ ક્લોડ એઆઈ ચેટબોટ બનાવતી આ કંપનીનું વેલ્યુએશન આશરે ૧.૫ ટ્રિલિયન ડોલર થયું છે. આઈપીઓના કદની દૃષ્ટિએ તેણે ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સનો

(અનુસંધાન ૧૧મે પાને)

શેર વેચાણ અને પ્રાઈવેટ પ્લેસમેન્ટ મળીને ૧૦૭.૩૪ અબજ ડોલર ભેગા કર્યા : વેલ્યુએશન ૧.૫ ટ્રિલિયન ડોલર થયું

'અમિત શાહ પછી જેલમાં જવાનો વારો નરેન્દ્ર મોદીનો હતો'

નવીદિલ્હી, તા. ૧૯

કોંગ્રેસના સિનિયર નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય કાયદા મંત્રી એમ વિરપ્પા મોઈલીએ મોટો ધડાકો કર્યો છે. એમનો દાવો છે કે, યુપીએ સરકાર વખતે કોંગ્રેસના જ કેટલાક નેતાઓએ નરેન્દ્ર મોદી વિરુદ્ધ ચાલતી તપાસ અટકાવી દીધી હતી. એ વખતે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. મોઈલીની માહિતી પ્રમાણે જો તપાસ ચાલુ રહેતે તો મોદીએ ચોક્કસ જેલ જવુ પડતે. પક્ષના કેટલાક નેતાઓના નિર્ણયને કારણે કોંગ્રેસને મોટુ રાજકીય નુકસાન

(અનુસંધાન ૧૧મે પાને)

મુખ્ય પૂર્વ સલાહકાર મોહમ્મદ યુનુસનું ઘર સળગાવાયું

શેખ હસીનાની ઘરવાપસી અગાઉ બાંગ્લાદેશમાં ગૃહયુદ્ધની સ્થિતિ : તોફાનો ફાટી નીકળ્યા

ઢાકા, તા.૧૯

શેખ હસીનાની બાંગ્લાદેશમાં પરત ફરવાના એલાનના પગલે ઢાકાના ઢીકા નીકળી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. આના પગલે હસીનાના સમર્થકો ગેલમાં આવી ગયા છે. ઢાકાથી લઈને હસીનાના નિવાસસ્થાન ગોપાલગંજ સુધી બોમ્બ ધડાકા થયા છે. શેખ હસીનાના પક્ષે

રાષ્ટ્રવ્યાપી બંધનું એલાન આપ્યા પછી સ્થિતિ વિસ્ફોટક બની છે. અવામી લીગના કાર્યકરો મેદાનમાં ઉતરી ગયા છે. તેઓએ હસીનાના પરત ફરવાના ઉન્માદમાં તોફાનો કરતાં બાંગ્લાદેશ જાણે ગૃહયુદ્ધના આરે આવીને ઊભું હોય તેમ લાગે છે. બાંગ્લાદેશમાં ફરી અશાંતિ

(અનુસંધાન ૧૧મે પાને)

બાંગ્લાદેશમાં ઢાકા સહિત અનેક શહેરો કિલ્લામાં ફેરવાયા તોફાનીઓએ મોટાપાયા પર તોફાન મચાવી આગજની કરી

બેધડક -મંજુલ

અરે આવું ફરીથી ન કરતી. 'ગોદી' પત્ની તો દેશ વિરોધી છે... 'ગોદી' મીડિયા જ યોગ્ય છે !

લેખિત નોટિસ થકી જ પોલીસ સમન્સ મોકલી શકે : હાઈકોર્ટ

પોલીસ કોઈપણ વ્યક્તિને મૌખિક કે ફોન મારફતે સમન્સ મોકલી શકે નહીં

અમદાવાદ,ગુરૂવાર

ઘણીવાર પોલીસ દ્વારા કોઈપણ ગુનાના આરોપીને મૌખિક રીતે કે ફોન પર વોટ્સ અપ કે અન્ય માધ્યમ દ્વારા સમન્સ જારી કરી તપાસના કામે હાજર થવા માટે જણાવાતું હોય છે ત્યારે ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદા મારફતે સ્પષ્ટ કર્યું છે કે, પોલીસ કોઈપણ વ્યક્તિને મૌખક રીતે કે ફોન મારફતે સમન્સ મોકલી શકે નહીં. કાયદા મુજબ, પોલીસે લેખિત નોટિસ મારફતે સમન્સ આપવું અનિવાર્ય છે.

ઈસનપુર પોલીસ દ્વારા અરજદારને મૌખિક રીતે સમન્સ બજવણી કરી તપાસના કામે પોલીસ સ્ટેશન બોલાવવાના કેસમાં હાઈકોર્ટનો હુકમ

જસ્ટિસ મૂલચંદ ત્યાગીએ પ્રસ્તુત કેસમાં અરજદારની અરજી મંજૂર રાખી ઈસનપુર પોલીસને અરજદારને લેખિત નોટિસ મારફતે જ સમન્સ મોકલવા હુકમ કર્યો હતો અને તેમને મૌખિક કે ફોન મારફતે સમન્સ નહી આપવા સ્પષ્ટ રીતે હુકમમાં ઠરાવ્યું હતું. આ કેસમાં અરજદારપક્ષ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, શહેરના શાહઆલમ વિસ્તારમાં શાલીમાર ટોકીઝની પાછળ જય ભારત કબાડી માર્કેટ ખાતે અરજદારની ઓટોમોબાઈલ્સની દુકાનને લઈ પ્રતિવાદીઓ સાથે વિવાદ તકરાર છેલ્લા ઘણા સમયથી ચાલ્યા આવે છે.

અરજદાર તરફથી અદાલતનું ધ્યાન દોરાયું કે, પ્રતિવાદી અરજદાર વિરૂધ્ધ વારંવાર પોલીસ ફરિયાદ કરી રહ્યા છે અને ઈસનપુર પોલીસ દ્વારા છાશવારે તેમને હેરાનગતિ કરાઈ રહી છે. તપાસ અધિકારીના અહેવાલ મુજબ, અરજદાર અને પ્રતિવાદીએ એકબીજા સામે સંખ્યાબંધ ફરિયાદો કરી છે અને તેની અદાવતમાં પ્રતિવાદી અને પોલીસ દ્વારા અરજદારને ત્રાસ અપાઈ રહ્યો છે. જો કે, ઈસનપુર પોલીસ દ્વારા અરજદારને મૌખિક રીતે અને ફોન કરી સમન્સ બજવણી કરી તપાસના કામે પોલીસ સ્ટેશન બોલાવાઈ રહ્યા છે અને હાજર થવા ફરજ પાડવામાં આવી રહી છે પરંતુ તે ગેરકાયદે અને કાયદાકીય જોગવાઈ વિરૂધ્ધનું કૃત્ય છે. પોલીસે તેમને તપાસના કામે બોલાવવા માટે લેખિત નોટિસ મારફતે સમન્સ આપવું ફરજિયાત છે. અરજદારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે અરજદારને લેખિત નોટિસ મારફતે જ સમન્સ પાઠવવા હુકમ કર્યો હતો અને ઠરાવ્યું હતું કે, પોલીસ મૌખિક રીતે કે ફોન મારફતે અરજદારને સમન્સ જારી કરી શકે નહી. કોર્ટે વધુમાં નોંધ્યું કે, પ્રતિવાદી દ્વારા અરજદાર વિરૂધ્ધ ૪૦ જેટલી ફરિયાદો કરવામાં આવી છે, જયારે અરજદાર દ્વારા પ્રતિવાદી વિરૂધ્ધ ૧૫ જેટલી ફરિયાદ કરવામાં આવી છે. હાઈકોર્ટે અરજી મંજૂર કરવાની સાથે ઉપરોકત હુકમ સાથે કેસનો નિકાલ કર્યો હતો.

ખોટી રીતે બે કર્મીને સસ્પેન્ડ કરાયાનો આક્ષેપ

મ્યુનિ. કચેરીમાં સેનેટરી ઈન્સ્પેક્ટરો દ્વારા કમિશનરને ઘેરીને સૂત્રોચ્ચાર



અમદાવાદ, ગુરુવાર

દાણાપીઠ સ્થિત મ્યુનિ. કચેરીએ આજે સેનેટરી ઈન્સ્પેક્ટરોએ કમિશનરને દરવાજા પાસે ઘેરી સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. સફાઈ એજન્સીના કામ મામલે ખોટી રીતે બે સેનેટરી ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરાયા હોવાના આક્ષેપ સાથે તેમણે હંગામો મચાવ્યો હતો. જો કે થોડીવારમાં જ સસ્પેન્શન પાછુ લેવાની ખાતરી આપી મામલો રફેદફે કરી દેવાયો હતો.

સફાઈ એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવાના મુદ્દે કર્મીઓ અને અધિકારીઓ સામસામે

અમદાવાદ મ્યુનિ.ના એસઆઈ એટલે સેનેટરી ઈન્સ્પેક્ટરો દ્વારા આજે મુખ્ય કચેરીએ હલ્લાબોલ કરાયો હતો. કમિશનર આવતા જ તેમને દરવાજા પાસે રોકી 'હમ હમારા હક માંગતે, નહીં કીસી સે ભીખ માંગતે'ના નારા સાથે સૂત્રોચ્ચાર કર્યા હતો. આ અંગે સ્થળ પર હાજર સેનેટરી ઈન્સ્પેક્ટર જણાવે છે કે, સફાઈ એજન્સી દ્વારા યોગ્ય રીતે કામગીરી ન કરાતી હોય એજન્સીનો કોન્ટ્રાક્ટ રદ કરવા બે એસઆઈ દ્વારા ડે. મ્યુનિ. કમિશનરને ભલામણ કરાઈ હતી. અગાઉ પણ વોર્ડમાં રાઉન્ડ દરમિયાન સફાઈ એજન્સીને નોટિસ અપાઈ હોવાનો એસઆઈ દ્વારા દાવો કરાયો છે. તેવામાં એજન્સીને સજા કરવાના બદલે ખોટી રીતે બંને ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દેવાયા હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. જેના વિરોધમાં આજે તમામ એસઆઈ મ્યુનિ. કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે એજન્સીને છાવરવાનો મ્યુનિ.નો ઈરાદો ખુલો પડે તે પહેલાં ભીનું સંકેલી દેવાયું હતું. બંને એસઆઈના સસ્પેન્શન પાછા ખેંચી લેવાની મૌખિક ખાતરી અપાતા મામલો થાળે પડ્યો હતો.

સૂચનો કે પછી પ્રાથમિક સુવિધા માટેની ફરિયાદો!

અમદાવાદ મ્યુનિ.ના બજેટ માટે ત્રણ દિવસમાં જ બે હજાર સૂચનો

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદ મ્યુનિ. દ્વારા બજેટ ૨૦૨૭-૨૮ માટે લોકો પાસેથી સૂચનો મંગાવાયા હતા. ત્રણ જ દિવસમાં શહેરીજનોએ ૨૦૦૭ સૂચનો મોકલી મ્યુનિ.ના મેઈલ અને લેટર બોક્સ છલકાવી દીધા છે. જેમાં ૫૦ ટકાથી વધુ સૂચનો પ્રાથમિક સુવિધાના હોય આ વાસ્તવમાં સૂચનો નહીં પણ લોકોની ફરિયાદો છે! સૌથી વધુ રોડ, ગટર અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુધારવા માટે ૫૩૬ સૂચનો મળ્યા હતા.

૬૯૫ સૂચનો ફક્ત રોડ, ગટર, વરસાદી પાણી અને લાઈટના : સૌથી વધુ ૭૧૩ ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી

અમદાવાદ મ્યુનિ. દ્વારા આગામી બજેટ માટે ૨૮થી ૩૦ ઓક્ટોબર દરમિયાન શહેરીજનો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા. ત્રણ જ દિવસમાં લોકોએ ૨૦૦૭ સૂચનો મોકલ્યા છે. જે પૈકી ૪૯૫ સૂચનો મેઈલ મારફતે મોકલાયા હતા. જેમાં ૧૦૪૭ સૂચનો તો રસ્તા, પાણી, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટ, સફાઈ, આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ સુધારવા માટેના જ હતા. જેમાં સૌથી વધુ ૫૩૪ સૂચનો રોડ, ગટર અને વરસાદી પાણીનો નિકાલ આ ત્રણ બાબતે હતા.

કયા ઝોનમાંથી કેટલા સૂચનો?

ઝોન	સૂચનો
દક્ષિણ પશ્ચિમ	૭૧૩
દક્ષિણ	૪૧૯
પૂર્વ	૨૮૩
મધ્ય	૭૨
ઉત્તર	૪૦
ઉત્તર પશ્ચિમ	૩૬
પશ્ચિમ	૨૦

જ્યારે સ્ટ્રીટ લાઈટ માટે ૧૫૯ સૂચનો મળ્યા હતા. આ સિવાય ૯૩૩ સૂચનો બગીચા, જીમ, લાયબ્રેરી, રમતગમત મેદાન જેવી મરજિયાત સુવિધાઓના હતા. આમ કુલ ૩૩ વિભાગોને લગતા કામના સૂચનો લોકોએ મોકલ્યા હતા. વાસ્તવમાં આ સૂચનો નહીં, પરંતુ પ્રાથમિક સુવિધા માટે વલખાં મારતા રહીશોની ફરિયાદો હતી. સામાન્ય દિવસોમાં તંત્ર તેમની ફરિયાદો સાંભળતું નથી. ત્યારે લોકોના આ સૂચનો કેટલા ધ્યાને લેવાશે તે આગામી બજેટમાં જ સ્પષ્ટ થશે.

થલતેજમાંથી ગાંજા સાથે ઝડપાયેલા યુવકની તપાસ બાદ

સરખેજમાં બે કિલોથી વધુ ગાંજો, ૫૪ લાખની રોકડ સાથે મહિલા ઝડપાઈ

અમદાવાદ,ગુરૂવાર

શહેરના થલતેજ વિસ્તારમાં બોડકદેવ પોલીસે ગાંજાનું વેચાણ કરતા એક યુવકને ઝડપીને તપાસ કરતા સરખેજ સન્યાસ આશ્રમ પાસે રહેતી સુનિતા રાઠોડ નામની મહિલા પાસેથી તે ગાંજો લાવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે સરખેજ પોલીસની મદદથી ડીસીપી ઝોન-૭ના સ્કવૉડ દ્વારા તપાસ કરવામાં આવતા મહિલાના ઘરે સવા બે કિલો ગાંજાના જથ્થાની સાથે ૫૪ લાખની રોકડ જપ્ત કરી હતી. જેમાં ડ્રગ્સ પેડલર મહિલા સુનિતા રાઠોડને ઝડપીને તેના પતિની શોધખોળ શરૂ કરી છે.

સુનિતા રાઠોડ તેના પતિ દીપક સાથે મળીને અમદાવાદના નાના ડ્રગ્સ સપ્લાયર્સને ગાંજો પૂરો પાડતી હોવાનો ખુલાસો

બોડકદેવ પોલીસને બાતમી મળી હતી કે થલતેજ મલાવ તળાવ અને આસપાસના વિસ્તારમાં રાજુ ભીલ નામનો યુવક ગાંજાનું સ્થાનિક સ્તરે વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસે બુધવારે રાતના સમયે દરોડો પાડીને રાજુ ભીલ પાસેથી ૧૩૧ ગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો. તેની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તે સરખેજ સન્યાસ આશ્રમ નજીક આવેલી વસાહતમાં રહેતી સુનિતા રાઠોડ નામની મહિલા પાસેથી નિયમિત રીતે ગાંજાનો જથ્થો લાવીને સ્થાનિક વિસ્તારમાં ૧૦-૧૦ ગ્રામની પકીડી બનાવીને વેચાણ કરતો હતો. જેના આધારે પોલીસે તે સમયે જ સુનિતા રાઠોડના ઘરે દરોડો પાડ્યો હતો. જેમાં તપાસ દરમિયાન કબાટમાંથી રૂપિયા ૫૪ લાખની રોકડ મળી આવી હતી અને ઘરમાં છુપાવેલો બે કિલો ૧૪૭ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. સુનિતાની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તે તેના પતિ દિપક સાથે મળીને શહેરના નાના ડ્રગ્સ પેડલરને ગાંજો સપ્લાય કરતી હતી અને આ નાણાં ગાંજાના વેચાણથી આવેલા હતા. જો કે દરોડામાં દિપક રાઠોડ મળી આવ્યો નહોતો.

આ અંગે પોલીસ અધિકારીએ જણાવ્યું કે સુનિતા અને દિપક રાઠોડ શહેરમાં જે નાના ડ્રગ્સ પેડલર્સને ગાંજો સપ્લાય કરતા હતા. તે તમામની યાદી તૈયાર કરીને એક એક વિગતો ચકાસવામાં આવશે. સાથેસાથે સુનિતાને ગાંજાનો સપ્લાય કરનાર અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

સુનિતા વિરૂદ્ધ ૪૫ જ્યારે તેના પતિ સામે ૨૦ જેટલા ગુના

સુનિતા રાઠોડ અને તેના પતિ દિપક રાઠોડ ગંભીર ગુનાઈત ઈતિહાસ ધરાવતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. જેમાં વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં બંને વિરૂદ્ધ ૬૫થી વધુ ગુના નોંધાઈ ચુક્યા છે. આ પૈકી ૪૫ ગુના સુનિતા રાઠોડ અને ૨૦ ગુના દિપક રાઠોડ વિરૂદ્ધ નોંધાયા હતા. આ ગુનાઓમાં દારૂનું વેચાણ, મારામારી, ડ્રગ્સનું વેચાણ સહિતનો સમાવેશ થાય છે.

નલિયામાં ૧૭ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન

આજથી તાપમાનમાં ૩ ડિગ્રી જેટલો ઘટાડો થતાં ઠંડી વધશે

અમદાવાદ,ગુરુવાર

ગુજરાતમાં આવતીકાલથી બે દિવસ માટે લઘુતમ તાપમાનનો પારો ૩ ડિગ્રી સુધી ઘટતાં ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં ૨૧.૮ ડિગ્રી તાપમાન : આગામી ૩ દિવસ તાપમાન ૧૭થી ૧૯ વચ્ચે રહેશે

ગત રાત્રિના અમદાવાદમાં ૨૧.૮ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૫.૧ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. અલબત્ત, આવતીકાલથી લઘુતમ તાપમાન ૧૭થી ૧૯ ડિગ્રી વચ્ચે રહે તેવી સંભાવના છે. ૨૮ નવેમ્બર બાદ તાપમાન ૧૬ ડિગ્રીથી નીચે જઈ શકે છે. આજે અમદાવાદમાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૧.૮ ડિગ્રી નોંધાયું હતું.

રાજ્યમાંથી અન્યત્ર નલિયામાં ૧૭, વડોદરા-ડીસામાં ૧૮, રાજકોટમાં ૧૮.૨, ભુજમાં ૧૯.૨, ગાંધીનગરમાં ૧૯.૮, અમરેલીમાં ૨૦.૨, ભાવનગરમાં ૨૦.૬, પોરબંદરમાં ૨૩.૪, સુરતમાં ૨૩.૬ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ગુજરાત એટીએસના અધિકારીઓએ વિંઝોલમાં દરોડો પાડ્યો

ઓએનજીસીની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી કરવાનું કૌભાંડ ઝડપાયું

અમદાવાદ,ગુરૂવાર

ઓએનજીસીની પાઈપલાઈનમાંથી ગેરકાયદે હજારો લીટર ક્રુડ ઓઈલની ચોરી કરીને તેને સગેવગે કરવાના કૌભાંડનો ગુજરાત એટીએસના અધિકારીઓએ પર્દાફાશ કરીને વટવા વિંઝોલ વિસ્તારમાંથી છ આરોપીઓને આઠ હજાર ક્રુડ ઓઈલ, ટેન્કર સહિત ૨૩ લાખની કિંમતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આરોપીઓ કોન્ટ્રાક્ટર અને કર્મચારીની મદદથી પાઈપલાઈનમાંથી ક્રુડ ઓઈલ ચોરીને તેને વિંઝોલ રીંગ રોડ પર આવેલા એક મેદાનમાં લાવીને સગેવગે કરતા હતા. તમામ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મેળવીને એટીએસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીની મદદથી ખેડાના સારસા પાસેથી પસાર થતી પાઈપ લાઈનમાંથી ચોરી થતી હતી: છની અટકાયત

ખેડા જિલ્લાના સારસામાં આવેલા ઓઓનજીસીના ઓઈલના કુવા નંબર ૨૬માંથી પસાર થતી ઓઈલ પાઈપલાઈનમાં પંપની મદદથી ક્રુડ ઓઈલની ચોરી કરીને વિંઝોલ રીંગ રોડ પર આવેલા હેપ્પી ભરવાડના પાર્કિંગમાં ટેન્કરમાંથી સગેવગે કરવામાં આવતી હોવાની બાતમી ગુજરાત એટીએસના ડીવાયએસપી એસ એલ ચૌધરીને મળી હતી. જેના આધારે ગુરૂવારે સવારે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ઓએનજીસીમાં કોન્ટ્રાક્ટ પર ચાલતા ટેન્કરમાંથી ક્રુડ ઓઈલ એક નાના ટેન્કરમાં ખાલી કરવામાં આવતું હતું. પોલીસને ટેન્કરમાંથી આશરે આઠ હજાર લીટર ક્રુડ ઓઈલ મળી આવ્યું હતુ. પોલીસને સ્થળ પરથી ગફ્ફાર રંગરેજ (રહે.હરિયાળીનગર, ફૈઝલ પાર્ક, દાણીલીમડા), મોહસીન રંગરેજ (રહે. ક્લાસીક સન્ની કોમ્પ્લેક્સ, શાહઆલમ), મોહંમદ જાવેદ (રહે.ઈન્દિરાનગર, ચંડોળા તળાવ), ભીખાભાઈ ચૌહાણ (રહે. મહીજ ગામ, ખેડા), રાયસંગ ઠાકોર (રહે. મહીજ ગામ, ખેડા)ની ધરપકડ કરીને તપાસ શરૂ કરી હતી.



જેમાં જાણવા મળ્યું હતું કે આરોપીઓ ભીખાભાઈ અને રાયસંગ ઠાકોર ટેન્કર ચલાવતા હતા અને તેમને ગફ્ફાર રંગરેજ ચોક્કસ રકમ આપતા હતા. આરોપીઓ નિયમિત રીતે હજારો લીટર ક્રુડ ઓઈલ ચોરી કરીને વિંઝોલ લાવીને સ્થાનિક સ્તરે સપ્લાય કરતા હતા. જેમાં અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની કિંમતનું ઓઈલ ચોરી કરીને બારોબાર સગેવગે થયાનું જાણવા મળ્યું હતું. જે અંગે તમામ આરોપીઓના પાંચ દિવસના રિમાન્ડ મેળવીને વધુ તપાસ કરવામાં આવી રહી છે.

હાઈવેની હોટેલ-ઢાબામાં હવે ફૂડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાશે

અમદાવાદ, ગુરુવાર

ગુજરાતના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા 'ઓપરેશન હેલ્થ' ના ભાગરૂપે નેશનલ-રાજ્યના મુખ્ય હાઈવે કોરિડોર પર ધમધમતી હોટેલ-રેસ્ટોરન્ટ્સ-ઢાબાઓનું સઘન ચેકિંગ હાથ ધરાશે. આરોગ્ય વિભાગે વધુમાં ઉમેર્યું છે કે તપાસ દરમિયાન જ્યાં પણ શંકાસ્પદ જણાય ત્યાં ત્વરિત ખાદ્ય ચીજોના સેમ્પલ લેવાશે. જોગવાઈનો ભંગ કરનારા એકમો સામે ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવાથી લઈને લાયસન્સ સસ્પેન્ડ કરવા, કાયમી ધોરણે રદ કરવા સુધીની કાર્યવાહી પણ કરાશે.

ઘાટલોડિયામાં હેલ્થ ક્લબ, થલતેજમાં રેસ્ટોરન્ટ સીલ

અમદાવાદ, ગુરુવાર

માર્ગો પર ગંદકી ફેલાવવા બદલ આજે મ્યુનિ. દ્વારા ઘાટલોડિયાના કે કે નગરમાં આવેલા પ્રાઈમ હેલ્થ ક્લબ અને થલતેજ વોર્ડમાં એસપી રિંગ રોડ પર આવેલ કાઠિયાવાડી રેસ્ટોરન્ટ સીલ કરાયા હતા.

આ દરમિયાન ઉત્તર પશ્ચિમ ઝોનના ૫૦ એકમોની તપાસ કરી ગંદકી ફેલાવવા તેમજ પ્લાસ્ટિક વાપરવા બદલ ૨૫ એકમોને નોટિસ ફટકારી રૂ. ૨૩,૨૦૦ દંડ વસૂલાયો હતો.

કોમનવેલ્થ ગેમ્સના આયોજક શહેરનું સત્ય

અમદાવાદમાં વ્યાયામ શાળાઓનું વેપારીકરણ, ૧૦ ગણી ફીની વસૂલાત

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદમાં રમત-ગમતની બહુ મોટી સુવિધાઓ ઉભી કરાઈ હોવાના દાવા વારંવાર રાજકારણીઓ કરતા હોય છે. સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્કલેવ કે નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્સના નામે જશ ખાટવાની એક પણ તક નેતાઓ ચૂકતા નથી. બીજી તરફ શહેરમાં મ્યુનિ. સંચાલિત વ્યાયામ શાળાઓનું ખાનગી રાહે વ્યાપારીકરણ શરૂ થયું છે.

મ્યુનિ. સંચાલિત જીમની માસિક ફી રૂ.૫૦ જ્યારે પીપીપી ધોરણે ચાલતા જીમની ફી રૂ.૫૦૦થી ૭૦૦

કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ના આયોજક શહેર અમદાવાદને સ્પોર્ટ્સ સિટી બનાવવાની ગુલબાંગો વચ્ચે મળતી વિગતો અનુસાર અમદાવાદ મ્યુનિ.ના અંબુભાઈ પુરાણી વ્યાયામ શાળા હેઠળ શહેરના વિવિધ વિસ્તારમાં ૩૫ જીમનું સંચાલન કરવામાં આવે છે. જેમાં પુરૂષો માટે માસિક રૂ.૫૦ અને મહિલાઓ માટે રૂ.૨૫ ફી નક્કી કરાયેલી છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન ૨૭ હજારથી વધુ સભ્યોએ તેનો લાભ લીધો હતો. હજી ૪ જીમ તો રિનોવેશન હેઠળ છે. બાકી સભ્યોની સંખ્યા ૩૨-૩૩ હજાર સુધી પહોંચે તેમ છે.ખરો ખેલ હવે શરૂ થાય છે, આ જીમ ચલાવવા માટે ખર્ચ થાય છે, સ્ટાફ મળતો નથી, રખરખાવમાં મુશ્કેલી પડે છે,વગેરે જેવા બહાના હેઠળ કેટલાક સમયથી મ્યુનિ. દ્વારા લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા જીમ પીપીપી ધોરણે ચલાવવા આપી દેવામાં આવે છે. ૬ જીમ આવી રીતે કોન્ટ્રાક્ટરોને આપી દેવાયા છે અને ૨ માટે પ્રક્રીયા ચાલે છે. આવા જીમમાં શહેરીજનો પાસેથી વિસ્તાર અને એસી/નોન એસી મુજબ સરેરાશ રૂ.૫૦૦થી ૬૦૦ સુધીની માસિક ફી વસૂલવામાં આવે છે. એટલે કે લોકોના પૈસે ઉભી થયેલી સુવિધાનો લાભ લેવા માટે લોકોએ જ ૧૦થી ૨૦ ગણી ફી ચૂકવવાનો વારો આવ્યો છે. અત્યાર સુધીમાં આવી ઘણી સુવિધાઓ એજન્સીઓને તાસકમાં ધરી દેવાઈ છે.

પીપીપીનો ખેલ : પ્રજાના પૈસે એજન્સીઓને તાગડધિન્ના

* સ્પોર્ટ્સ સંકુલ
* ટેનિસ કોર્ટ
* સ્કેટિંગ રિંક
* જિમ્નેશિયમ
* લાઈબ્રેરી
* જાહેર પાર્કિંગ
* બગીચાઓ
* એએમટીએસ
* બીઆરટીએસ

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા કડીના ગામ મોજે બાવલુની સીમના (એ) રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૫૮૭ (જુના બ્લોક નંબર-૫૫૮) ની ૩૮૯૨ ચોરસમીટર જમીન તથા (બી) રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૬૦૨ (જુના બ્લોક નંબર-૫૭૪) ની ૧૦૯૭ ચોરસમીટર જમીન એમ મળીને કુલે ૪૯૮૯ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) જુહાજી સુરસંગજી ઠાકોર (૨) લીલાબહેન સુરસંગજી ઠાકોર (૩) ગોમતીબેન ખોડાજી ઠાકોર (૪) વિક્રમજી ખોડાજી ઠાકોર તથા (૫) સીતાબેન ખોડાજી ઠાકોરે તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૩૯
તારીખ : ૨૦-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : +૯૧-૭૫૭૩૮૬૧૧૦૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે ભાડજની સીમના બ્લોક નંબર- ૪૬૫ ની કુલ ૭૯૯૩ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૩૦૧ (ભાડજ-હેબતપુર- શીલજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૯૭ ની કુલ ૩૯૯૭ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીનના અગાઉના માલિક અને કબજેદાર રાજ દિનેશભાઈ પટેલ પાસેથી અમારા અસીલ "VARDAYANI DEVELOPER LLP"

૮ (સોલા)ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર-૨૫૨૬૨ થી તારીખ ૧૯-૧૧-૨૦૨૬ ના રોજથી નોંધાયેલ છે અને આ વેચાણ દસ્તાવેજના આધારે ઉપરોક્ત જમીન અમારા અસીલની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૯૮૯૭
તારીખ : ૨૦-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : +૯૧ ૭૫૭૩૮૬૧૧૦૧

જાહેર નોટિસ

મોજે-જાસપુર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-જાસપુર ગામની સીમના બ્લોક નં.૬૪૫ કે જેને સીટી સર્વે વોર્ડ : જાસપુર (બિનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA૬૪૫ પૈકી વિગેરેની બિનખેતીની જમીન ઉપર શીલ્પસ ગ્રીન એગ્રો ઓનર્સ એસોસીએશન (શિલ્પગ્રામ-૧) નામની રહેણાંકીય પ્લોટોની યોજના આવેલ છે. તેમાં આવેલ ખાનગી સબ-પ્લોટ નં. ૩૬-એફ - ૧ ની ચો.મી. ૬૪૯ નેટ પ્લોટ એરીયા તથા ચો.મી. ૩૨૪ ના રોડ-રસ્તા તથા કોમનપ્લોટની વગર વહેચાયેલ હક્કસહિત એમ મળીને કુલ ચો.મી. ૯૭૩ ના ખુલ્લા પ્લોટવાળી મીલકત મહર્ષિ રીયલ્ટીસ - એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ભાગીદારે અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૦-૧૧-૨૦૨૬.
મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે- અચરાસણ

ડિસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે - અચરાસણ ગામની

KAPIVA

સાંધાના દુખાવા અનેક

અસરકારક ઉપાય એક

— KAPIVA ARTHO SURE JUICE —



ખભાનો દુખાવો


પીઠનો દુખાવો


કોણીમાં દુખાવો


પગની ઘૂંટીમાં દુખાવો





12 શક્તિશાળી આયુર્વેદિક ઔષધિઓ:*

✓ જડમાંથી રાહત ✓ સોજામાં ઘટાડો ✓ ઉઠવા - બેસવામાં સરળતા

KAPIVA PAIN RELIEF OIL

1 મહિનામાં** ફરક દુખાવો

પક્ષકારના અધિકાર બાબતે ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો

પૂરતી તક આપ્યા વિના ટ્રાયલ કોર્ટ સાક્ષીની ઉલટતપાસ બંધ કરી શકે નહીં

અમદાવાદ,ગુરૂવાર

ગુજરાત હાઈકોર્ટે એક ચુકાદા મારફતે સ્પષ્ટ કર્યું છે કે, પક્ષકારને પૂરતી તક આપ્યા વિના ટ્રાયલ કોર્ટે સાક્ષીની ઉલટતપાસ કરવાનો તેમનો અધિકાર બંધ કરી શકે નહી. હાઈકોર્ટે અરજદારને પોતાના બચાવ માટે સાક્ષી એવા ડોકટરની વધુ ઉલટતપાસ માટે મંજૂરી આપી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના વલણ પરત્વે નારાજગી વ્યકત કરતાં જણાવ્યું કે, ટ્રાયલ કોર્ટે પક્ષકારને તેના સાક્ષીની ઉલટતપાસ કરવા માટે પૂરતી તક આપવી જોઈતી હતી. આમ, હાઈકોર્ટે પોતાના આદેશ મારફતે સાક્ષીની ઉલટતપાસનો પક્ષકારનો હક્ક ખોલી આપ્યો હતો.

અરજદારને પોતાના બચાવ માટે ડોકટરની વધુ ઉલટતપાસ માટે મંજૂરી, ટ્રાયલ કોર્ટે સાક્ષીને તપાસવા પૂરતી તક આપવા જેવી હતી

હાઈકોર્ટે વધુમા જણાવ્યું કે, ટ્રાયલ કોર્ટે ફરિયાદ પક્ષ અને બચાવ પક્ષ વચ્ચે સંતુલન બનાવવું જોઈતું હતું અને બંને પક્ષોને પોતપોતાના પુરાવા રજૂ કરવા માટે યોગ્ય તક આપવી જોઈતી હતી. પૂરતી તક આપ્યા વિના ટ્રાયલ કોર્ટ પક્ષકારના સાક્ષીની ઉલટતપાસ કરવાનો અધિકાર બંધ કરી શકતી નથી.

અરજદારપક્ષ તરફથી અમદાવાદ ગ્રામ્ય કોર્ટ દ્વારા સાક્ષીની વધુ ઉલટતપાસનો હક બંધ કરી દેવાના વિવાદીત નિર્ણય સામે હાઈકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરવામાં આવી હતી કે, ટ્રાયલ કોર્ટે સુઓમોટો કાર્યવાહીમાં પોસ્ટમોર્ટમ કરનાર ડોકટરની ઉલટતપાસ કરવાનો તેમનો અધિકાર એકાએક બંધ કરી દીધો છે., જે બિલકુલ ગેરકાયદે અને હાઈકોર્ટ તેમ જ સુપ્રીમકોર્ટના ચુકાદાઓની વિરૂધ્ધનો નિર્ણય છે. વળી, જયારે અરજદારના વકીલ સાક્ષી પાસેથી સંબંધિત પ્રશ્નો પૂછી માહિતી રેકર્ડ પર લાવી રહ્યા હતા અને ઉલટતપાસ કરી રહ્યા હતા તેમછતાં ટ્રાયલ કોર્ટે ઉલટતપાસ દરમ્યાન અરજદારનો આ અધિકાર બંધ કરી દીધો હતો.

અરજદારપક્ષ તરફથી અદાલતનું ધ્યાન દોરાયું કે, કોઈપણ પક્ષકાર માટે સાક્ષીની જુબાની કે પોતાના બચાવમાં સાક્ષીની ઉલટતપાસ એ કાયદેસર હક્ક અને અધિકાર છે. પ્રસ્તુત કેસમાં પણ અરજદારને પોતાનો બચાવ સાબિત કરવા માટે સાક્ષીની ઉલટતપાસ કરવા માટેની સાચી તક આપવામાં આવી ન હતી અને આમ કરી, ટ્રાયલ કોર્ટે ન્યાયની પ્રક્રિયામાં ભારોભાર અન્યાય કર્યો છે.

હાઈકોર્ટે જણાવ્યું કે, સાક્ષીની જુબાની આંશિક રીતે નોંધાયેલી હતી અને જ્યારે અરજદારના વકીલ ઉલટતપાસ કરી રહ્યા હતા, ત્યારે ટ્રાયલ કોર્ટે અરજદારના સાક્ષીની ઉલટતપાસ કરવાનો અધિકાર બંધ કરી દીધો હતો અને અરજદારને પૂરતો સમય આપવામાં આવ્યો હતો. જ્યારે અરજદારનો મહત્વપૂર્ણ સાક્ષીની ઉલટતપાસ કરવાનો ટ્રાયલ કોર્ટ દ્વારા અધિકાર બંધ કરી દેવાયો, ત્યારે ઉલટતપાસ કરતી વખતે અરજદારના વકીલે સમય માંગ્યો ન હતો કે કેસ મુલતવી રાખવાની માંગ કરાઈ ન હતી. આમ, ટ્રાયલ કોર્ટના નિર્ણયને હાઈકોર્ટે અયોગ્ય ગણાવતાં જણાવ્યું કે, ટ્રાયલ કોર્ટે અરજદારના વકીલને સાક્ષીની ઉલટતપાસ પૂર્ણ કરવા માટે પૂરતી તક આપવી જોઈતી હતી.

હાઈકોર્ટે અરજદારને સાક્ષીની ઉલટતપાસ કરવાની મંજૂરી આપી, ડોકટરને નક્કી કરેલી તારીખે કોર્ટ સમક્ષ હાજર રાખી ઉલટતપાસ પૂર્ણ કરવા મંજૂરી આપી હતી.

સેન્ટ ઝેવિયર્સમાં હાજરી, પરીક્ષા મુદ્દે યુનિ.ને રજૂઆત

અમદાવાદ,ગુરૂવાર

સેન્ટ ઝેવિયર્સ કોલેજ દ્વારા યુજી કોર્સીસમાં પાંચમા સેમેસ્ટરની પરીક્ષામાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને ૭૫ ટકાથી ઓછી હાજરી મુદ્દે ડીબાર્ડ કરાયા છે ત્યારે આ મુદ્દે એનએસયુઆઈએ આજે ગુજરાત યુનિ.ને લેખિત રજૂઆત કરી હતી અને ઓછી હાજરી મુદ્દે વિદ્યાર્થીઓ પાસેથી પેનલ્ટી લઈને પરીક્ષાની તક આપવા માટે તેમજ દિવાળી વેકશનમાં પરીક્ષાઓ ન લેવા માટે માંગણી કરી હતી.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

વાત વાતમાં

કેવા કેવા ઈન્ટરનેશનલ દિવસો ?!

આજે 'સીઓપીડી ડે' છે ! પૂછો કે આ 'સીઓપીડી' એટલે શું ?

તો ભૈશાબ, શ્વાસ લેવામાં તકલીફ પડતી હોયને ? એ !!

કેવી કેવી બાબતો ઉપરથી ઈન્ટરનેશનલ દિવસોનાં નામો પાડે છે !

* * *

જો એવું જ હોય તો એક 'સ્ટર્નુટેશન ડે' પણ રાખો ! હવે પૂછો કે ભઈ, આ સ્ટર્નુટેશન એટલે શું ? તો સાદી ભાષામાં એને 'છીંક' કહેવાય !

યાને કે એક 'છીંક-ડે' પણ રાખો ને ?'



* * *

એનાથી 'સ્નેજ જ' અઘરું નામ પણ આપડે શોધી રાખ્યું છે !... 'ઓટોસોમલ ડોમિનન્ટ કોમ્પેલિંગ હેલિયો-ઓપ્થેલ્મિક આઉટબર્સ્ટ સિન્ડ્રોમ' !

હવે આ શું છે ? તો ભઈ, સુર્યના તડકામાં જે છીંક આવે છેને, એ !! એનો પણ એક 'દિવસ' રાખો ! (કેમકે 'રાત'નાં નામો પાડવાનો રિવાજ હજી ચાલુ નથી થયો.)

* * *

અચ્છા, શું તમને ખબર છે કે એક આંતરરાષ્ટ્રિય 'ઘુંટણ દિવસ' પણ છે ?

તો અમે કહીએ છીએ કે આંતરરાષ્ટ્રિય 'કોણી દિવસ' કેમ નથી ? (રાજકારણીઓ આ દિવસે સૌને કોણી ઉપર ગોળ લગાડી રહ્યા હોય એવા ફોટા પણ પડાવી શકે.)

* * *

આગળ વધીને પછી એક ઈન્ટરનેશનલ 'સિઆલોરિયા ડે' પણ હોવો જોઈએ ને ? કેમકે 'સિઆલોરિયા'નો સાદો અર્થ થાય છે... 'લાળ પાડવી' !

* * *

આ હિસાબે તો એક 'જીભ દિવસ' પણ હોવો જોઈએ કે નહીં ?

તો બોસ, એ તો છે જ ! એક 'મધર ટંગ' દિવસ છે ! પણ એનાં બોરિંગ ટાઈપના વડીલો અઘરું અઘરું ગુજરાતી ફાડે છે !

પણ બીજો એક 'ટંગ ટ્વિસ્ટર ડે' છે ! જે નવેમ્બર મહિનાના બીજા રવિવારે હતો ! બોલો.

- મન્નુ શેખચલ્લી

રૂપિયા ૬૬ કરોડના (છેલ્લા પાનાનું ચાલુ)

અધિકારીઓ તપાસ કરી કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરશે તેમ કહી ભ્રષ્ટાચારના મામલે હાથ ઉંચા કરી દીદા હતા. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય કિરણસિંહ મકવાણાએ ગુજરાત હાઈકોર્ટમાં પી.આઈ.એલ. દાખલ કરવાની કવાયત હાથ ધરી છે.

બ્રિજ પર પર ભારે વાહનો ચાલે તો છ મહિના પણ નહીં ટકે

વાહનચાલકોને અવરજવરમાં પડતી અગવડતાનું બહાનું આગળ ધરીને આ બ્રિજ હાલ માત્ર ટુ વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો માટે જ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જોકે, હળવા વાહનોના ભારણમાં જ માર્ગ પર મસમોટી તિરાડો પડી જતાં સ્થાનિક રહીશો અને નિયમિત અવરજવર કરતા વાહનચાલકોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. જો માત્ર નાનાં વાહનોની અવરજવરથી જ બ્રિજની આ હાલત થઈ ગઈ હોય, તો આગામી સમયમાં જ્યારે આ માર્ગ પરથી ભારે વાહનો પસાર થશે ત્યારે આ બ્રિજ છ મહિના પણ ટકી શકશે કે કેમ તે મોટો સવાલ છે.

ગાંજો, કોકેઈન (છેલ્લા પાનાનું ચાલુ)

આવી હતી. જે વેબસાઈટ પરની વિગતોને આધારે તપાસ કરવામાં આવી રહી છે. જેમાં નાણાંકીય વ્યવહારની લીંક, વિવિધ ગ્રુપમાં રહેલા મોબાઈલ નંબરને આધારે ડ્રગ્સ માફિયાઓની કડી મેળવવા માટે પણ કામગીરી કરવામાં આવી રહી છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

'સલામત ગુજરાત' ડિજિટલ ઠગોનું આશ્રયસ્થાન બન્યું

૬.૫૩ લાખ પરિવારો બરબાદ થયાં છતાં કૌભાંડીઓને ઉની આંચ ન આવી

અમદાવાદ,ગુરુવાર

લાલચ આપો અને પરસેવાની કમાણી લૂંટી લો, આ મોડસ ઓપરેન્ડી હેઠળ 'SD PAY – અપના પે' મોબાઈલ એપ કૌભાંડે ગુજરાત સહિત દેશભરના ૬,૫૨,૮૩૧ સામાન્ય પરિવારોને આર્થિક રીતે બરબાદ કરી દીધાં છે છતાંય હજુ સુધી કૌભાંડીઓને ઉની આંચ આવી નથી.રૂ. ૧,૨૧૧ કરોડના ડિજિટલ ફ્રોડને લઈને કોંગ્રેસે સમગ્ર પ્રકરણ મુદ્દે સીબીઆઈ તપાસની માંગ કરી છે. વિપક્ષે એવો આક્ષેપ કર્યો છેકે, ગુજરાત આજે ડિજિટલ ઠગોનું આશ્રયસ્થાન બની રહ્યુ છે.

રાષ્ટ્રવાદના નામે રૂ.૧૨૧૧ કરોડનું 'SD PAY- અપના પે' કૌભાંડ, દેશમાં ૧૮ પૈકી ૧૩ પોલીસ ફરિયાદ ગુજરાતમાં

આજે અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી રણદીપસિંહ સુરજેવાલા અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પત્રકાર પરિષદ યોજીને કેન્દ્ર અને રાજ્ય સરકારની ગુનાહિત બેદરકારી સામે સીધો મોરચો માંડ્યો હતો.

વર્ષ ૨૦૨૪માં ધવલ પટેલ અને નરેન્દ્ર સિંહ ઝાલા સહિતની ટોળકીએ ઉત્તર ગુજરાતમાંથી આ લૂંટનું કાવતરું શરૂ કર્યું હતું. ૨૦૨૫માં આ નેટવર્ક રાજ્યના પાટનગર ગાંધીનગર સુધી પહોંચ્યું અને ત્યાંથી સમગ્ર દેશમાં ફેલાયું હતુ. ૧૫ લાખ લોકોએ આ એપ ડાઉનલોડ કરી હતી, જેમાંથી ભોગ બનેલા ૬.૫૩ લાખ લોકોમાં ૭૫ ટકા હિસ્સો તો માત્ર ગુજરાતના નાગરિકોનો છે. વિપક્ષે સવાલ કર્યો છેકે, પાટનગર ગાંધીનગરમાં બેસીને ખુલ્લેઆમ કરોડોની ઉઘરાણી થતી હતી, ત્યારે સરકારી એજન્સીઓ અને પોલીસ તંત્ર કોની રહેમનજર હેઠળ આંખો બંધ કરીને બેઠું હતુ. 'આ મહાઠગ ટોળકી લોકોની મહેનતની કમાણી પડાવી લેવા માટે ક્યારેક પોતાને 'રાષ્ટ્રવાદી પ્રોજેક્ટ' ગણાવતી હતી, તો ક્યારેક સત્તાધીશો અને સરકાર સાથે સીધો ઘરોબો હોવાનો દેખાડો કરતી હતી. સપ્ટેમ્બર ૨૦૨૬માં જ્યારે અમરેલી જિલ્લામાં પીડિતોની ધીરજ ખૂટી અને પોલીસ ફરિયાદ નોંધાઈ, ત્યારે આ આખું કૌભાંડ બહાર આવ્યું હતુ. દેશભરમાં નોંધાયેલી ૧૮ ફરિયાદ માંથી ૧૩ એકલા ગુજરાતમાં હોવું એ સાબિત કરે છે કે ગુજરાતને ડિજિટલ ઠગોનું સુરક્ષિત આશ્રયસ્થાન બની રહ્યુ છે.

આ કૌભાંડના મૂળ સુધી તપાસ કરવામાં આવે, તો લૂંટનો આંકડો રૂ. ૧,૨૧૧ કરોડથી વધીને રૂ. ૩,૦૦૦ કરોડને પાર પહોંચી શકે છે. આજે ૬.૫૩ લાખ પરિવારો પોતાની જીવનભરની બચત માટે દર-દરની ઠોકરો ખાઈ રહ્યા છે, છતાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ભેદી મૌન સેવીને બેઠી છે.

કૌભાંડનો આંકડો ૩ હજાર કરોડને આંબશે, ૨૦૨૪થી કૌભાંડ છતાં સરકારે તમાશો નિહાળ્યો

સરકાર તાત્કાલિક આ ઠગ ટોળકીની મિલકતો જપ્ત કરીને પીડિતોના એક-એક રૂપિયાનો હિસાબ ચૂકવે તેવી કોંગ્રેસે માંગ કરી છે.

ગુજરાત યુનિ.ના નવા કુલપતિને પૂર્વ કુલપતિઓ મળતા તર્ક-વિતર્ક

અમદાવાદ, ગુરુવાર

આમ તો સરકારી યુનિ.માં નવા કુલપતિ આવે ત્યારે સ્વભાવિક રીતે સ્ટાફથી માંડી કોલેજોના આચાર્યો-અધ્યાપકો શુભેચ્છા માટે આવતા હોય છે અને પૂર્વ કુલપતિ પણ આવતા હોય છે .પરંતુ ગુજરાત યુનિ.ના નવા આવેલા કુલપતિ ડૉ.પૃથુલ દેસાઈને પૂર્વ કુલપતિઓના વધામણા મળ્યા ત્યાં તો કેટલાક લોકો માટે વ્યાધી ઉભી થઈ હોય તેમ હવે વિરોધનો સૂર ઉભો થયો છે.થોડા દિવસ પહેલા ત્રણ વર્ષ પહેલાના એક કુલપતિ મળ્યા અને ત્યારબાદ આજે પૂર્વ મહિલા કુલપતિ મળવા આવ્યા હતા.જેઓએ શુભેચ્છાઓ આપી. તો પૂર્વ ઉપકુલપતિ પણ મળી ચુક્યા છે.અગાઉ વણીવાર એવુ પણ બન્યુ છે કે નવા કુલપતિને પૂર્વ કુલપતિ ક્યારેય શુભેચ્છા આપવા આવ્યા નથી પરંતુ હવે નવા કુલપતિ સાથેના કંઈક જુદા સમીકરણો હશે કે અગાઉના બંને કુલપતિ મળવા આવ્યા અને થોડો સમય બેસીને ચર્ચા પણ કરી.હવે ચર્ચા શું થઈ હશે પૂર્વ કુલપતિ સાથે તે તપાસનો અને આવનારા સમયમાં જાહેર થનારા તપાસના પરિણામનો વિષય છે.



જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી) ના વેજલપુર તાલુકાના મોજે ગામ સરખેજની સીમના સર્વે નંબર: ૩૩૯ પૈકી ની સમચોરસમીટર: ૨૭૪ ની જમીન, ૩૪૦ પૈકી ની સમચોરસમીટર: ૧૧૧૫૭ ની જમીન, ૩૪૨ પૈકી ની સમચોરસમીટર: ૬૨૩૫ ની જમીન તથા ૩૪૧ પૈકી ની સમચોરસમીટર: ૪૯૧ ની જમીન એમ મળી કુલ સમચોરસમીટર: ૧૮૧૫૭ ની બીનખેતીની જમીન ઉપર "ORCHID HEAVEN" નાં નામથી ઓળખાતી યોજના આવેલ છે, જેમાં આવેલ ફ્લેટો/યુનીટો પૈકી બ્લોક- ઈ૭ માં સીક્સટીન્થ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ/યુનીટ નંબર: ૧૬૪ (બી.યુ.ના પ્લાન મુજબ ફ્લેટ/યુનીટ નંબર: ૧૬૦૪) ની કુલ સમચોરસફુટ: ૧૭૨૫ યાને કે સમચોરસમીટર: ૧૬૦.૨૬ સુપરબીલ્ટઅપ એરીયા (જેના સમચોરસમીટર: ૮૮.૭૦ તથા વિશિષ્ટ ઉપયોગ માટેનો અન્ય આનુષંગિક વિસ્તાર સમચોરસમીટર: ૩.૨૦ કાર્પેટ એરીયા) ના બાંધકામવાળી મીલકત તથા સદર યોજનાની જમીનમાં વણવહેંચાયેલા હક્ક તથા હિસ્સાની સમચોરસમીટર: ૩૩.૮૨ ની જમીન સહીતની મીલકત અનુરાધા ભદ્રેશ સોનીએ તેઓની કુલ સ્વતંત્ર, માલિકીપણા કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર મીલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર મીલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક-હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત રજી. એ. ડી. થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદર મીલકતનું ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને અમારા અસીલ સદર મીલકત વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ તારીખ: ૧૯/૧૧/૨૦૨૬

વૈભવ કે. સોનપાલ એસોસીએટ્સ
એડવોકેટ્સ
વૈભવભાઈ કનુભાઈ સોનપાલ
એડવોકેટ

૪૧૯/એ, સીલ્વર રેડીયન્સ-૨, એમ્પાયર બીઝનેસ હબની સામે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦. (મો.) ૯૭૩૭૬૭૬૪૫૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જી. ગાંધીનગર, તા.ક્લોલ, મોજે રકનપુરની સીમના રી-સર્વે બાદના બ્લોક નંબર-૧૧૫૭ (એકત્રીત બ્લોક નંબર-૨૯૨, જુના બ્લોક નંબર-૨૯૨, ૨૯૩, ૨૯૪, ૨૯૫ અને ૨૯૬) ૩૦૩૫૧ સમચો.મી. જેનો ક્ષેત્રફળવાળી રહેણાંક હેતુની પરવાનગીવાળી બીનખેતીની જમીન, નો સીટી સર્વે ઓફીસ ક્લોલ વોર્ડ રકનપુર (બીનખેતી) માં સમાવેશ થતા ફાળવેલ સીટી સર્વે નંબર-NA૨૯૨, ૨૯૩, ૨૯૪ ની ૧૨૯૫૦સમચો.મી, સીટી સર્વે નંબર-NA૨૯૫ ની ૮૩૯૭ સમચો.મી તથા સીટી સર્વે નંબર-NA૨૯૬ ની ૯૦૦૪ સમચો.મી એમ કુલ મળીને ૩૦૩૫૧ સમચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ ''સેન્ટોસા ગ્રીનલેન્ડ બંગલો'' નામની યોજનાના યુનીટ નંબર-૪૭ (ફેઝ-ડી) વાળી ૨૫૦.૬૮ સમચો.મી. કારપેટ એરીયા તથા ૧૬૪.૩૮ સમચો.મી. કોમન રોડ, કોમન પ્લોટતથા કોમન ચિલ્ડ્રન પાર્કની વ.વ. હિસ્સાની એમ કુલ મળીને ૪૧૫.૦૬ સમચો.મી. ની જમીન તથા તેના પર આવેલ ૧૫૪.૭૬ સમ ચો.મી. ના બાંધકામના ક્ષેત્રફળવાળી મિલકત (૧) કામીનીબેન મનીષકુમાર શાહ, (૨) અંશ મનીષકુમાર શાહ તથા (૩) આસ્થા મનીષકુમાર શાહની સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની તકરાર રહીતની કોટક મહીન્દ્રા બેંકની ચાલુ લોન હોવાનું જણાવી સદર મિલકત અંગેના તેઓના નામના રાઈટ ટાઈટલ અંગેની ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે, જો સદર મિલકત ઉપર કોટક મહીન્દ્રા બેંક સીવાય અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢીનો કે ઈત્યાદી અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, અધિકાર, વાંધો, તકરાર, ધિરાણ, તારણ, લોન, ઈઝમેન્ટ વિગેરે હોય તો તેની લેખીત જાણ દિન-૭ માં પ્રમાણીત પુરાવા સાથે રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી નીચેના સરનામે કરવી. અન્યથા મુદત વીત્યેથી અમો ટાઈટલ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશુ. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહીં જેની નોંધ લેશો.

તારીખ: ૧૯/૧૧/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

નિરવ આર. કાયસ્થ એન્ડ કુ.
એડ્વોકેટ્સ
નિરવ આર. કાયસ્થ
પાર્થ કે. ભગત,
રાહિન એમ. પટેલ,
રાજ એન. મીરાણી

૨૦૫-૨૦૬, સંસ્કાર કોમ્પલેક્ષ-૧, પોલીટેકનીક રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫, મોબાઈલ નંબર-૯૮૨૫૦ ૫૦૪૦૮

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ) ના તાલુકા અસારવા ના મોજે નિકોલ ની સીમના સર્વે/બ્લોક નં.૩૨૦/૪/અ ની ૧૬૦૭૪ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૦૨ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૩૨/૧+૪૪/૧ ની ૯૫૨૬ ચો.મી. ના ક્ષેત્રફળવાળી મલ્ટીપર્પઝ હેતુની બીનખેતી જમીન બાબુભાઈ નાથાભાઈ, કપીલાબેન બાબુભાઈ નાથાભાઈની પત્ની, વિપુલભાઈ બાબુભાઈ નાઓની પાસેથી તા.૦૫.૧૦.૨૦૨૬ નારોજ અનુક્રમ નં.૨૬૦૦૩ થી POOJA DEVELOPERS એ નામની ભાગીદારી પેઢી એ વેચાણ રાખેલ હોવાથી ઉપરોક્ત જમીન તેઓની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે જીલ્લા : અમદાવાદના તાલુકા : વટવાનાં મોજે : વટવાના (૧) રેવેન્યુ બ્લોક/સર્વે નંબર- ૧૨૬૫ ની કુલ ૩૩૩૦ ચો.મી. જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧૨૮ માં થતા (૧૩૩૨ ચો.મી. ટી.પી.સ્કીમમા કપાતમાં જતા) મળેલ ફાઇનલ પ્લોટ નંબર-૨૫૨/૨ની ૧૯૯૮ ચો.મી. (૧૩૯૮ ચો.મી રહેણાંક હેતુ માટે અને ૬૦૦ ચો.મી. વાણીજ્યક હેતુ) ની બીનખેતીની જમીનની માલીકી મે. આર.આર.ઈન્ફ્રાકોન, નામની ભાગીદારી પેઢી ની માલીકીની અને (૨) રેવેન્યુ બ્લોક/સર્વે નંબર- ૧૨૬૦/૨ ની કુલ ૮૧૨૯ ચો.મી. જમીનનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧૨૮ માં થતા (૩૨૫૨ ચો.મી. ટી.પી.સ્કીમમા કપાતમાં જતા) મળેલ ફાઇનલ પ્લોટ નંબર-૨૪૮/૨ ની ૪૮૭૭ ચો.મી. રહેણાંક હેતુની બીનખેતીની જમીન કે જેની ઉપર '૩૫ એક્ઝોટીકા' નામની રહેણાંક સ્કીમ ઉભી કરવામાં આવેલ છે તેની માલીકી મે. શ્રી રામ ઈન્ફ્રાકોન, નામની ભાગીદારી પેઢી ની માલીકીની સ્વતંત્ર માલિકી, અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ મિલકતો છે. સદરહું મિલકતો ઉપર તેઓએ બેંક ઓફ બરોડામાંથી ધિરાણ મેળવેલ છે.અને તેના તારણમાં સદરહું મિલકત તેઓએ બેંક ઓફ બરોડામાં ગીરો (મોર્ગેજ) માં આપેલ છે અને બેંક ઓફ બરોડાએ આ મોર્ગેજ ચાર્જ અંગેની જાહેર નોટીસ આપવા અમોને જણાવેલ છે. આથી સર્વે શખ્સોને જણાવવાનું કે મજકુર જમીન/મીલકત ઉપર/પરત્વે અન્ય જો કોઈપણ વ્યક્તિ, બેંક, નિગમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીસપેનડન્સ કે ચાર્જ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તેની લેખિત જાણ દસ્તાવેજી આધાર-પુરાવા સહિત રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત મીલકતમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, લીસપેનડન્સ કે અન્ય ચાર્જ નથી અને જો હોય તો તેમણે તેમના તેવા હક્ક/દાવા જતા (waive) કરેલ છે, તેમ ગણીને મુદ્દત વીતે ઉપરોકત મીલકત અંગેનું ટાઈટલ કિલઅરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે દાવા ચાલશે નહીં તે જાણવું.

આઈ. આર. પટેલ લો એસોસીએટસ્
ઈન્દ્રવદન આર. પટેલ, એડવોકેટ

૩૦૧, ચાણકય બિલ્ડીંગ, ટોરેન્ટ હાઉસની બાજુમાં, ઈન્કમ ટેક્ષ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ફોન નંબર - ૦૭૬૬૩૦ ૫૫૦૬૦

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : કમાલબંધ વાસણાની સીમના બ્લોક/સર્વે નંબર : ૧૫૯ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબર : ૧૧૯) ની હે.આરે.ચો.મી. ૦-૫૦-૦૫ વાળી જુની શરતની ખેતીની જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન (૧) અજીતસિંહ ઉદેસિહ ઝાલા (૨) માધાજી શંકરજી ઠાકોરની સંયુક્ત માલીકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી

જામનગરમાં એરફોર્સ-નેવીના વિમાનો-હેલિકોપ્ટરો દ્વારા કૃત્રિમ આપદાના સામનાની દિલધડક કવાયત



જામનગર એરફોર્સ સ્ટેશન ખાતે ભારતીય વાયુસેના દ્વારા ૧૭થી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાયેલી બહુરાષ્ટ્રીય માનવતાવાદી સહાયતા અને આપત્તિ રાહત કવાયત 'સહાયતા સેતુ-૨૦૨૬'નું સમાપન થયું હતું. આ કવાયતમાં ભારતની વિવિધ રાષ્ટ્રીય એજન્સીઓ ઉપરાંત મિત્ર વિદેશી દેશોએ ભાગ લીધો હતો. કવાયતના અંતિમ દિવસે આપત્તિની પરિસ્થિતિમાં જમીન, હવાઈ અને દરિયાઈ માર્ગે હાથ ધરાતી રાહત અને બચાવ કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં એ.એન. ૩૨ વિમાન દ્વારા પેરાશૂટ જમ્પ, જગુઆર વિમાન દ્વારા ચક્રવાત પ્રભાવિત વિસ્તારોનું નિરિક્ષણ, સી-૧૩૦ વિમાન દ્વારા વ્યૂહાત્મક નિરીક્ષણ અને લાઈવ પ્રસારણ, પૂર કે ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાં એમ-૧૭ દ્વારા સેનાની બચાવ અને તબીબી ટીમોનું ઉતરાણ, લો હોવર જમ્પ દ્વારા જવાનોની તહેનાતી, બોમ્બી બકેટ દ્વારા હવાઈ અગ્નિશમન, ચિનૂક હેલિકોપ્ટર દ્વારા કન્ટેનર પહોંચાડવું, બચાવ અને સ્થળાંતરની કામગીરી, ચીતા હેલિકોપ્ટર દ્વારા ઈમારતની છત પરથી લોકોને બચાવવા, ડોર્નિયર વિમાન દ્વારા ડીંગી બોટનું ઉતરાણ, રેસ્ક્યુ રોબોટ અને શ્વાન દ્વારા શોધખોળ, કાટમાળમાંથી લોકોને બચાવવા, કામચલાઉ હેલિપેડ અને પુલનું ઝડપથી નિર્માણ, ઈજાગ્રસ્તોને વ્હિલ્સ પર ઓપરેશન થિયેટર સુધી પહોંચાડવા, દરિયામાં ફસાયેલા લોકોની શોધ, લોજિસ્ટિક ડ્રોન દ્વારા ફિલ્ડ હોસ્પિટલ સુધી સામગ્રી અને રક્ત પહોંચાડવું જેવા તમામ ઓપરેશનની કવાયત ભારે રોમાંચક બની રહી હતી. આ પ્રસંગે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ એન.એસ. રાજા સુબ્રમણિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને 'મહાસાગર'ના વિઝન હેઠળ ભારત ઈન્ડો-પેસિફિક તથા હિંદ મહાસાગર ક્ષેત્રમાં વિશ્વસનીય પ્રથમ પ્રતિભાવક તરીકેની ભૂમિકા નિભાવી રહ્યું છે. (તસવીરઃ ચિરાગ ચોટલીયા)

નેશનલ રેન્કિંગના ધાંધીયા વચ્ચે

સરકારે ગુજરાતની યુનિ.ઓ-કોલેજો માટે ફરી સ્ટેટ રેન્કિંગ સિસ્ટમ શરૂ કરી

અમદાવાદ,ગુરૂવાર

યુનિવર્સિટીઓ અને કોલેજો માટેના નેશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધાંધીયા વચ્ચે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગુજરાતની યુનિ.ઓ અને કોલેજો માટે ફરી સ્ટેટ રેટિંગ-રેન્કિંગ ફ્રેમવર્કની સીસ્ટમ શરૂ કર્યુ છે. છેલ્લે ૨૦૨૩-૨૪માં સ્ટેટ રેટિંગ ફ્રેમવર્કનો રિપોર્ટ જાહેર કરાયા બાદ બે વર્ષથી આ પ્રક્રિયા જ બંધ કરી દેવાઈ હતી પરંતુ હવે ફરીથી શરૂ કરાઈ છે.જેમાં રાજ્યની સરકારી અને ખાનગી સહિતની તમામ કોલેજો અને યુનિ.ઓ પાસેથી અરજીઓ મંગાવાઈ છે.જેની મુદત વધારીને ૧૫ ડિસેમ્બર સુધીની કરાઈ છે.અત્યાર સુધીમાં ૪૪૦ જેટલી સંસ્થાએ અરજી કરી છે.

છેલ્લે ૨૦૨૩-૨૪નું ઈન્સ્ટિ.સ્ટેટ રેટિંગ ફ્રેમવર્ક પરિણામ જાહેર કરાયા બાદ સરકારે રેટિંગ પ્રક્રિયા જ બંધ કરી હતી

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૦૧૬માં શરૂ કરવામા આવેલા નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્કમાં આ વર્ષે હજુ સુધી રિપોર્ટ જ જાહેર કરાયો નથી એટલે કે ગત વર્ષે અરજી કરીને તમામ ડેટા સબમીટ કરનારી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું રેન્કિંગનું પરિણામ જ જાહેર કરવામા આવ્યુ નથી.એટલું જ નહીં આગામી વર્ષ માટેની અરજીઓ મંગાવવાની પ્રક્રિયા પણ હજુ સુધી શરૂ કરવામા આવી નથી. આમ ભારત સરકારના નેશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધાંધીયા વચ્ચે હવે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે રાજ્યની યુનિ.ઓ માટેના સ્ટેટ રેટિંગ ફ્રેમવર્કને ફરીથી શરૂ કર્યુ છે. ભારત સરકારના નેશનલ રેન્કિંગને પગલે રાજ્ય સરકારે ૨૦૧૮માં સપ્ટેમ્બરમાં ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક લોન્ચ કર્યુ હતુ અને રાજ્યની યુનિ.ઓ-કોલેજો પાસેથી અરજીઓ મંગાવી હતી.

ગુજરાતના શિક્ષણ વિભાગના આ સ્ટેટ રેટિંગ ફ્રેમવર્કની પ્રથમ એડિશનનું પરિણામ એટલે કે પ્રથમવારનો રિપોર્ટ ફેબ્રુઆરી ૨૦૧૯માં જાહેર કરાયો હતો.ત્યારબાદ દર વર્ષે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવીને રિપોર્ટ જાહેર કરવામા આવતા હતા. પરંતુ છેલ્લે ડિસેમ્બર ૨૦૨૪માં ૨૦૨૩-૨૪નો સ્ટેટ રેટિંગ રિપોર્ટ જાહેર કરાયા બાદ નવા વર્ષ માટે અરજીઓ જ મંગાવવાનું બંધ કરી દેવાયુ હતું. મળતી માહિતી મુજબ સ્ટેટ રેટિંગ માટે રોકાયેલી ખાનગી એજન્સી સાથેના કોન્ટ્રાક્ટના વિવાદને પગલે આ પ્રક્રિયા બંધ કરાઈ હતી. પરંતુ હવે ફરીથી એ જ એજન્સીને કામ આપીને બે વર્ષ બાદ સ્ટેટ રેટિંગ ફ્રેમવર્કની સીસ્ટમ શરૂ કરાઈ છે.

દસક્રોઈના ભાત, દધીચી બ્રીજ પાસે અકસ્માતમાં બેનાં મોત

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈના ભાત ગામમાં રહેતા ૨૧ વર્ષીય પાર્થ પ્રજાપતિ થોડા દિવસ પહેલા બાઈક પર રાતના સમયે તાજપુર ભાત ગામ રોડ પરથી પસાર થતા હતા ત્યારે ટ્રેક્ટરની ટક્કર લાગતા તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જેમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે અસલાલી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અન્ય બનાવમાં જુના વાડજમાં આવેલા રોહિતવાસમાં રહેતા કાંતીલાલ પરમારને દિવાળીના સમયે એક રીક્ષાચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમનું સારવાર દરમિયાન મોત નીપજતા બી ડીવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

સેટેલાઈટમાં ગ્રાહકોના ડેટા ચોરી લાખોની છેતરપિંડી

અમદાવાદ,ગુરૂવાર

સેટેલાઈટ એસ જી હાઈવે પર આવેલા મોન્ડેટ હાઈટસમાં એક પેટ્રો કેમીકલ કંપની ધરાવતા રોનક સોનેચાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમની કંપનીમાં રીશી દેસાઈ નામનો વ્યક્તિ નોકરી કરતો હતો. જે ગ્રાહકોને ડામર વેચાણનું કામ કરતો હતો. અને તેની સાથે વિજય રાઠોડ નામનો વ્યક્તિ પણ નોકરીમાં જોડાયો હતો. જે લોજીસ્ટીકનું કામકરતો હતો. આશરે પાંચ મહિના પહેલા રીશી દેસાઈએ નોકરી છોડી હતી અને ઈડરમાં તેની માતાના નામે કંપની શરૂ કરી હતી. જેમાં તેણે રોનકભાઈની કંપનીના ગ્રાહકોની યાદી વિજય પાસેથી મેળવીને તેમની સાથે સીધી ડીલ કરીને ડામરનું વેચાણ શરૂ કર્યું હતું. જેના કારણે કંપનીને લાખો રૂપિયાનું નુકશાન થયું હતું. આ અંગે સેટેલાઈટ પોલીસે તપાસ શરૂ કરી છે.

અમદાવાદમાં અનેક ખાનગી સ્કૂલોની ગેરરીતિ સામે આવી

મંજૂરી વિના વર્ગો મુદ્દે બે સ્કૂલને ૧-૧ લાખ દંડ: સ્થળ ફેરફાર મુદ્દે ૯ને નોટિસ

અમદાવાદ,ગુરૂવાર

અમદાવાદ શહેરમાં અનેક ખાનગી સ્કૂલોએ મંજૂરી વિના જ સ્થળ ફેરફારો કરી દીધા હોવાનું ડીઈઓને ધ્યાને આવ્યુ હતું અને જેમાં ડીઈઓએ તપાસ સોંપી હતી.તપાસ મુજબ સ્કૂલોએ સ્થળ ફેરફાર કરી દીધા હોવાનું પુરવાર થતા વધુ ૯ સ્કૂલોને દંડ કેમ ન કરવો તેનો ખુલાસો કરવા અંતિમ તક આપતી નોટિસ ફટકારવામા આવી છે. જ્યારે બે ખાનગી સ્કૂલોને મંજૂરી વિના વર્ગો ચલાવવા મુદ્દે ૧-૧ લાખ રૂપિયાનો દંડ કરવામા આવ્યો છે.

૯ સ્કૂલોને પણ ૧-૧ લાખ દંડ કેમ ન કરવો તે મુદ્દે ખુલાસો કરવા અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા અંતિમ નોટિસ અપાઈ

શહેર ડીઈઓ કચેરીમાં આમ તો વિવિધ એરિયા-વિસ્તાર મુજબ બીટ નક્કી કરીને તેના જુદા જુદા નિરિક્ષકો હોય છે અને જેની જવાબદારી સ્કૂલોના મોનિટરિંગની હોય છે.પરંતુ અમદાવાદ શહેર ડીઈઓ હેઠળ આવતી સ્કૂલોમાંથી અનેક ખાનગી સ્કૂલોએ છેલ્લા કેટલાક સમયમાં મંજૂરી વિના જ સ્થળ ફેરફાર કરી દીધા છે.કેટલીક સ્કૂલે તો અરજી જ કરી ન હતી ત્યારે નિરિક્ષકોને-ડીઈઓ કચેરીને કેમ ખબર જ ન પડી. ૧૦થી૧૨ જેટલી ખાનગી સ્કૂલોએ સ્થળ ફેરફાર કરી દીધા હોવાનું ધ્યાને આવતા અમદાવાદ શહેર ડીઈઓએ એજ્યુકેશન ઈન્સ્પેકટરોને તપાસ સોંપી હતી અને ત્યારબાદ સ્કૂલોને નોટિસ અપાઈ હતી અને રૂબરૂ સુનાવણી રાખવામા આવી હતી.

નિયમ મુજબ આઈરટીઈ હેઠળ કમિટીઓ પણ રચાઈ હતી.સ્થળ ફેરફાર કરાયા હોવાનું પુરવાર થતા હવે ડીઈઓ દ્વારા દંડ કરાશે પરંતુ તે મુજબ નિયમ મુજબ ખુલાસા એક અંતિમ તક આપવા માટે ૯ ખાનગી સ્કૂલોને ૧-૧ લાખ દંડ કેમ ન કરવો તેનો જવાબ રૂબરૂમાં આવી રજૂ કરવા નોટિસ અપાઈ છે.૨૫ નવેમ્બરે સ્કૂલોની અંતિમ સુનાવણી રખાઈ છે.આ ૯ સ્કૂલોમાં ફતેવાડી-સરખેજની લોર્ડ વિશ્વનાથ ઈંગ્લિશ સ્કૂલ, જુહાપુરાની લોર્ડ વિશ્વનાથ સ્કૂલ તેમજ જુહાપુરાની લોર્ડ વિશ્વનાથ ગુજરાતી માધ્યમ સ્કૂલ, સરખેજમાં આવેલી સફળ ઈંગ્લિશ સ્કૂલ તેમજ સફલ વિદ્યાવિહાર અને સફલ હિન્દી માધ્યમ સ્કૂલ તથા ફતેવાડી - જુહાપુરાની સાબરહેમ સ્કૂલ તથા ઘાટલોડિયાની પ્રેમ હિન્દી વિદ્યામંદિર અને કુલદિપ ઈંગ્લિશ મીડિમય સ્કૂલનો સમાવેશ થાય છે.આ ઉપરાંત અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા મણિનગરની ગ્રેસિયસ ઈંગ્લિશ સ્કૂલને મંજૂરી વિના ધો.૧થી૪ના વર્ગો ચાલુ રાખવા માટે ૧ લાખ રૂપિયાનો તેમજ દાણીલીમડાની નોબલ પ્રા.સ્કૂલને મંજૂરી વિના અંગ્રેજી માધ્યમના વર્ગો ચાલુ રાખવા માટે ૧ લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

એરંડાના બીજમાંથી રાઈઝિન ઝેરનો ઉપયોગ કરવાનો હતો

બાયોટેરરિઝમના કાવતરામાં ડૉક્ટર સહિત ત્રણ સામે આરોપો ઘડાયા

અમદાવાદ,ગુરૂવાર

નિર્દોષ લોકો પર સામૂહિક ઝેરનો આંતકવાદી હુમલો કરી રાઈઝીન ઝેર આપવાના જેહાદી બોયો ટેરરિઝમના ખતરનાક ષડયંત્રના કેસમાં પ્રતિબંધિત આંતકવાદી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા હૈદરાબાદ સ્થિત ડો. સૈયદઅહેમદ મોહિઉદ્દીન અબ્દુલ કાદર જીલાની, આઝાદ સુલેમાન સૈફી અને મોહમ્મદ સુહેલ મોહમ્મદ સલીમખાન વિરૂધ્ધ અત્રેની સ્પેશ્યલ એનઆઈઆઈએ કોર્ટમાં ચાર્જ ફ્રેમ કરવામાં આવ્યો છે.

વોઈસ ટેસ્ટ, ISISના ઝંડા સહિતના મહત્ત્વના પુરાવાઓના આધારે NIA કોર્ટે તહોમતનામું ફરમાવ્યું

એનઆઈએ કોર્ટ દ્વારા આરોપીઓના વોઈસ સ્પેકટોગ્રાફી ટેસ્ટ, એનએફએસયુના રિપોર્ટ, આઈએસઆઈએસના ઝંડા બ્લેક કલોથ ફલેગ સહિતના પુરાવાઓના આધારે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું.

હવે આગામી દિવસોમાં આ ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ આ કેસના ટ્રાયલમાં જુબાની સહિતની ન્યાયિક પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આરોપીઓ દ્વારા એરંડાના બીજમાંથી સાયનાઈડ કરતાં વધુ ખતરનાક રાઈઝીન ઝેર બનાવી તેના મારફતે સામૂહિક લોકો પર તેનો પ્રયોગ કરી મોટાપાયે નરસંહાર કરવાનો આંતકવાદી ઈરાદો હતો.

શાક માર્કેટમાં ન બેસતા ફેરિયાના થડા રદ થશે

અમદાવાદની GIDCમાંથી કચરો ઉપાડવા મ્યુનિ. તૈયાર! નીતિ ઘડાશે

અમદાવાદ, ગુરૂવાર

અમદાવાદ શહેરની હદમાં આવેલી છ ઔદ્યોગિક વસાહતોમાં અત્યારે સ્થાનિક અસોસિએશન દ્વારા જ પ્રાથમિક સુવિધાનું સંચાલન કરાય છે. મ્યુનિ. દ્વારા વેરા વસૂલાત કરીને તેની ૭૫ ટકા રકમ જેતે સ્થાનિક અસોસિએશનને આપી દેવામાં આવે છે. પરંતુ હવે જીઆઈડીસી વિસ્તારમાંથી પણ કચરો ઉપાડવાની તૈયારી મ્યુનિ.એ દર્શાવી છે.

આવાસ યોજનામાં બે વર્ષ પહેલાં પણ કમિટી વહીવટ સંભાળી શકશે : સ્થાયી સમિતિનો નિર્ણય

અમદાવાદ મ્યુનિ.ની આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે ચોક્કસ નીતિ ઘડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના વિશે વાત કરતા ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું છે કે, નિયત ચાર્જ વસૂલ કરીને જીઆઈડીસી વિસ્તારમાંથી પણ મ્યુનિ. દ્વારા કચરો એકત્ર કરવામાં આવશે. કયા પ્રકારનો કચરો, કેટલો ચાર્જ, કેવી રીતે એકત્ર કરવો? વગેરે અંગેની સ્પષ્ટતા નવી નીતિમાં નક્કી કરાશે. આ ઉપરાંત શહેરમાં નવી બનેલી શાક માર્કેટોમાં થડાં ફાળવ્યા હોય અને પૈસા ન ભર્યા હોય કે માર્કેટમાં ન બેસતા હોય તેવા ફેરિયાઓની ફાળવણી રદ કરીને અન્ય લોકોને આ થડા ફાળવવા એસ્ટેટ વિભાગને સૂચના આપવામાં આવી હતી. બીજી તરફ પીએમ આવાસ યોજનાના મકાનોમાં બે વર્ષ પહેલાં પણ સ્થાનિક કમિટીને સંચાલનનો વહીવટ સોંપવાનું નક્કી કરાયું છે. અત્યાર સુધી બે વર્ષ માટે એનજીઓને આ વહીવટ સોંપવામાં આવતો હતો.

૮૦ કમ્યુનિટી હોલના પ્રશ્નો ઉકેલવા સૂચના

મ્યુનિ.ના ૮૦થી વધુ કમ્યુનિટી હોલ અને પાર્ટી પ્લોટ હાઉસફૂલ ચાલતા હોય છે. ત્યારે હોલમાં લાઈટ, પંખા, સફાઈ વગેરે જેવી સમસ્યાઓ શોધી એક સપ્તાહમાં રિપોર્ટ રજૂ કરવાની સૂચના મેનેજરોને આપવામાં આવી છે. ત્યાર બાદ સંબંધિત વિભાગોને સૂચના આપી સત્વરે સમારકામ કરી દેવાશે. અત્યાર સુધી લોકોની ફરિયાદો બાદ જ કામ કરાતા હતા. હવે મ્યુનિ. સામેથી પ્રશ્નો જાણીને ઉકેલશે.





નાના વેપારીઓની કઠણાઈ વધારતો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ રદ કરો

ફોન પે-ગૂગલ પેને બિઝનેસનો ૩૦ ટકાથી વધુ હિસ્સો આપી ભીમ એપ સાથે અન્યાય

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,ગુરૂવાર

નાના વેપારીઓના વેપાર-ધંધાનું ગળું ઘૂંટી દેવાની શક્યતા ધરાવતા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ રદ કરી દેવાની માગણી વેપારીઆલમ કરી રહી છે. આમ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના યુપીઆઈ-યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ-એમડીઆરને લગતા ૧૧ નવેમ્બર, ૨૦૨૬ના પરિપત્ર સામે વેપારી આલમનો વિરોધ વધી રહ્યો છે. અમદાવાદ ચેમ્બર ઓફ કોમર્સ વેલ્ફેર ફાઉન્ડેશને ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રી કાર્યાલયને લખેલા પત્રમાં આરોપ લગાવ્યો છે કે નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ એક પેમેન્ટ એપને ૩૦ ટકાથી વધુ બિઝનેસ ન આપવાનો કાયદાકીય જોગવાઈ હોવા છતાંય ગૂગલ પેને ૩૫ ટકા અને ફોન પેને ૪૭ ટકા બિઝનેસ કરવાની છૂટ આપીને ભીમ જેવા પોતાના દેશની પેમેન્ટ એપને વધુ વિકસવાનો અવકાશ આપી રહી નથી.

આત્મનિર્ભર ભારતના નામે નાના ધંધાર્થીઓને ખંખેરવાના પ્રયાસનો વિરોધમાં વેપારી સંગઠનોએ પ્રધાનમંત્રીને પત્ર લખ્યો

એનપીસીઆઈના ૫ નવેમ્બર, ૨૦૨૦ના પરિપત્ર મુજબ કોઈપણ થર્ડ-પાર્ટી એપનો કુલ બિઝનેસમાંથી ૩૦ ટકાથી વધુ બજાર હિસ્સો એક કંપનીના હિસ્સામાં ન રહે તેવો નિયમ છે. છતાં ફોન પે ૪૭ ટકા અને ગૂગલ પે ૩૫ ટકા હિસ્સા સાથે કુલ ૮૨ ટકા બજાર પર કબજો જમાવીને બેઠા છે. જાન્યુઆરી ૨૦૨૩થી ચાલી આવતા આ સ્પષ્ટ ઉલ્લંઘન સામે કડક કાર્યવાહી કરવાને બદલે અમલીકરણની સમયમર્યાદા ત્રણ-ત્રણ વખત લંબાવીને છ ક ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી કરી દેવામાં આવી છે, જે નિયમોની મજાક સમાન છે.

શ્રી અમદાવાદ વેપારી મહાસંગઠનનું કહેવું છે કે વેપારીઓએ ૧૦૦ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ-એમડીઆર ચૂકવવો પડશે. તેમાંથી ૯૫ ટકા રકમ બેંકો અને થર્ડ પાર્ટી એપ્લિકેશન પ્રોવાઈડર્સના ખિસ્સામાં જશે. તેમાંથી વેપારીને માત્ર ૫ ટકા રકમ સહાય રૂપે પાછી મળશે. આ જોગવાઈને વેપારીઓની મદદ નહીં, પરંતુ દાન કે ભીખ જેવી ગણાવીને ફગાવી દીધી છે. ગૂગલ પે અને ફોન પેને મોનોપોલી ઊભી કરી આપીને મનફાવે તેવા ચાર્જ લેવાની તક ઊભી કરી આપી રહી છે. બેંક અને થર્ડ પાર્ટી એપના હિસ્સામાં જશે અને વેપારીને માત્ર રૂ. ૫૦ જ પરત મળશે. નાના નફાના માર્જિન પર કામ કરતા વેપારીઓ માટે આ વ્યવસ્થા બોજરૂપ હોવાનું સંગઠનનું કહેવું છે. તેથી જ

અમદાવાદના વેપારીઓની મુખ્ય માંગણીઓ

૧. વેપારીઓ પર નાખવામાં આવતું મર્ચન્ટ ડિસ્કાન્ટરેટ તાત્કાલિક અને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવે.
૨. એક એપ ૩૦ ટકાથી વધુ બજાર હિસ્સો કેપ્ચર ન કરી શકે તેવી કાનૂની મર્યાદાનું કડક અમલી કરો.
૩. એમડીઆરની કુલ રકમમાંથી માત્ર ૫ ટકા વેપારીઓને પરત ફાળવવાની યોજના રદ કરીને નાના વેપારીઓ માટે નક્કર સપોર્ટ પોલિસી ઘડવામાં આવે.
૪. સ્વદેશી ભીમ એપને રાષ્ટ્રીય ડિફોલ્ટ એપ તરીકે સ્થાપિત કરીને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે.

દરેક ટ્રાન્ઝેક્શન કરવા માટે લેવાતા ચાર્જમાંથી ૯૫ ટકા ચાર્જ તો આ બે કંપનીઓ જ લઈ લે છે. આ સ્થિતિમાં કોઈ વેપારી પર રૂ. ૧૦૦૦ નો મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો બોજ આવે છે, તો તેમાંથી રૂ. ૯૫૦ ગુજરાતમાં ૬૦૦થી વધુ વેપારી સંગઠનો એટલે કે અમદાવાદના રિલીફ રોડના, ઓટોમોબાઈલ, મોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, કાપડ અને જ્વેલરી ક્ષેત્રના વેપારી સંગઠનોનો વિરોધ કરી રહ્યા છે.





આજનુ પંચાંગ

તા.૨૦/૧૧/૨૦૨૬,શુક્રવાર



ભાગીતિથિ

દિવસના ચોઘડિયા : ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિના ચોઘડિયા : રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૫૮ મિ. **સૂર્યાસ્ત :** ૧૭ ક. ૫૩ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૪૬ મિ. **જન્મરાશિ :** મીન (દ.ચ.ઝ.થ) રાશિ આવે.
નક્ષત્ર : ઉત્તરાભાદ્રપદ ૩૦ ક. ૫૧ મિ. સુધી રેવતી નક્ષત્ર આવે.
ગોચર ગ્રહ : સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-કન્યા (વ), શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મીન, હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર **રાહુકાળ :** ૧૦.૩૦ થી ૧૨.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩, દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૨૯ વ્રજ માસ : કાર્તિક-૨૬
માસ-તિથિ-વાર : કારતક સુદ દસમ
- પ્રબોધિની એકાદશી (સ્મા.) - ભીષ્મપંચક વ્રતારંભ - ભાગીતિથિ
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદી ઉલ આખર માસનો ૧૦ મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો ૮ મો રોજ દેપઆદર

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : રાજકીય-સરકારી કામકાજમાં, ખાતાકીય કામમાં આપે સાવધાની રાખવી પડે. મોસાળપક્ષે-સાસરીપક્ષે ચિંતા-ખર્ચ જણાય.

વૃષભ : આપે ધંધામાં ધ્યાન રાખવું પડે. ઉતાવળમાં આવી જઈને કોઈ નિર્ણય કરવા નહીં. વાણીની સંયમતા રાખવી.

મિથુન : આપના કાર્યમાં વ્યસ્ત રહેવાનો પ્રયાસ કરો પરંતુ કામમાં રૂકાવટ જણાય. દોડધામ-શ્રમમાં વધારો થાય.

કર્ક : દેશ-પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં આપે સંભાળવું પડે. નોકર-ચાકરવર્ગની તકલીફ જણાય.

સિંહ : આપે તન-મન-ધનથી-વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કૌટુંબિક-પારિવારીક પ્રશ્ને ચિંતા જણાય.

કન્યા : આપના અગત્યના કામકાજમાં અન્ય કોઈના ભરોસે રહેવું નહીં. ઇચ્છિત વ્યક્તિ સાથે વાદ-વિવાદથી સંભાળવું પડે.

તુલા : આપના કામમાં હરિફવર્ગ-ઈર્ષ્યા કરનારવર્ગ કોઈને કોઈ મુશ્કેલી ઉભી કરે કોર્ટ-કચેરીના કામમાં ધ્યાન રાખવું.

વૃશ્ચિક : સંતાનના પ્રશ્ને આપને ચિંતા-ઉચાટ-દોડધામ જણાય. મહત્વના નિર્ણય લેવામાં ઉતાવળ કરવી નહીં. સીઝનલ ધંધામાં ધ્યાન રાખવું.

ધન : આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. જમીન-મકાન-વાહનના કામમાં આપને પ્રતિકૂળતા રહે. ખર્ચ જણાય.

મકર : ભાઈભાંડુવર્ગ સાથે, અડોશ-પડોશમાં વાદ-વિવાદથી આપે સંભાળવું પડે. યશ-પદ-ધનને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી.

કુંભ : બેંકના, વીમા કંપનીના, શેરોના કામકાજમાં આપે સાવધાની રાખવી પડે. સામાજિક-વ્યવહારિક કામમાં મુશ્કેલી અનુભવાય.

મીન : આપના ગણત્રી-ધારણા અવળાં પડતાં ઉચાટ-ઉદ્વેગ રહે. અગત્યના કામકાજ અંગેના મિલન-મુલાકાત મુલતવી રાખવા.


જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૦/૧૧/૨૦૨૬,શુક્રવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સાનુકૂળતાવાળું રહે. **નોકરી-ધંધો :** નોકરી-ધંધામાં આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. પુત્ર ઉંમરના સંતાન આપને મદદરૂપ થવાના પ્રયાસ કરે. મહત્વના નિર્ણય લઈ શકાય. પરંતુ વર્ષ દરમ્યાન આપના કાર્યભાર-દોડધામ-શ્રમમાં વધારો જણાય. **નાણાંકીય સુખાકારી :** નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ ગત વર્ષ કરતાં થોડું સારું રહે. આકસ્મિક ખર્ચાઓ ઓછા થતાં જાય. તેમ છતાં આપે વર્ષ દરમ્યાન નાણાંકીય આયોજન સાવચેતીપૂર્વક કરવું પડે.

એરાઝિક ધ વર્ડસ

- [illegible]




મંત્રમુગ્ધ

- ''માણસની યાદદાસ્ત ક્યારેય નિષ્પક્ષ હોતી નથી ! આપણે માત્ર એ જ યાદ રાખીએ છીએ જે આપણી ઈચ્છાઓને અનુકૂળ હોય છે, બાકીનું બધું આપણી સ્મૃતિ પોતાની સગવડતા મુજબ ભૂંસી નાખે છે.''
  - અંગ્રેજી સાહિત્યના જાણીતા ભારતીય લેખક રસ્કિન બોન્ડ
- ''સમાજની સૌથી મોટી ગેરસમજ એટલે 'દેખાદેખીની વૃત્તિ'. જે સાધારણ મધ્યમવર્ગીય પરિવાર પાસે અસાધારણ ખર્ચાઓ કરાવીને, તેને જીવનભર માટે કરજદાર બનાવી દે છે અને તેની રોજિંદી હાલતને અત્યંત દયનીય બનાવી દે છે.''
  - જ્ઞાનર્ષી મુનિશ્રી જિનાગમરત્નવિજયજી
- ''મૃત્યુ એ પૂર્ણવિરામ નથી, પણ નવો અધ્યાય છે ! જેમ વસ્ત્ર બદલાય એમ આત્મા પણ એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પ્રયાણ કરે છે; મોત માત્ર દેહનો અંત છે, અમર ચેતનાનો નહીં.''
  - શ્રી અરવિંદ આશ્રમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમાતાજી
- ''જ્યારે સ્ત્રીનું અંતઃકરણ પવિત્રતાથી છલોછલ થઈ જાય છે, ત્યારે આ સમગ્ર સંસારમાં તેનાથી વધુ કોમળ અને નાજુક અસ્તિત્વ ધરાવનારું બીજું કંઈ જ હોતું નથી.''
  - જર્મનીના પ્રસિધ્ધ કવિ અને દાર્શનિક ફેડરિક શિલર
- ફેરવે છે ભીત્તરે ચરખો નિરંતર, શબ્દનો -
  કોણ રોજેરોજ ગઝલના વસ્ત્ર વણતું જાય છે ?!
  - યોગેશ પંડ્યા

સંકલન : russhabhshahgs@gmail.com





જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે ગામ સોનીપુરની સીમનાં જૂનો બ્લોક નં.૨૨૮-અ કે જેનો નવો બ્લોક નં.૨૬૧ ની ૨૭૩૨ ચો.મી. વાળી જુની શરતની ખેતી જમીનના માલીક કબજેદાર રઘુજી લીલાજી ઠાકોર વિગેરેની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની કોઈપણ જાતના બોજા વગરની હોવાનુ જણાવી અમારા અસીલે વેચાણ લેવાનુ નકકી કરી અમો પાસેથી સદરહુ જમીનનું ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન સંબંધે કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક દાવો, હીત સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીનો હક્ક પોષાતો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તેવા હક્ક દાવા સંબંધેના લેખીત વાંધા પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે મોકલી આપવા. જો કોઈપણ ઈસમના કોઈપણ પ્રકારના વાંધા તકરાર પુરાવા સહીત દિન-૭ (સાત) માં મળશે નહીં તો સદરહુ જમીનમાં કોઈપણ ઈસમનો કોઈપણ પ્રકારનો લાગભાગ,હક્ક દાવો, હીત, સંબંધ સુખાધિકાર તેમજ ખોરાકી પોષાકીના હક્ક પોષાતો નથી અને હોય તો તે જતા યાને વેઇવ કરેલ છે તેમ સમજી સદરહુ જમીન સંબંધે ટાઈટલ કલીયર અને માકેટેબલ હોવાનું સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે તેની સર્વે સખ્શોએ નોંધ લેવી.
તારીખ :- ૧૮/૧૧/૨૦૨૬
ગાંધીનગર
કમલેશ બી. પટેલ એડવોકેટ
ઓફીસ નં. ૫૦૩, પાંચમો માળ, પ્લોટ નં.૨, શાલીન સેન્ટ્રમ, એચ.પી.પેટ્રોલ પંપની પાછળ, સે-૧૧, ગાંધીનગર. મો. ૯૮૨૪૪૩૦૭૫૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧(અસલાલી)ના તાલુકા વટવાના ગામ મોજે હાથીજણની સીમના બ્લોક નંબર-૨૮૪ ની ૮૩૯૭ ચોરસમીટર જમીનનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નંબર-૭૬ માં સમાવેશ થતા કપાત કરેલ ૩૩૫૯ ચોરસમીટર જમીનને બ્લોક નંબર-૨૮૪ ફાળવેલ અને ટી.પી. સ્કીમ મુજબ આપેલ ફાઇનલ પ્લોટ નંબર-૬૦ ની જમીનને બ્લોક નંબર-૨૮૪/પૈકીર ફાળવેલ અને તેનું ક્ષેત્રફળ ૫૦૩૮ચોરસમીટર નક્કી કરવામાં આવેલ તે મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીનના માલિક અને કબજેદાર અલ્કેશભાઈ ગુલાબચંદ અગ્રવાલ પાસેથી સદરહુ જમીન"KRUSHNAYAN REALTY LLP" એ વેચાણ દસ્તાવેજ નંબર-૨૬૩૩૭થી તારીખ-૧૯/૧૧/૨૦૨૬ના રોજ વેચાણ રાખેલ છે તે આધારે સદરહુ જમીન ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.
તારીખ-૧૯/૧૧/૨૦૨૬
કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : કમાલબંધ વાસણાની સીમના બ્લોક/સર્વે : નંબર : ૫૨૮ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબર : ૪૮૧) ની હે.આરે.ચો.મી. ૦-૪૯-૨૬ વાળી જુની શરતની ખેતીની જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન ભીખાજી ગલાબજી ઠાકોરની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન- ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.
ભક્તિ એસોસીએટ્સ,
હાર્દિક બી. સુવાગીયા, એડવોકેટ
મોબાઈલ : ૯૭૧૪૦૪૦૦૩૬
ઓફિસ: ૨૦૪, સંકલ્પઆઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

જાહેર નોટિસ

આથી અમારા અસીલની સુચનાથી જાહેર જનતાને જણાવવાનું કે... જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના તા. સાબરમતીના મોજેગામ પાલડીના ટી.પી. સ્કીમ નં. ૬ ના ફાયનલ પ્લોટ નં. ૧૬૪+૧૬૫ પૈકી સબ પ્લોટ નં. ૧ ની ૩૮૫ ચો.મી. જમીન ઉપર બાંધવામાં આવેલ આસોપાલવ એપાર્ટમેન્ટ નામની સ્કીમમાં આવેલ નીચે જણાવેલ ફલેટ તથા તેની સામે દર્શાવેલ નામ વાળી મિલકત તથા જમીનમાં વગર વહેચાયેલો વરાડે પડતો હકકો સહીતની મિલકત. (૧) ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૧, પરાગ કુમુદચંદ્ર ઝવેરી (૨) ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૨, વિરેન કાંતિલાલ મહેતા (૩) ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૩, રાજેન્દ્ર આર. શુકલા તથા શોભનાબેન તે જયંતભાઈ વ્યાસની પત્ની તે રમેશચંદ્ર શુકલાના દીકરી (૪) ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૪, લીશા વિરેન શાહ (૫) સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૫, પરેન કિર્તીભાઈ શાહ તથા નિરેન કિર્તીભાઈ શાહ. (૬) સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૬, નિરેન કિર્તીભાઈ શાહ તથા જીગીશા નિરેન શાહ. એ રીતે ઉપર વાળી મિકલતો તમામની માલીકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજા રહીતની આવેલ હોવાનુ જણાવી મજકુર મિલકતના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના ટાઈટલ ક્લીયરન્સ અભિપ્રાયની માંગણી તેઓએ અમારી પાસે કરેલ છે. તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હિતસંબંધ, એલોટમેન્ટ રાઈટ, ગીરો, બોજો, અલાખો, ભાડુઆત હક્ક આવેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નીચેના સરનામે તમામ પ્રકારના પુરાવા સહિત રજી.એ.ડી. થી જાણ કરવી જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હિતસંબંધ, એલોટમેન્ટ રાઈટ, ગીરો, બોજો, અલાખો, ભાડુઆત હક્કે કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તેવા તમામ હક્કો જતા (વેવ) કરેલ છે. તેમ સમજી મુદત વિતેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.
તા. ૨૦/૧૧/૨૦૨૬.
અમદાવાદ
ડીમ્પી પ્રકાશ શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ (એડવોકેટ)
પ્રકાશ સી. શાહ એન્ડ કું.
૫૦૨,૫૦૩, પાંચમો માળ, પી.વી. એન્કલેવ, બજરંગ/શીલ્પ ચાર રસ્તા થી રાજપથ રંગોલી રોડ, સીંધુભવન રોડની પાસે, બોડકદેવ,
અમદાવાદ-૩૮૦૦૫૪.
મો.નં. ૯૮૨૪૨ ૧૩૩૩૨.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કલોલનાં મોજે ગામ વાયણાની સીમનાં ખાતા નં.૩૮૪ ની (૧) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૨૯૮ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૬૯૫) વાળી હે.આરે.ચો.મી. : ૦-૧૩-૬૩ ખેતરની ખેતીની જમીન, (૨) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૨૯૯ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૬૯૪) વાળી હે.આરે.ચો.મી. : ૦-૧૧-૮૪ ખેતરની ખેતીની જમીન તથા (૩) રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૩૦૦ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૬૯૩) વાળી હે.આરે.ચો.મી. ૦-૧૨-૬૩ ખેતરની ખેતીની જમીન, એ રીતેની ઉપરોક્ત જમીનો (૧) લક્ષ્મીબેન વાઘાજી ઠાકોર તથા (૨) વિષ્ણુજી વાઘાજી ઠાકોરએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીનો પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીનો પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનોનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.
તા.૨૦/૧૧/૨૦૨૬ અમદાવાદ
મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસ : ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી'' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૩૨૮૨૮ / ૪૦૦૩૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી)ના તાલુકા-વેજલપુરના મોજે ગામ-જોધપુરની સીમના સર્વે/બ્લોક નંબર-૪૩૫(જૂનો વેજલપુરનો સર્વે/બ્લોક નંબર ૧૧૦૯)ને ફાળવેલ ટી.પી.સ્કીમ નંબર-૬(પાલડી)ના ફાઈનલ પ્લોટ નંબર ૨૦૩+૨૧૦+૨૧૨ પૈકીની બિન ખેતીની જમીનમાં આવેલ ''સત્યાગ્રહ છાવણી કો-ઓ.હા. સોસાયટી લિ.'' ના સેક્ટર નં.૬માં આવેલ લેન નં. ૧૦, બંગલો નં. ૨૦૩, પ્લોટ નં. ૮ પૈકી સબ-પ્લોટ નં. ૮/એ, ક્ષેત્રફળ ૫૦૦ ચો.વા. યાને કે ૪૧૮.૦૬૦ ચો.મી.ના પ્લોટ એરિયામાં ૩૬૯.૩૪ ચો.મી.ના બાંધકામવાળી મિલકત કાંતિભાઈ ટપુભાઈ સાવલીયાના સ્વતંત્ર નામે આવેલ તેમજ તમામ બોજાઓ રહિત હોવાનુ જણાવી તે મિલકત અમારા અસીલ ખરીદ કરવા માંગે છે તેથી અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આથી મજકુર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ યાને હક્ક, હિસ્સો, દાવો, અલાખો, બાનાખત. બોજો, ગીરો કે હિત પોખાતો હોય તો અમોને દિન-૧૦(દસ)માં લેખિત દસ્તાવેજ પુરાવા સહિત નીચેના સરનામે જાણ કરવી. અને તેમ કરવામાં નહિ આવે તો સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક-હિસ્સો રહેલો નથી અને હોય તો જતો(વેવ) કરેલ છે. તેમ સમજી સદરહું મિલકતનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.
તારીખ-૨૦/૧૧/૨૦૨૬
સ્થળ:- અમદાવાદ
સીટી લો એસોસીએટસ
જી.કે. સાવલીયા, એડવોકેટ
મોબાઈલ નં. ૯૯૨૫૧૦૦૨૭૫
ઈ-૩૮૮, સોબો સેન્ટર, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ઈન્દ્રવદન રસીકલાલ ગાંધી રહેવાસી : અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબડિસ્ટ્રીકટ અમદાવાદ-૪(પાલડી)ના તાલુકા સાબરમતીના મોજે : પાલડીની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર- ૨૧ ના ફાઈનલ પ્લોટ નંબર-૫૫૮ ના (રેવન્યુ સર્વે નંબર-૩૪, ૧૮૪+૧૮૫) ની બિનખેતીની જમીન ઉપર શ્રી કામેશ્વરકુંજ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી દ્વારા બાંધવામાં આવેલ ''કામેશ્વરકુંજ ફલેટ''નામથી ઓળખાતી સ્કીમમા ફર્સ્ટ ફલોર ઉપર આવેલ નંબર-૧૦૧ ની આશરે ૮૯.૩૪ ચોરસમીટર બિલ્ટ અપ એરીયાના બાંધકામવાળી મિલકત, સોસાયટીની જમીનમા વગર વહેંચાયેલ વરાડે પડતા ૩૭.૭૦ ચોરસમીટર જમીનના હક્કો તથા સદરહુ સોસાયટીના શેર સર્ટીફીકેટના હક્કો, સભ્યપદના હક્કો તથા સોસાયટીની સહવપરાશની ચીજવસ્તુઓમાંનો વગર વહેંચાયેલા વરાડે પડતા વપરાશી હક્કો સહિતની મિલકત તેમની સંપૂર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનુ જણાવી ઉપરોક્ત મિલકત અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે તથા અમારા અસીલએ ઉપરોક્ત મિલકત અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ની અમારી પાસે માંગણી કરેલી છે. તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા, પેઢી કે અન્ય ત્રાહિતનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, બાનાખતના હક્કો, ઈઝમેન્ટ રાઈટ્સ કે અન્ય કોઈ હક્કો પોષાતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા તે અંગેના પુરાવા સહિત (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમા લેવામા આવશે નહી) લેખિત જાણ સ્પીડ પોસ્ટ/પત્ર દ્વારા નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા કસુર થયેથી ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા, પેઢી કે અન્ય ત્રાહિતનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, બાનાખતના હક્કો,ઈઝમેન્ટ રાઈટ્સ કે અન્ય કોઈ હક્કો પોષાતા નથી અને હોય, તો તે જતા (waive) કરેલ છે. એમ માની ઉપરોક્ત જમીનનુ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામા આવશે તથા અમારા અસીલની તરફેણમા વેચાણની કાર્યવાહી પૂર્ણ કરવામા આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર માન્ય ગણવામા આવશે નહિ. જેની નોંધ લેશો.
તારીખ ૧૯-૧૧-૨૦૨૬.
આરતી વી. ભટ્ટ એડવોકેટ,
એ. વી. ભટ્ટ એન્ડ કંપની,
એડવોકેટસ,
આઈ-૩૦૬, આઈ-૩૦૭, ટાઈટેનીયમ સીટી સેન્ટર મોલ, સચીન ટાવર પાસે, ૧૦૦ ફુટ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો.: ૯૮૯૮૯૫૪૦૫૫

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી)ના તાલુકા વેજલપુર ના મોજે- જોધપુરની સીમનાં સર્વે નંબર-૧૯૭ પૈકી, ૧૯૮ પૈકી, ૧૯૯, ૨૦૦ (જુના વેજલપુર સર્વે નંબર-૨૯૨, ૨૯૩, ૨૯૪ તથા ૨૯૫), ટી.પી. સ્કીમ નંબર-૫ (વેજલપુર), ફાઈનલ પ્લોટ નંબર-૮૭, ૮૮, ૮૯, ૯૦/૧ ની જમીન ઉપર "વેજલપુર મયુરપંખ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લીમીટેડ" આવેલ છે, તેમાં આવેલ સબ પ્લોટ/બંગલા નંબર-૨૫, જેનું ક્ષેત્રફળ:- પ્લોટનું ૩૫૦.૯૮ સ.ચો.મી. યાને ૪૧૯.૭૭ સ.ચો.વાર ખુલ્લા પ્લોટ વાળી મિલકત તથા સોસાયટીના સભ્ય તરીકેના હક્કો સહિતની મિલકત પંજ ભોગીલાલ ચોવટિયાની માલીકી તથા કબજા ભોગવટા વાળી તથા બોજા રહિત આવેલી હાવાનું જણાવી તે માટેના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી અમો પાસે કરેલ છે. "વેજલપુર મયુરપંખ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લીમીટેડ" એ પંકજ ભોગીલાલ ચોવટિયાને શેર સર્ટીફીકેટ નંબર-૦૧૨, તારીખ:-૦૨/૦૧/૧૯૮૬ ના રોજ ઈસ્યુ કરેલ છે જે શેર સર્ટીફીકેટ ખોવાયેલ હોવાથી સદર સોસાયટીએ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે. મજકુર મિલકતમાં કે મિલકત પ્રત્યે જો અન્ય કોઈ શખ્સ સંસ્થાના કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક, હીત, હીસ્સો, દર-દાવો, વારસાઈ હકક, અલાખો, બોજો, ભાડુઆત હકક, ચાર્જ વિગેરે હોય તો તેઓએ આ નાટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭(સાત) માં દસ્તાવેજ પુરાવા સહીત લેખીતમાં અમોને રજી.એડી. થી નીચેના સરનામે જાણ કરવી જો તેમ કરવામાં નહીં આવે તે સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ પ્રકારનો વાંધા તકરાર નથી અને જો હાય તો તે તમામ વાંધાઓ રાજીખુશીથી (WAIVE) કરેલ છે. તેમ સમજી મજકુર મિલકતના ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે અને તેનો દસ્તાવેજ અમારા અસીલની તરફેણમાં નોંધાવીને વેચાણની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેની નોંધ લેશોજી ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.
તા:-૨૦/૧૧/૨૦૨૬
JITENDRA N. BHAVSAR
ADVOCATE
M: 9426639441
office: B-20, Alok Appartment, Nr. Lotus School, Jodhpur, Satelllte, Ahmedabad-380015.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ)નાં તાલુકા ઘાટલોડીયાનાં મોજે શીલજની સીમનાં (૧) બ્લોક નં.૧૪૭૩/અ/૧ (ખાતા નં.૨

સતત ૧૬ મહિના સુધી વેચવાલ રહ્યા બાદ નવેમ્બરમાં એફપીઆઈની સતત લેવાલી

FPIની રૂ.એક લાખ કરોડથી વધુની ખરીદી

મુંબઈ, તા. ૧૯

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઈ)નું ભારતીય ઈક્વિટીસમાં ફરી જોરદાર પુનરાગમન જોવા મળી રહ્યું છે. સતત ૧૬ મહિના સુધી વેચવાલ રહ્યા બાદ નવેમ્બરમાં એફપીઆઈની ભારતીય ઈક્વિટીસ કેશમાં નેટ ખરીદી રહી છે.

ઈક્વિટી પર એલટીસીજી ટેકસ નાબુદ થવાની શકયતાએ વિદેશી રોકાણકારોનો યુ ટર્ન

વર્તમાન મહિનામાં એફપીઆઈની ઈક્વિટીસમાં ખરીદી રૂપિયા એક લાખ કરોડને પાર કરી ગઈ છે જે અત્યારસુધી કોઈ એક મહિનાની વિક્રમી ખરીદી છે, એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયુ હતું.

લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેકસ નાબુદ કરવાની હિલચાલ તથા વિશ્વના અન્ય ઊભરતા દેશોની સરખામણીએ ભારતનો આર્થિક વિકાસ દર ઊંચો જોવાઈ રહ્યો છે તેને ધ્યાનમાં રાખી એફપીઆઈસ ફરી ભારત તરફ વળી હોવાનું જણાય છે.

જુલાઈ ૨૦૨૫થી ઓકટોબર, ૨૦૨૬ સુધી દર મહિને એફપીઆઈસ ભારતીય ઈક્વિટીસ કેશમાં નેટ વેચવાલ રહી હતી.



આ ૧૬ મહિનામાં વિદેશી રોકાણકારોએ રૂપિયા ૯.૩૨ ટ્રિલિયનની ઈક્વિટીસની વેચવાલી કરી છે જ્યારે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ રૂપિયા ૧૧.૩૨ ટ્રિલિયનની ખરીદી કરી છે.

ભારતીય રૂપિયામાં નબળાઈ, ક્રુડ તેલના ઊંચા ભાવ તથા અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારાને પરિણામે વિદેશી રોકાણકારોની અત્યારસુધી વેચવાલી જોવા મળતી હતી. જ્યારે જંગી રિટેલ ઈન્ફલોના ટેકા સાથે ઘરેલુ ફન્ડોની ઈક્વિટીસમાં ખરીદી આવી રહી છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની આક્રમક ખરીદીને પરિણામે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ સેન્સેકસ તથા નિફટી૫૦માં નવેમ્બરમાં જોરદાર રિકવરી જોવા મળી છે. સેન્સેકસ તેની ઓલ ટાઈમ હાઈ સપાટી હવે ૨૫૦૦ પોઈન્ટ જેટલો જ દૂર છે જે ત્રણ મહિના અગાઉ ૧૫૦૦૦ પોઈન્ટ જેટલો દૂર હતો.

મૂડી બજારમાં લાગુ કરાયેલા ટેકસના દરને વ્યવહારુ બનાવાશે તો તેનાથી વિદેશી રોકાણને આકર્ષવામાં મદદ મળશે એવી દલીલ કરવામાં આવી રહી છે.

એલટીસીજીમાં ફેરબદલ કરવા સરકાર વિચારી રહી છે, પરંતુ આ ફેરફાર બજેટ પહેલા નહીં આવે તેવી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસિઝ (સીબીડીટી)ના ચેરમેન રવી અગ્રવાલે તાજેતરમાં સ્પષ્ટતા કરી હતી.

એમડીઆર ચાર્જિસનો અમલ ૨૦૨૭ સુધી લંબાઈ જવાની જોવાતી શકયતા

મુંબઈ, તા. ૧૯

ભારતની યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવસ્થાએ સૂચિત મરચંટ ટ્રાન્ઝકશન ફી માટે થોડાક દિવસો અથવા તો ૨૦૨૭ સુધી રાહ જોવી પડે તેવી શકયતા જોવાઈ રહી છે. મરચંટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચાર્જિસ લાગુ કરવાનો સમય હજુ નિશ્ચિત કરાયો નહીં હોવાથી તેના અમલમાં ઢીલ થઈ શકે છે.

સરકારી સુત્રોની વાત માનીએ તો આવતા વર્ષે યોજાઈ રહેલી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં સરકાર વેપારીઓ તથા મોટા રિટેલરોને નિરાશ કરવા માગતી નથી માટે ચાર્જિસની વસૂલાત ઉત્તર પ્રદેશની ચૂંટણી સુધી મુલત્વી રખાય તો નવાઈ નહીં. ઉત્તર પ્રદેશની ચૂંટણી સરકાર માટે મહત્વની માનવામાં આવે છે.

આવતા વર્ષે પાંચ રાજ્યો ઉત્તર પ્રદેશ, ગોવા, ઉત્તરાખંડ, પંજાબ તથા મણીપુરમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી નિર્ધારી છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) તથા નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) વચ્ચે હજુ ચોક્કસ તારીખ નિશ્ચિત થઈ નથી.

સૂચિત પેમેન્ટ માળખા માટે વેપારઉદ્યોગે કદાચ ૨૦૨૭ સુધી રાહ જોવી પડશે તેમ હાલના ઘટનાક્રમો પરથી જણાય છે. ટ્રેડરો તરફથી સતત વિરોધને પરિણામે સરકાર હાલમાં ધીમી ગતિએ આગળ વધી રહી છે. ઈલેકટ્રોનિકસ પેમેન્ટસ સ્વીકારવામાં વધારાના ખર્ચને ધ્યાનમાં રાખી ટ્રેડરો તેનો વિરોધ કરી રહ્યા છે.



દરમિયાન અન્ય એક અહેવાલ પ્રમાણે, યુપીઆઈ મારફત મરચંટ ટુ મરચંટ વ્યવહારો પર એમડીઆર માળખા હેઠળ પ્રતિ વ્યવહાર રૂપિયા પાંચની નિશ્ચિત ફી વસૂલવા પણ સરકાર વિચારી રહી છે. ગ્રાહક દ્વારા વેપારીને રૂપિયા ૨૦૦૦થી વધુની યુપીઆઈ ચૂકવણી પર ૦.૪૦ ટકા એમડીઆર વસૂલવા અંગેનું નોટિફિકેશન આ અગાઉ બહાર પડાયુ હતું અને તેનો અમલ ૧૫ ઓકટોબરથી થવાનો હતો. પરંત દશેરા-દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી અમલ મોકૂફ રખાયો હતો.

હવે તહેવારો સમાપ્ત થઈ ગયા છે ત્યારે વિધાનસભાની ચૂંટણીઓ માથે હોવાથી સરકાર આ મુદ્દે ઉતાવળ કરવા માગતી નહીં હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું.

આગામી વર્ષે રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સરકાર સાવચેત

વૈશ્વિક સોનું વધુ ગબડી ૩૭૦૦ ડોલરની અંદર ઉતરી ગયું


સોના-ચાંદીમાં વધુ કડાકોઃ રૂ.૬૭૦૦ કરોડના સોના-ચાંદી પોર્ટ પર અટવાયા

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં મંદી આગળ વધતાં ભાવ વધુ ગબડ્યા હતા. વિશ્વ બજારમાં મંદી આગળ વધી હતી તથા તેના પગલે ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધુ નીચી આવી હતી. નવી માગ પણ ધીમી પડી હતી. વિશ્વ બજારમાં ફંડોના સેલીંગ વચ્ચે સોનાના ભાવ વધુ ગબડી ઔંસના ૩૭૦૦ ડોલરની અંદર જતા રહ્યાના સમાચાર હતા.

પ્લેટીનમ તૂટી રૂ.૫૧૦૦૦: ભારતમાં ક્રૂડતેલનું ઉત્પાદન આગળ ઉપર ઘટશે તથા ઈમ્પોર્ટ વધવાની બતાવાતી શક્યતા

દરમિયાન, વિશ્વ બજાર પાછળ અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૫૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૩૪૭૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૩૫૦૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૪૦૦૦ ગબડી રૂ.૧૬૪૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ૩૭૫૨ વાળા ૩૬૯૩ ડોલર થઈ ૩૭૧૫ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા.દરમિયાન, સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૪૫.૪૧ વાળા ઘટી ૪૪.૫૪ થઈ ૪૪.૯૯ ડોલર રહ્યા હતા. કસ્ટમ વિભાગ દ્વારા ટેરીફમાં અપડેટમાં વિલંબ થતાં દેશના વિવિધ પોર્ટ પર આશરે રૂ.૬૭૦૦ કરોડના આયાતી સોના-ચાંદીનો જથ્થો અટવાઈ ગયાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દરમિયાન, ઈમ્પોર્ટ ડયુટીની ચૂકવણીમાં વિલંબ સામે કસ્ટમ વિભાગ વ્યાજની



માગણી કરી રહ્યાના સમાચાર મળ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર વધુ રૂ.૧૫૦૦થી ૧૬૦૦ તૂટી ૯૯૫ના ભાવ રૂ.૧૨૯૦૧૨ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૯૫૩૧ બોલાયા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૩૩૦૦ તૂટી રૂ.૧૬૦૪૩૯ બોલાયા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસદીઠ ૧૩૬૪ વાળા નીચામાં ૧૩૫૬ તથા ઉંચામાં ૧૩૯૪ થઈ ૧૩૮૫ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦થી ૬૦૦ ઘટી રૂ.૫૧૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં પેલેડીયમના ભાવ ઔંસના ઉંચામાં ૯૬૭ તથા નીચામાં ૯૪૪ થઈ ૯૪૫ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે વધુ ૦.૧૫ ટકા ઘટી ૭ મહિનાના તળિયે ઉતરી ગયાના સમાચાર મળ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ નીચા મથાળે બેતરફી વધઘટ વચ્ચે એકંદરે નરમ રહ્યા હતા.બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૯૩.૦૩ વાળા નીચામાં ભાવ ૯૧.૨૧ થઈ ૯૨.૪૨ ડોલર રહ્યા હતા.દરમિયાન, યુએસ ક્રૂડના ભાવ નીચામાં ૮૨.૬૦ થઈ ૮૩.૬૬ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલનું ઉત્પાદન વધી રહ્યું છે ત્યારે ભારતમાં ૨૦૩૫ સુધીમાં ક્રૂડનું ઉત્પાદન આશરે ૨૦ટકા ઘટશે એવી શક્યતા ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ દર્શાવી છે. આના પગલે દેશમાં આગળ ઉપર ક્રૂડની ઈમ્પોર્ટ વધવાની શક્યતા જાણકારો બતાવતા હતા.

દિલ્હીના ખાન માર્કેટે ભારતના સૌથી મોંઘા માર્કેટનું સ્થાન જાળવી રાખ્યું



અમદાવાદ, તા. ૧૯

દિલ્હીના ખાન માર્કેટે વિશ્વની ૨૪મી સર્વોચ્ચ ક્રમાંકિત રિટેલ સ્થળ અને વૈશ્વિક યાદીમાં દેશનું એકમાત્ર સ્થળ બની રહ્યું છે તેમ કુશમેન એન્ડ વેકફિલ્ડના રિપોર્ટમાં જણાવાયું હતું.

આ હાઈ-એન્ડ શોપિંગ હબમાં રિટેલ ભાડામાં વાર્ષિક ધોરણે ૧૪%નો વધારો થયો છે અને તે વાર્ષિક પ્રતિ ચોરસ ફૂટ અંદાજે ૨૩૮ ડોલર (રૂ. ૨૨,૫૦૦) અથવા માસિક પ્રતિ ચોરસ ફૂટ રૂ. ૧,૮૭૫ પર પહોંચી ગયું છે, જે દેશના સૌથી વધુ પસંદગીના શોપિંગ સ્થળોમાંના એક માં હોવાથી સૌથી મોંઘી રિટેલ સ્ટ્રીટ તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તે ભારતનું નોંધાવવા માટે રિટેલર્સની મજબૂત માંગ દર્શાવે છે.

ભારતની ટોચની પાંચ રિટેલ સ્ટ્રીટ્સ

શહેર	સ્ટ્રીટ	પ્રતિ ચોરસ ફૂટ માસિક ભાડું (રૂ. માં)
નવી દિલ્હી	ખાન માર્કેટ	૧,૮૭૫
ગુડગાંવ	ગેલેરિયા માર્કેટ	૧,૩૭૫
નવી દિલ્હી	કનોટ પ્લેસ	૧,૩૨૫
મુંબઈ	લિંકિંગ રોડ	૧,૧૭૫
કોલકાતા	પાર્ક સ્ટ્રીટ	૬૫૦

વિશ્વની ટોચની પાંચ રિટેલ સ્ટ્રીટ્સ

શહેર	સ્ટ્રીટ	પ્રતિ ચોરસ ફૂટ માસિક ભાડું (ડોલર માં)
ન્યૂયોર્ક	અપર ૫ એવન્યુ	૨૨૫
લંડન	બોન્ડ સ્ટ્રીટ	૧૮૬
મિલાન	મોન્ટેનેપોલિયોન	૧૮૦
હોંગકોંગ	સિમ શા સુઈ	૧૧૭
પેરિસ	એવન્યુ ડેસ એલિસીસ	૧૧૩
ચેમ્પ્સ-		

૨૦૨૭માં ભારતનો વિકાસ દર ઘટીને ૭.૨% રહેશે : ગોલ્ડમેન

અમદાવાદ, તા. ૧૯

રાજકોષીય નીતિનો ટેકો ઓછો થવાથી અને નાણાકીય નીતિ કડક બનવાથી ભારતનો જીડીપી વિકાસ દર વર્તમાન કેલેન્ડર વર્ષના અંદાજિત ૭.૯%થી ઘટીને ૨૦૨૭માં ૭.૨% પર આવી જશે તેમ ગોલ્ડમેન સાક્સે જણાવ્યું હતું

સમયસરના રાજકોષીય અને અર્ધ-રાજકોષીય ટેકા, અગાઉની નાણાકીય હળવાશ, મજબૂત ધિરાણ વૃદ્ધિ અને સ્થિતિસ્થાપક નિકાસે ભારતની આર્થિક પ્રવૃત્તિને ૨૦૨૫ના યુએસ ટેરિફ લાદવા સહિતના બાહ્ય અને સ્થાનિક આંચકાઓ તેમજ પશ્ચિમ એશિયાના સંઘર્ષ સંબંધિત ઊર્જા સંકટ સામે રક્ષણ પૂરું પાડ્યું હતું.

ગોલ્ડમેનના અર્થશાસ્ત્રીઓએ 'ઈન્ડિયા ૨૦૨૭ આઉટલુક' રિપોર્ટમાં જણાવ્યું હતું કે, નીતિગત પ્રોત્સાહન ઓછું થવાથી અને મોંઘવારી વધવાથી, કેલેન્ડર વર્ષ ૨૦૨૬ની સરખામણીમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૭માં વિકાસ દર મજબૂત રહેશે પરંતુ થોડો ધીમો પડશે.

ગોલ્ડમેને જણાવ્યું હતું કે, ખાનગી વપરાશ મક્કમ રહ્યો છે, પરંતુ નાણાકીય સ્થિતિ કડક બનવાથી અને કરવેરામાં ઘટાડાની અસર ઓછી થવાથી ૨૦૨૭માં તેમાં થોડો ઘટાડો થવો જોઈએ. અર્થશાસ્ત્રીઓએ ઉમેર્યું હતું કે, નવા મૂડી ખર્ચ ચક્રના ટેકાથી રોકાણ પ્રમાણમાં મજબૂત રહ્યું છે.

શેરબજારના કામકાજના કલાકો લંબાવવા એ પ્રાથમિકતા નથી : સેબી

અમદાવાદ, તા. ૧૯

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) બજારના ટ્રેડિંગ કલાકો લંબાવવાની તરફેણમાં નથી, કારણ કે તેનાથી બજારની કાર્યક્ષમતામાં સુધારો થશે જ તેવું જરૂરી નથી અને તેમાં સાયબર સુરક્ષા તથા લિક્વિડિટી (પ્રવાહિતા) સંબંધિત ચિંતાઓ રહેલી છે, તેમ સેબી ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું.

લાંબા ટ્રેડિંગ કલાકો સાથે સાયબર સુરક્ષાને કેવી રીતે સંભાળવી અને લિક્વિડિટી પર શું અસર થશે તે જોવું પણ જરૂરી

૬૫મી વર્લ્ડ ફેડરેશન ઓફ એક્સચેન્જીસની જનરલ એસેમ્બલી અને વાર્ષિક બેઠકની સાથે વાત કરતા પાંડેએ જણાવ્યું હતું કે, જ્યારે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ સિક્યોરિટીઝ કમિશન્સમાં એક વૈશ્વિક જૂથ ટ્રેડિંગ કલાકો લંબાવવાની શક્યતાઓ તપાસી રહ્યું છે, ત્યારે ભારત તેની અસરોનું મૂલ્યાંકન કરી રહ્યું છે.

પાંડેએ કહ્યું હતું કે ઓછામાં ઓછું અમારા માટે, અમે તેને કોઈ મોટી પ્રાથમિકતા તરીકે જોઈ રહ્યા નથી. કલાકો આટલા બધા વધી જાય ત્યારે સાયબર સુરક્ષાને કેવી રીતે સંભાળવી અને લિક્વિડિટી પર શું અસર થશે તે જોવું પડે. બજારના કલાકો લંબાવવા એ કોઈ બહુ કાર્યક્ષમ રસ્તો નથી. આવા અભિગમ માટે ખૂબ જ મજબૂત કારણ હોવું જોઈએ.



તેમણે વૈશ્વિક બજારોમાં વારંવાર બનતી સાયબર ઘટનાઓ તરફ ઈશારો કરતા સાયબર સુરક્ષાને એક મુખ્ય ચિંતા ગણાવી હતી. તેમણે કહ્યું કે લાંબા ટ્રેડિંગ કલાકો બજારના સહભાગીઓ પર દબાણ વધારી શકે છે અને સંભવિતપણે લિક્વિડિટીને અસર કરી શકે છે.

વૈશ્વિક સ્તરે લાંબા ટ્રેડિંગ કલાકોની ચર્ચાએ જોર પકડ્યું છે, ત્યારે સેબીએ લગભગ બે વર્ષ પહેલાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ માટે બજારના કલાકો લંબાવવાની દરખાસ્તો પરત મોકલી દીધી હતી.

યુએસ સ્ટોક એક્સચેન્જ નાસ્ડેક (Nasdaq) ૬ ડિસેમ્બરથી અઠવાડિયાના પાંચ દિવસ યુએસ ઈક્વિટીના ટ્રેડિંગ કલાકો વધારીને દિવસના ૨૩ કલાક કરશે, તેવા અહેવાલો બાદ આ ચર્ચાઓ વધી છે. આ એક્સચેન્જમાં એક કલાકનો મેન્ટેનન્સ વિરામ રહેશે. ગુજરાતમાં ભારતના GIFT-IFSC ખાતે, એનએસઈ ઈન્ટરનેશનલ એક્સચેન્જે પણ તાજેતરમાં ૨૩.૫ કલાક માટે કામગીરી શરૂ કરી છે.

માર્જિન ટ્રેડિંગ સુવિધા પરના સંભવિત નિયંત્રણો અંગે સેબી ચેરમેને ઉમેર્યું હતું કે નિયમનકારે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. અને, જો કોઈ યોજના નક્કર સ્વરૂપ લેશે તો તેને ચર્ચા માટે લાવવામાં આવશે.

બેન્કો દ્વારા ધિરાણ દરમાં વધારો કરાતા કંપનીઓની બોન્ડ બજાર પર નજર

મુંબઈ, તા. ૧૯

બેન્કો દ્વારા ધિરાણ દરમાં વધારો કરાતા કંપનીઓ પોતાની નાણાંકીય જરૂરિયાત પાર પાડવા હવે બોન્ડ માર્કેટ તરફ વળવા લાગી હોવાનું જોવા મળી રહ્યું છે. આ પલાયનને પરિણામે બેન્કોની કોર્પોરેટ લોન બુક ઘટવાની શકયતા રહેલી છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા ઓકટોબરમાં રેપો રેટમાં વધારો કરાયા બાદ બેન્કો પણ તેમના ધિરાણ દરમાં વધારો કરી રહી છે.

બેન્ક ધિરાણની સરખામણીએ

નવેમ્બરમાં બોન્ડસ મારફત જંગી રકમ ઊભી કરાઈ

બોન્ડસ મારફત નાણાં ઊભા કરવાનું હાલમાં સસ્તુ પડતું હોવાથી કંપનીઓ બોન્ડસ જારી કરવાનું મુનાસીબ માની રહી છે.

સિડબી, પીએફસી તથા આરઈસી સહિત અનેક કંપનીઓએ નવેમ્બરમાં વિવિધ દરે બોન્ડસ મારફત જંગી રકમ ઊભી કરી હોવાનું જોવા મળ્યુ છે.

કંપનીઓ દ્વારા બોન્ડસ મારફત નાણાં ઊભા કરવાની માત્રામાં વધારો થતાં બેન્કોની કોર્પોરેટ લોન બુકમાં વૃદ્ધિ ધીમી પડવાની શકયતા નકારાતી નહીં હોવાનું એક વિશ્લેષકે જણાવ્યુ હતું.

સાયબર હુમલામાં વધારાને ધ્યાનમાં રાખી RBI દ્વારા નાણાં સંસ્થાઓને સૂચન

મુંબઈ, તા. ૧૯

એપ્લિકેશન પ્રોગ્રામીંગ ઈન્ટરફેસિસ (એપીઆઈસ) સંબંધિત નિયંત્રણોને મજબૂત બનાવવા, થર્ડ પાર્ટી સિસ્ટમ્સ માટે સલામતિ સખત કરવા તથા ફન્ડસ ટ્રાન્સફર પરની દેખરેખ વધારવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બેન્કો, સ્મોલ ફાઈનાન્સ બેન્કસ તથા નોન બેન્કિંગ ફાઈનાન્સિઅલ કંપનીઓ (એનબીએફસીસ)ને સૂચના આપી છે.

નાણાંકીય સંસ્થાઓને ટાર્ગેટ કરતા સાઈબર હુમલામાં થઈ રહેલા વધારા વચ્ચે રિઝર્વ બેન્કની આ સૂચના આવી પડી હોવાનું બેન્કિંગ ક્ષેત્રના સુત્રોએ જણાવ્યુ હતું.

એપીઆઈ સલામતિ તથા વહીવટ પર કેન્દ્રીત એવી એડવાઈઝરી રિઝર્વ બેન્ક દ્વારા જારી કરવામાં આવી છે.

પોતાના નિયંત્રણ હેઠળની નાણાં સંસ્થાઓ માટે રિઝર્વ બેન્ક દ્વારા નિયમિતરૂપે એડવાઈઝરી જારી કરવામાં આવતી હોય છે. જેના ભાગરૂપ આ નવી એડવાઈઝરી આવી પડી હોવાનું બેન્કરે ઉમેર્યું હતું.

હેકર્સ દ્વારા સાઈબર હુમલાના બનાવોમાં તાજેતરમાં નોંધપાત્ર વધારો થયો છે. આવા પ્રકારના હુમલામાં અટવાઈ પડતા નાણાં પરત મેળવવાનું સંસ્થાઓ માટે મુશકેલ બની જતુ હોય છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં જંગી ખરીદીના જોરે

ઓટો, FMCG, બેંકિંગ શેરોમાં ફરી 'બેફામ' તેજી : સેન્સેક્સ ૯૯૦ પોઈન્ટ ઉછળીને ૮૩૦૨૨

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, ગુરૂવાર

વિદેશી સંસ્થાકીય રોકાણકારો-ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની ભારતીય શેર બજારોમાં ટૂંકાગાળાની રેકોર્ડ જંગી ખરીદી ચાલુ રહેતાં આજે સેન્સેક્સે ૮૩૦૦૦ની સપાટી અને નિફટીએ ૨૫૫૦૦ની સપાટી કુદાવી હતી. ચાઈનામાં ત્રણ મહાસત્તાઓ અમેરિકા, રશીયા, ચાઈનાની એપેક મીટિંગમાં ડેક્લેરેશન ઓફ પીસ મહત્વનાડેવલપમેન્ટે વિશ્વ ફરી યુદ્ધના લાંબાકાળમાંથી મુક્ત થવાની અપેક્ષા અને વૈશ્વિક ફંડો સોના, ચાંદીમાં તેજીનો સટ્ટો વિખેરીને ફરી ઈક્વિટી બજારોમાં સક્રિય લેવાલ બની ખાસ ભારતીય શેર બજારોમાં બેફામ ખરીદદાર બનતાં તેજી આજે ફાટમફાટ બની હતી. ફંડો, મહારથીઓએ આજે ઓટોમોબાઈલ ફ્રન્ટલાઈન શેરો સાથે બેંકિંગ-ફાઈનાન્સ, એફએમસીજી, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો પણ સતત મજબૂત બનીને આજે વધુ ૧૬ પૈસા મજબૂત થતાં અને ક્રુડ ઓઈલમાં વૈશ્વિક મોરચે માંગ સામે પુરવઠો વધી રહ્યો હોઈ ભાવો દબાણ હેઠળ રહેતાં ભારત માટે પોઝિટીવ પરિબળોની અસરે શેરોમાં ખરીદી આક્રમક બની હતી. જો કે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોમાં સતત સેલિંગ પ્રેશર રહ્યું હતું. આ સાથે ઈરાન-અમેરિકા યુદ્ધ બાદ પ્રથમ વખત સેન્સેક્સ ૮૩૦૦૦ની સપાટી ઉપર બંધ આવી અંતે ૯૯૯.૯૪ પોઈન્ટ ઉછળીને ૮૩૦૨૧.૭૫ નવ મહિનાની નવી ઊંચાઈએ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૨૮૬.૩૫ પોઈન્ટની છલાંગે ૨૫૫૧૪.૩૦ બંધ રહ્યો હતો.

ઓટો ઈન્ડેક્સ ૨૪૦૫ પોઈન્ટ ઉછળ્યો : મારૂતી રૂ.૯૫૮, હીરો રૂ.૩૦૬, ટીવીએસ રૂ.૨૪૯ ઉછળ્યા

ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં આજે ફંડોએ ધૂમ ખરીદી કરતાં ભાવો તીવ્ર ઉછળ્યા હતા. યુદ્ધમાંથી વિશ્વ મુક્ત થવાની અપેક્ષા અને ક્રુડના ભાવ ઘટવાની અને અમેરિકા સાથે ભારતની વેપાર કરારની અપેક્ષાએ ઓટો કોમ્પોનન્ટસ સહિતની નિકાસો વધવાની અપેક્ષાએ ફંડોની ઓટો શેરોમાં મોટી ખરીદી થઈ હતી. મારૂતી સુઝુકી રૂ.૯૫૭.૭૦ ઉછળીને રૂ.૧૩,૫૯૯, હીરો મોટોકોર્પ રૂ.૩૦૬ વધીને રૂ.૫૫૫૬, ટીવીએસ મોટર રૂ.૨૪૮.૭૦ વધીને રૂ.૪૫૯૯, મધરસન સુમી રૂ.૭.૬૦ વધીને રૂ.૧૬૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૧૬૦.૨૦ વધીને રૂ.૩૫૧૦.૨૦, આઈશર મોટર્સ રૂ.૩૬૩.૬૦ વધીને રૂ.૮૦૫૩.૬૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૧૦.૩૦ વધીને રૂ.૨૬૩.૩૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૬૫ વધીને રૂ.૨૧૬૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૨૪૦૫.૯૪ પોઈન્ટની છલાંગે ૬૨૮૭૦.૮૭ બંધ રહ્યો હતો.

બેંકેક્સ ૧૨૫૩ પોઈન્ટ ઉછળ્યો : આઈડીએફસી બેંકમાં મોટી ખરીદી : એક્સિસ, બીઓબી, સ્ટેટ બેંકમાં તેજી

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફોરેન ફંડોએ આજે જોરદાર ખરીદી કરતાં તોફાની તેજી જવાઈ હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંકમાં ફંડો તેજીમાં આવ્યા હોવાની ચર્ચા વચ્ચે શેર રૂ.૩.૭૦ વધીને રૂ.૮૬.૧૦ રહ્યો હતો. એક્સિસ બેંક રૂ.૫૯.૫૦ વધીને રૂ.૧૪૧૮, બેંક ઓફ બરોડા રૂ.૧૧.૪૦ વધીને રૂ.૨૮૫.૫૦, પીએનબી રૂ.૫.૬૫ વધીને રૂ.૧૫૫.૪૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૨૩.૯૦ વધીને રૂ.૧૧૫૮, કેનેરા બેંક રૂ.૨.૫૫ વધીને રૂ.૧૩૫.૮૦, એચડીએફસી બેંક રૂ.૧૨.૮૦ વધીને રૂ.૮૨૦.૫૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૧૨૫૨.૯૭ પોઈન્ટ ઉછળીને ૭૧૦૩૫.૩૭ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર શેરોમાં ફરી ફંડોની મોટી ખરીદી : વોલ્ટાસ રૂ.૧૦૩, બ્લુ સ્ટાર રૂ.૧૪૫, અંબર રૂ.૪૭૩ ઉછળ્યા

જવેલરી શેરોમાં ગઈકાલે ગાબડાં પડ્યા બાદ આજે ઘટાડો અટક્યા સાથે ફંડોએ કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પસંદગીની મોટી ખરીદી કરતાં તેજીના ફૂંફાળા જોવાયા હતા. વોલ્ટાસ રૂ.૧૦૨.૯૦ ઉછળીને રૂ.૧૨૩૫, બ્લુ સ્ટાર રૂ.૧૪૪.૭૦ ઉછળીને રૂ.૧૭૬૩, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૪૭૩.૨૫ વધીને રૂ.૬૬૯૫.૪૫, ક્રોમ્પ્ટન રૂ.૧૨.૮૦ વધીને રૂ.૨૧૯.૮૦, હવેલ્સ ઈન્ડિયા રૂ.૬૪.૩૦ વધીને રૂ.૧૨૦૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૧૩૮૫.૮૬ પોઈન્ટ વધીને ૬૨૦૬૩.૬૧ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડઝ શેરોમાં મંદી અટકી ફરી તેજીના મંડાણ : કિર્લોસ્કર એન્જિન, કમિન્સ, પોલીકેબ, અપાર ઉછળ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં પાછલા કેટલાક દિવસોથી મોટાપાયે વેચવાલી થયા બાદ આજે સેલિંગ પ્રેશર અટકી ફંડોએ ઘટાડે વેલ્યુબાઈંગની તક ઝડપતાં ઘણા શેરોના ભાવો વધ્યા હતા. કિર્લોસ્કર એન્જિન રૂ.૬૩.૧૦ વધીને રૂ.૧૭૨૨.૯૫, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૩૩ વધીને રૂ.૪૧૩૮, પોલીકેબ રૂ.૨૩૩.૬૫ વધીને રૂ.૭૫૪૨, અપાર ઈન્ડસ્ટ્રીઝ રૂ.૪૪૫.૭૫ વધીને રૂ.૧૪,૪૩૧.૩૫, ભેલ રૂ.૧૩.૧૫ વધીને રૂ.૪૩૪, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૯૧ વધીને રૂ.૩૮૨૦, સિમેન્સ રૂ.૭૪.૧૫ વધીને રૂ.૩૫૮૬.૯૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૨૩૬.૬૫ પોઈન્ટ ઉછળીને ૭૧૧૪૩.૨૮ બંધ રહ્યો હતો.

એફએમસીજી શેરોમાં ઘટાડે ફરી આકર્ષણ : ગ્લોબસ સ્પિરીટ, મવાના સુગર, હિન્દુસ્તાન યુનિલિવરમાં તેજી

ફંડોએ આજે

ગુજરાત સમાચાર

સુપર ઈન્ટેલિજન્સ યુગ

એવા સમયે જ્યારે ટેકનોલોજીકલ પ્રભુત્વ વૈશ્વિક આર્થિક અને વ્યૂહાત્મક સ્પર્ધાનું કેન્દ્રબિંદુ બની ગયું છે, ત્યારે સાન ફ્રાન્સિસ્કો ઘોષણાપત્રના ગહન પરિણામો અને મહત્વને સમજવું મુશ્કેલ નથી. નોંધપાત્ર રીતે, આ ઘોષણાપત્ર પર યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત સહિત નવ અન્ય વિકસિત દેશો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર પર ભાર મૂકવામાં આવ્યો છે કે ફક્ત આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા જ કૃત્રિમ બુદ્ધિની વૈશ્વિક સપ્લાય ચેઈન સુરક્ષિત કરી શકાય છે. આમાં કોઈ એકલ પંથ પ્રવાસી ભેખડે ભરાઈ જાય એમ છે. દરમિયાન, ઘોષણાપત્રનો એક અઘોષિત ઉદ્દેશ્ય આ ઉભરતી ટેકનોલોજીમાં ચીનના સતત વધતા વર્ચસ્વનો સામનો કરવાનો છે. ચીને કૃત્રિમ બુદ્ધિમાં વ્યવસ્થિત રીતે વ્યાપક અને લાંબા ગાળાના રોકાણો કર્યા છે. તેમાં કોઈ શંકા નથી કે તેની સિદ્ધિઓ અમેરિકન વર્ચસ્વ માટે પડકાર ઉભો કરે છે. આ જ કારણ છે કે યુનાઈટેડ સ્ટેટ્સે સાન ફ્રાન્સિસ્કો ઘોષણાને સાકાર કરવાને પ્રાથમિકતા આપી છે.

વિશ્વમાં કૃત્રિમ બુદ્ધિની વધતી ભૂમિકાને કારણે, યુનાઈટેડ સ્ટેટ્સ આ યુગને સુપર ઈન્ટેલિજન્સનો યુગ કહે છે. યુએસ પેક્સ સિલિકા પહેલ એ મૂળભૂત સત્યને ઓળખે છે કે વિશ્વનો કોઈ પણ દેશ અત્યંત જટિલ છૈં ઈકોસિસ્ટમમાં દરેક કડીને એકલા હાથે સુરક્ષિત કરી શકતો નથી. ઉદાહરણ તરીકે, ટેકનોલોજીકલ પ્રગતિ જટિલ ખનિજો અને સેમિકન્ડક્ટર ઉત્પાદનથી લઈને ઉર્જા નેટવર્ક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી, એકબીજા સાથે જોડાયેલ વૈશ્વિક સપ્લાય ચેઈન પર આધાર રાખે છે. આ સાંકળોમાં કોઈપણ વિક્ષેપ દેશના આર્થિક માળખા પર ઊંડી અસર કરી શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ નેટવર્ક્સમાં કોઈપણ વિક્ષેપ દૂરગામી આર્થિક અને ભૂરાજકીય પરિણામો લાવી શકે છે, જે સુપરઈન્ટેલિજન્સ યુગમાં કોઈપણ સાર્વભૌમ રાષ્ટ્ર માટે અનેક પડકારો ઉભા કરે છે.

ભારત દ્વારા સાન ફ્રાન્સિસ્કો ઘોષણાપત્ર પર હસ્તાક્ષર ચોક્કસપણે છૈં યુગમાં આપણી સિદ્ધિઓની વૈશ્વિક માન્યતાને પ્રતિબિંબિત કરે છે. યુએસ અને અન્ય વિકસિત દેશો સાથેના આ સંઘમાં જોડાવાથી ભારત માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક તક પ્રાપ્ત થાય છે. તાજેતરના વર્ષોમાં ભારત એક ઉભરતા ટેકનોલોજી બજાર તરીકે ઉભરી આવ્યું છે. ભારતની મહત્વાકાંક્ષા વૈશ્વિક સેમિકન્ડક્ટર અને ઉત્પાદન કેન્દ્ર બનવાની રહી છે. તાજેતરના વર્ષોમાં, ભારતે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે અને ઘણા મધ્ય પૂર્વી દેશો સાથે મજબૂત વેપાર ભાગીદારી બનાવી છે. સ્પષ્ટપણે, જ્યારે આ વિકસિત અને આર્થિક રીતે મજબૂત દેશો ભાગીદારીમાં પ્રવેશ કરે છે, ત્યારે તેઓ પુરસ્કારો મેળવવાની અપેક્ષા રાખે છે. પરિણામે, ભારત આ મજબૂત ભાગીદારી, વિવિધ સપ્લાય ચેઈન, રોકાણો અને અદ્યતન તકનીકોનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકે છે.

તેમાં કોઈ શંકા નથી કે આ વિશ્વસનીય ભાગીદારો સાથે સહયોગ કરવાથી ઈતર દેશો પર ભારતની વધુ પડતી નિર્ભરતા ઓછી થઈ શકે છે. બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં, એક જ દેશ પર આધાર રાખવો આર્થિક સાર્વભૌમત્વ માટે પડકાર ઊભો કરી શકે છે. આવી સ્થિતિમાં, નવા, વિશ્વસનીય ભાગીદારો સાથે કામ કરવાથી દેશની અર્થવ્યવસ્થા મજબૂત થઈ શકે છે. વિડંબના એ છે કે, આ જાહેરાત એવા સમયે આવી છે જ્યારે કૃત્રિમ બુદ્ધિ ક્રાંતિનું નેતૃત્વ કરતી અગ્રણી કંપનીઓમાંની એક, Nvidia વિવાદમાં ફસાઈ ગઈ છે, જેના કારણે તેના શેર પર પ્રતિકૂળ અસર પડી રહી છે. વર્તમાન યુગમાં અબજો ડોલર પ્રેમની કિંમત ચૂકવવાની નોબત જેન્સેન પર આવી છે. પ્રેમનું આવું ભયાનક ચિત્ર કોઈ સસ્પેન્સ થ્રિલર નવલકથાકારે પણ કદી આલેખ્યું નથી.

તેના સ્થાપક, જેન્સેન હુઆંગને લગ્નેત્તર સંબંધ અને ચીની જાસૂસ સાથેના કથિત સંબંધોને કારણે Nvidia છોડવાની ફરજ પડી છે. આ અનિશ્ચિતતા વચ્ચે, Nvidiaના ચિપ્સ અને ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ટેક કંપનીઓ જે ભારે રોકાણ કરી રહી છે તેના સાતત્ય અંગે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. આ યુએસ-નેતૃત્વ પહેલની સફળતા ટેકનોલોજી ટ્રાન્સફર, રોકાણ અને મજબૂત સ્થાનિક ક્ષમતાઓ પર આધારિત રહેશે. આખરે, છૈં સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવી એ ફક્ત ટેકનોલોજીને નિયંત્રિત કરવા વિશે નથી, પરંતુ છૈં ના ફાયદાઓ વિશ્વસનીય, સુલભ અને વ્યાપકપણે ઉપયોગી છે તેની ખાતરી કરવા વિશે પણ છે.

એપેકમાં ત્રણ-ત્રણ પ્રયાસો છતાં ભારતને એન્ટ્રી કેમ મળી નહીં?

વિશ્વયુદ્ધ બાદ શરૂ થયેલા કોલ્ડવોર દરમિયાન દુનિયામાં અનેક સંગઠનો અસ્તિત્વમાં આવવા લાગ્યા હતા. યુએન સંલગ્ન સંગઠનો એક પછી એક બની રહ્યા હતા તો એટલાન્ટિક મહાસાગરના કાંઠે આવેલા દેશોનું સંગઠન નાટોથી ઈસ્લામિક દેશોનું ધર્મના આધારે બનેલું સંગઠન ઓઆઈસી, યુરોપના દેશોનું આર્થિક સહયોગ વધારવા માટે સર્જાયેલું યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી (ઈઈસી). આસિયાન સહિતના કેટલાય સંગઠનો બની ચૂક્યા હતા. એક ભૂખંડમાં આવેલા દેશો સંગઠન બનાવી રહ્યા હતા, તો દરિયાઈ કાંઠો શેર કરતા દેશો વચ્ચે પણ સહયોગ વધતો જતો હતો. એક સરખી રાજકીય-રાષ્ટ્રીય વિચારધારા ધરાવતા દેશો વચ્ચે કરારો થવા લાગ્યા હતા.

રાજકીય-આર્થિક-લશ્કરી રીતે મજબૂત થવાના પ્રયાસોના ભાગરૂપે બનેલા સંગઠનોમાં યુરોપના દેશો ખૂબ સક્રિય બન્યા હતા. એક તરફ યુરોપના દેશો નાટોના માધ્યમથી અમેરિકા સાથે જોડાયેલા હતા. બીજી તરફ યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટીથી કનેક્ટ થઈને યુરોપના દેશો આંતરિક વેપાર વધારવામાં સક્રિય બન્યા હતા. યુરોપના જ દેશો ઉત્તર અમેરિકાના દેશો સાથે મળીને આર્થિક સહયોગ વધારવા કટિબદ્ધ બન્યા હતા. યુરોપ-ઉત્તર અમેરિકા વચ્ચે વધી રહેલો નોંધપાત્ર આર્થિક સહયોગ એશિયન દેશો માટે આંખ ઉઘાડનારો હતો. એશિયાના દેશો વૈશ્વિક વેપારમાં પાછળ રહી જશે એવી દહેશત પણ વ્યક્ત થઈ હતી. વૈશ્વિક વેપારમાં છેક ૧૫-૧૬મી સદીથી યુરોપે દબદબો બનાવ્યો હતો, પણ બીજા વિશ્વયુદ્ધ પછી એ પક્કડ ધીમી પડી હતી. ફરીથી ૧૯૭૦ અને ૧૯૮૦ના દશકામાં યુરોપના દેશો સંગઠિત થઈને વૈશ્વિક વેપારમાં પ્રભાવ પાડવા માંડ્યા હતા.

આ અરસામાં જ એશિયા-અમેરિકાએ સંગઠિત થવાની જરૂર વર્તાતી હતી. એશિયન દેશોમાં ઉત્પાદન વધવા માંડ્યું હતું. ચીન, જાપાન અને દક્ષિણ કોરિયામાં ઉત્પાદન યુનિટો ધમધમવા લાગ્યા હતા. એશિયન દેશો વચ્ચે વેપારનો સહયોગ વધતો જતો હતો અને જાપાન-ચીનની ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ તો અમેરિકા-યુરોપ-આફ્રિકા સહિત દુનિયાભરમાં પહોંચતી થઈ હતી. એશિયા-પેસિફિકના દેશો વચ્ચે વધી રહેલા આર્થિક સહકારને એક યોગ્ય દિશા આપવાની જરૂર જણાતી હતી ને એમાંથી એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશનનો પાયો નખાયો.

ઓસ્ટ્રેલિયાના તત્કાલિન વડાપ્રધાન બોબ હોકે એશિયા-પેસિફિક દેશોની એક સંગઠન બનાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો



હતો. ૧૯૮૯માં બોબ હોકે એશિયા-પેસિફિકના ૧૨ દેશોને કેનબેરામાં આમંત્રણ આપ્યું. આ સંગઠનના જે ૧૨ ફાઉન્ડિંગ દેશો હતા એમાં ઓસ્ટ્રેલિયા ઉપરાંત અમેરિકા, કેનેડા, ન્યૂઝીલેન્ડ, જાપાન, બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સાઉથ કોરિયા, સિંગાપોર, થાઈલેન્ડનો સમાવેશ થતો હતો. ૧૯૯૧માં ચીન, હોંગકોંગ, તાઈવાન ઉમેરાયા. ૧૯૯૩-૧૯૯૪માં મેક્સિકો, પાપુઆ ન્યૂ ગીની, ચીલીનો સમાવેશ કરાયો એટલે સભ્ય સંખ્યા ૧૮ થઈ. છેલ્લે ૧૯૯૮માં પેરુ, રશિયા અને વિએટનામને સભ્ય બનાવાયા એટલે આંકડો ૨૧ થયો.

વર્લ્ડ વિન્ડો

ચીન-રશિયા આ સંગઠનમાં જોડાઈ જતાં પહેલી નજરે સંગઠન આર્થિક-રાજકીય દૃષ્ટિએ સદ્ધર લાગતું હતું. આ દેશોનો સંયુક્ત વેપાર પણ ઘણો વધારે હતો. સંગઠનના સભ્ય દેશોમાં અમેરિકા-રશિયા-ચીન-જાપાન-દક્ષિણ કોરિયા જેવા દેશો હોવાથી ૨૧ દેશો વચ્ચેના આંતરિક વેપારને દિશા મળી. વિશ્વના વેપારમાં ૬૦ ટકા હિસ્સેદારી આ સંગઠનના સભ્ય દેશોની છે. આ દેશોની ઉત્પાદન ક્ષમતા ઉપરાંત ખરીદશક્તિ પણ ઊંચી છે. મોટાભાગના ઉભરતા સેક્ટર્સમાં એશિયા-પેસિફિક દેશોની હિસ્સેદારી કાયમ ઊંચી રહે છે. સંગઠનના દેશોએ એકબીજા સાથે વેપારમાં ડ્યૂટી ઘટાડવાથી માંડીને રોકાણ વધારવા સુધીના કરારો કર્યા. એકબીજાના દેશનું માર્કેટ ખોલવાનું શરૂ થયું. શરૂઆતમાં તેનો મેક્સિમમ ફાયદો અમેરિકા-ચીને મેળવ્યો. જાપાન અને દક્ષિણ કોરિયામાં બનતી ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓને એપેક દેશોના માર્કેટમાં જગ્યા મળી.

પણ પછી ધીમે ધીમે સંગઠનનો હેતુ બદલાયો. ચીન, રશિયા, અમેરિકા, જાપાન કે દક્ષિણ કોરિયાને જ ફાયદો મળતો હોય એવું ચિત્ર ઉપસ્યું. મેક્સિકો, કેનેડા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની સ્થિતિ યુઝર્સ જેવી બની ગઈ. તેમની ચીજવસ્તુઓને માર્કેટ મળવાને બદલે તેમના બજારોમાં આ દેશોની પ્રોડક્ટ ઢગલાબોઢે ઠલવાતી હતી. વળી, આ દેશો વચ્ચે કાયમ આર્થિક, લશ્કરી અને રાજકીય ખેંચતાણ ચાલતી રહે છે. સંગઠન બન્યું ત્યારે અમેરિકા-રશિયા કટ્ટર હરીફ હતા. જોકે, રશિયા સંગઠનનો હિસ્સો બન્યું ત્યારે ડઝનેક દેશોમાં વિસર્જિત થઈ ચૂક્યું હતું. તે છતાં છુપી લશ્કરી-આર્થિક સ્પર્ધા ચાલતી હતી. અમેરિકા-ચીન વચ્ચે પણ વેપારની હરીફાઈ ચાલે છે. તે સિવાય ડિફેન્સ ટેકનોલોજીથી માંડીને પરમાણુ હથિયારો સુધી કે સ્પેસથી લઈને રાજકીય પ્રભુત્વ જમાવવાની સ્પર્ધા ચાલે છે. ચીનને એપેકના સભ્ય હોય એવા લગભગ અડધો ડઝન દેશો સાથે જમીની સરહદ કે જળસીમાનો વિવાદ ચાલી રહ્યો છે. જાપાન, દક્ષિણ કોરિયા, ફિલિપાઈન્સ સહિતના દેશો સાથે અવારનવાર ઘર્ષણ થતું રહે છે. તાઈવાન તો ચાઈનીઝ તાઈપેઈ તરીકે જ સભ્ય છે. એને તો ચીન પોતાનો અભિન્ન હિસ્સો ગણે છે.

આ બધા આંતરિક ઘર્ષણના પરિણામે સંગઠનની એકતા યુરોપિયન યુનિયન કે આસિયન કે ઈવન નાટો જેવી પણ બની શકી નથી. આ સંગઠનોની સરખામણી એપેક સાથે થઈ શકે તેમ નથી. કારણ કે એપેકના દેશોનું ગઠબંધન મૂળતઃ તકવાદી સાબિત થયું છે. વાર્ષિક સમિટમાં ત્રણેય મહાસત્તા - અમેરિકા-ચીન-રશિયા એક સાથે ભાગ લેતા હોય એવું બહુ ઓછું બને છે. ઘણી વખત દેશના વડા આવવાને બદલે પ્રતિનિધિને મોકલે છે એટલે પણ સંગઠનની જેટલી ચર્ચા થવી જોઈએ એટલી થતી નથી. આ વર્ષે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ એમ ત્રણેય એક મંચ પર હાજર રહ્યા હોવાથી એપેક સમિટ પર દુનિયાનું ધ્યાન પડ્યું. ખાસ તો એવા સમયે કે જ્યારે એક તરફ રશિયા-યુક્રેન યુદ્ધ ચાલી રહ્યું છે અને બીજી તરફ અમેરિકા-ઈરાન યુદ્ધ ચાલી રહ્યું છે. આ સમિટ પછી યુદ્ધોનો ભભૂકતો અગ્નિ શાંત થાય તેવી કોઈ જાહેરાતો થશે એવી શક્યતા છે.

વેલ, અહીં સવાલ એ થાય કે ભારત એશિયન દેશ છે અને મજબૂત ઈકોનોમી છે છતાં એપેકનો હિસ્સો કેમ નથી. મૂળ તો એપેક બન્યું ત્યારે પેસિફિક યાને પ્રશાંત મહાસાગરના કાંઠે આવેલા દેશોને સંગઠનમાં સામેલ કરવા - એ પ્રકારનો ઈરાદો હતો. ભારત એ રીતે એમાં સેટ થાય તેમ નથી. ભારત હિંદ મહાસાગરના કાંઠે આવેલો દેશ છે. એકેય રીતે પ્રશાંત મહાસાગર સાથે કનેક્ટેડ નથી. જોકે, પછીથી પ્રશાંત મહાસાગરના બેઝિનમાં હોય એવા દેશોને પણ સામેલ કર્યા છતાં ભારતની એન્ટ્રી થઈ નહીં. ભારતે છેક ૧૯૯૧થી ૧૯૯૩ અને ૨૦૦૭ એમ ત્રણ વખત આ સંગઠનના સભ્ય બનવા માટે તૈયારી બતાવી હતી, પરંતુ ભારત પેસિફિકના કાંઠે આવેલો દેશ નથી એવું કારણ આપીને ચીન એન્ટ્રી રોકી રાખે છે. અમેરિકા-રશિયા-જાપાન જેવા ઘણાં દેશો ભારતના સભ્યપદનું સમર્થન કરી ચૂક્યા હોવા છતાં ટેકનિકલ કારણો આગળ ધરીને પ્રવેશ થવા દેવાતો નથી. સંગઠનનો રેકોર્ડ જોતાં એક રીતે ભારતે એનું સભ્યપદ ગુમાવવાથી કંઈ ગુમાવવું પડે એવુંય નથી!

એશિયા-પેસિફિકના ૨૧ દેશોનું સંગઠન એપેક યુરોપિયન યુનિયન, જી-૨૦, નાટો કે આસિયાન જેવું બની શકતું નથી. કારણ કે એમાં જોડાયેલા દેશોનું ગઠબંધન તકવાદી છે


અવતરણ

પ્રીતિ શાહ




ચૂંટણી પંચ ન તો ભાજપનું છે કે ન તો વિપક્ષનું. પંચ નિષ્પક્ષ રહે તેમાં જ દરેક પક્ષનું હિત છે. હાલના વિવાદને ભાજપ અને વિપક્ષ વચ્ચેની લડાઇ સુધી મર્યાદિત ન રાખવો જોઈએ. ચૂંટણી પંચ એક બંધારણીય સંસ્થા છે અને તેણે પોતાનો પક્ષ રજૂ કરવો જોઈએ.

- પવન કે. વર્મા (લેખક અને પૂર્વ સાંસદ)




ભાજપએ સમાજને જ ગુમરાહ નથી કર્યો, પરંતુ સમગ્ર દેશને ગુમરાહ કર્યો છે. ભાજપએ મા ગંગાને સ્વચ્છ અને નિર્મળ બનાવવાનો વાયદો કર્યો હતો પરંતુ સત્તામાં આવ્યા પછી મા ગંગા ભૂલાઈ ગઈ. ચૂંટણીમાં મા ગંગા પણ ભાજપને ભૂલી જશે. યુ.પી.ના મતદાતાઓએ નક્કી કરી લીધું છે કે આ વખતે ભાજપને હરાવવો છે.

- અખિલેશ યાદવ (સપાના પ્રમુખ)



કાયદાનો ઉદ્દેશ માત્ર વ્યવસ્થા ટકી રહે તેવો નથી હોતો. પરંતુ પ્રત્યેક નાગરિકના અધિકારો અને ગરિમાનું રક્ષણ કરવાનો પણ છે. સમાજની અંતિમ વ્યકિત સુધી ન્યાય અને સુરક્ષાનો વિશ્વાસ પહોંચાડવો તે જ લોકસેવાની વાસ્તવિક કસોટી છે.

- ઓમ બિરલા (લોકસભા અધ્યક્ષ)




એઆઈને કારણે શિક્ષણ ખોખલું બની રહ્યું છે, કારણ કે એમાં શિક્ષક મશીનથી પાઠ તૈયાર કરે છે, વિદ્યાર્થી મશીનથી જવાબ તૈયાર કરે છે અને એક મશીન તેમના લખેલા જવાબનું મૂલ્યાંકન કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં માનવ મનનો ક્યાંય કોઈ ઉપયોગ નથી.

- અનુરાગ બેહર (અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનના સીઈઓ)




ટેકનોલોજીની આંધળી દોડમાં સામેલ થવા કરતાં સંતુલન જાળવવું જરૂરી છે, જે આપણને માણસ બનાવી રાખે. ટેક્નોલોજી પોતાની અતિ માનવીય ક્ષમતાથી આપણા માનવીય ગુણો છીનવી લેવા પર ઉતરી આવી છે. ઈન્ટરનેટ આપણી યાદશક્તિ અને એઆઈ આપણી કલ્પના શક્તિને નષ્ટ કરી રહ્યું છે.

- પ્રિયદર્શન (પત્રકાર અને લેખક)




નોકરીઓનું પરિદ્રશ્ય બદલાઈ રહ્યું છે. બ્લુ કોલર નોકરીઓનું મૂલ્ય ઓછું નથી. દર મહિને એંશી હજાર કમાતા ઓટોમોબાઈલ રીપેર ટેકનિશયન અને બીજી બાજુ એન્જિનિયરિંગની ડિગ્રી સાથે ઘરે બેઠેલા બેરોજગાર યુવાન છે - આ બેમાંથી કોની સ્થિતિ સારી ગણાય ?

- ચેતન ભગત (લેખક)



થિયેટરથી લઈને ફિલ્મો અને ઓટીટી સુધી હું કેરેક્ટરની સચ્ચાઈ અને કેરેક્ટર સાથેના તેના સંબંધો પર ધ્યાન આપું છું. માધ્યમ પ્રમાણે ટેકનિકલ તફાવતો ચોક્કસ હોય છે, પંરતુ એકટરની જવાબદારી એ જ રહે છે.

- મનોજ બાજપેયી (અભિનેતા)



આજે વિશ્વ એવા પરિવર્તનોમાંથી પસાર થઈ રહ્યું છે જે સિત્તેર-એંશી વર્ષે એકવાર જોવા મળે છે. આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા નબળી પડી રહી છે અને ચીન જેવી નવી શક્તિ પ્રભાવ વધારી રહી છે એવા સંજોગોમાં ભારત અને અમેરિકા સાથે મળીને ભવિષ્યની વિશ્વ વ્યવસ્થાને આકાર આપી શકે છે.

- એન્ટની બ્લિંકન (અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી)

ભારતમાં સૌથી મોટી પરિક્રમા નર્મદા નદીની છે...

પ્રકૃતિના સાનિધ્યમાં આત્માની ખોજનો અવસર એટલે ગિરનાર લીલી પરિક્રમા

આજે શુક્રવારથી શરૂ થતી ગિરનારની લીલી પરિક્રમા એ શ્રદ્ધા, પ્રકૃતિ અને સંસ્કૃતિનો અનોખો સંગમ છે. પરિક્રમાનું આધ્યાત્મિક મહત્વ છે. પદયાત્રા કરીને પરિક્રમા કરનારા પ્રકૃતિના સાનિધ્યમાં અંતર આત્માની ખોજ કરવાનો અવસર મેળવી લે છે. સંસ્કૃતમાં 'પરિક્રમા'નો અર્થ થાય છે 'ચારે બાજુ ફરવું' (પ્રદક્ષિણા). હિન્દુ ધર્મમાં મંદિર, પર્વત કે પવિત્ર નદીને ઈશ્વરનું સાક્ષાતસ્વરૂપ માનવામાં આવે છે. પરિક્રમા કરતી વખતે વ્યક્તિ કેન્દ્રમાં રહેલા ઈશ્વરની આસપાસ ફરે છે, જેનો અર્થ એ છે કે 'મારા જીવનના કેન્દ્રમાં માત્ર ઈશ્વર જ છે.'

મંદિરો અને પવિત્ર પર્વતો (જેમ કે ગિરનાર) પર હજારો વર્ષોથી ઋષિ-મુનિઓની તપસ્યા અને મંત્રોચ્ચારને કારણે વિશેષ ચુંબકીય અને આધ્યાત્મિક ઊર્જા એકત્રિત થયેલી હોય છે. ઘડિયાળના કાંટાની દિશામાં પરિક્રમા કરવાથી શરીર આ ઊર્જાને ગ્રહણ કરે છે.કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ચાલતી ૩૬ કિમીની આ લીલી પરિક્રમામાં લાખો શ્રદ્ધાળુઓ ગિરનારના જંગલોમાંથી પસાર થાય છે. એક સમયે લોકો હાથમાં ફાનસ સાથે વહેલી સવારે પ્રદક્ષિણા કરતા હતા.

પગપાળા ચાલવું, જંગલમાં રહેવું અને સાદું ભોજન લેવું એ શરીર અને મનને શુદ્ધ કરે છે. ગિરનારની ૩૬ કિલોમીટરની પરિક્રમા પ્રકૃતિના ખોળે રહીને પર્યાવરણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે.

ગોવર્ધન પરિક્રમા (મથુરા, ઉત્તર પ્રદેશ) અત્યંત પ્રસિદ્ધ અને પવિત્ર ગણાય છે, આશરે ૨૧ કિમી (૭ કોસ)ની આ પરિક્રમા દર મહિને પૂનમે અને ખાસ કરીને ગુરુ પૂર્ણિમા તથા દિવાળી પર લાખો ભક્તો કરે છે. જતીપુરાની પરિક્રમા એ હકીકતમાં ગોવર્ધન પરિક્રમાનો જ એક અત્યંત મહત્વપૂર્ણ અને પવિત્ર ભાગ છે. ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં આવેલા ગોવર્ધન પર્વતની તળેટીમાં જતીપુરા નામનું એક ઐતિહાસિક અને આધ્યાત્મિક ગામ આવેલું છે. જતીપુરામાં ગુજરાતી



શ્રદ્ધાળુઓની એટલી મોટી અવરજવર રહે છે કે અહીં 'ગુજરાતી બજાર', ગુજરાતી ધર્મશાળાઓ અને શુદ્ધ ગુજરાતી ભોજનશાળાઓ (અન્નક્ષેત્રો) આવેલા છે. અહીં સ્થાનિક લોકો પણ ગુજરાતી ભાષા સમજે છે અને બોલે છે. ખાસ કરીને અન્નકૂટ (બેસતું વર્ષ) અને ગુરુ પૂર્ણિમાના દિવસે જતીપુરામાં 'મિની ગુજરાત' જેવો માહોલ જોવા મળે છે

પ્રસંગપટ

પરંતુ ભારતમાં સૌથી મોટી પરિક્રમા નર્મદા નદીની છે. આ વિશ્વની સૌથી મોટી, સૌથી કઠીન અંદાજે ૨૬૦૦ કિલો મીટરની છે. તેને પુરી કરવામાં ૩ વર્ષ, ૩ મહિના અને ૧૩ દિવસનો સમય લાગે છે. બ્રજની ૮૪ કોસ (આશરે ૨૫૦-૩૦૦ કિમી)ની પરિક્રમા ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ સાથે જોડાયેલી છે, જે ગોવર્ધન પરિક્રમાનું વિસ્તૃત સ્વરૂપ છે.

વિશ્વના દરેક ધર્મોમાં પરિક્રમાનું મહત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં પરિક્રમા એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સામાજિક, પર્યાવરણીય અને સાંસ્કૃતિક જીવનશૈલીનો એક અભિન્ન ભાગ છે.

જેમાં પ્રકૃતિ પૂજાને મહત્વ અપાય છે. આપણી સંસ્કૃતિ નદી, પર્વત અને વૃક્ષોને નિર્જીવ માનવાને બદલે 'માતા' કે 'દેવ' તરીકે પૂજે છે. ગિરનાર કે નર્મદાની પરિક્રમા એ પ્રકૃતિના સંરક્ષણ અને જંગલો પ્રત્યે પ્રેમ કેળવવાનું માધ્યમ છે.પરિક્રમાના માર્ગ પર અમીર-ગરીબ, ઊંચ-નીચ કે જાતિના ભેદભાવ ભૂલીને સૌ એક સાથે ચાલે છે. ઠેર-ઠેર ચાલતા અન્નક્ષેત્રો (મફત ભોજન અને સેવા કેન્દ્રો) આપણી સંસ્કૃતિની 'અતિથિ દેવો ભવ' અને સેવાભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.


ગિરનારની પરિક્રમા દરમિયાન રાત્રિ રોકાણ વખતે ગવાતા ભજનો, દુહા-છંદ અને લોકવાર્તાઓ ગુજરાતની ભાતીગળ લોક સંસ્કૃતિને જીવંત રાખે છે. ગિરનારની પરિક્રમા કરનારા માટે સેવા કેન્દ્રો બહુ મોટા પાયે જોવા મળી રહ્યા છે. કેટલાક લોકો પિકનીક માટે આવ્યા હોય એમ ખાણી-પીણીમાં મસ્ત રહે છે જેના કારણે ભક્તિભાવ પૂર્વક જય ગિરનારીના નારા સાથે પરિક્રમા કરનારાની લાગણી દુભાય છે. પરિક્રમા કરનારાની સંખ્યા વધી છે સાથે સાથે સલામતીના પગલાં પણ વધ્યા છે. અમદાવાદ વટવાના શક્તિપીઠ સેવા આશ્રમ ટ્રસ્ટ મારફતે ગિરનાર પરિક્રમાના શ્રધ્ધાળુઓ માટે મેડિકલ કેમ્પ ઉભો કરાય છે. જ્યાં તમામ તબીબી સવલતો પુરી પડાય છે. વહેલી સવારથીજ પરિક્રમા કરનારા જય ગિરનારીના નારા સાથે યાત્રા શરૂ કરે છે.

આપણા શાસ્ત્રોમાં લગ્ન વખતે અગ્નિની આસપાસ લેવાતા સાત ફેરા પણ એક પ્રકારની પરિક્રમા જ છે, જે દંપતીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની મર્યાદામાં રહીને જીવન જીવવાની શીખ આપે છે.

પરિક્રમા એ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સામાજિક, પર્યાવરણીય અને સાંસ્કૃતિક જીવનશૈલીનો એક અભિન્ન ભાગ છે

ભગવાન રામને પોલીસની સલામી

નવી 'રામાયણ' ફિલ્મે ધૂમ મચાવી છે અને વી.એફ.એક્સ સહિતની અદ્યતન ટેકનોલોજીને લીધે ફિલ્મના પડદા પરના દ્રશ્યો જોઈને દર્શકો મંત્રમુગ્ધ બની જાય છે ત્યારે કળીયુગમાં રામની લીલાને વંદન કરવાનું મન થાય પણ કદાચ ઘણાં ન જાણતા હોય તો કહેવાનું મન થાય કે ભગવાન રામને રાજા તરીકે આજે પણ એક જગ્યાએ પોલીસ દ્વારા સશસ્ત્ર સલામી આપવામાં આવે છે. આ સ્થળ છે મધ્ય પ્રદેશના ઓરછામાં આવેલું રાજા રામ મંદિર. કારણ કે ભગવાન રામ અયોધ્યાના જ નહીં આરછાના રાજા તરીકે પોલીસ દ્વારા સલામી આપવામાં આવે છે. છેલ્લાં લગભગ ૫૦૦થી વધુ વર્ષથી રાજા રામને ગાર્ડ ઓફ ઓનર આપવાની પરંપરા ચાલી આવે છે. આની પાછળ એવી લોકવાયકા છે કે ઓરછાના રાજા મધુકર શાહ કૃષ્ણભક્ત હતા અને રાણી રામભક્ત હતા. એકવાર રાજા વૃંદાવન જવા તૈયાર થયા, રાણીને સાથે આવવા કહ્યું, પણ રાણીએ અયોધ્યા જવાની હઠ લીધી. રાજાએ પડકાર કર્યો કે તારા રામ સાચા હોય તો અયોધ્યાથી ઓરછા આવી દેખાડે. આથી રાણીએ પ્રણ લીધું કે તે



ભગવાન રામને લઈને જ આવશે. અયોધ્યા જઈ સરયૂ નદીના કિનારે કઠોર તપસ્યા કરી અને રામજી પ્રસન્ન થયા, બાળ સ્વરૂપે પ્રગટ થયા. રાણી સાહેબની ખુશીનો પાર ન રહ્યો. રામજીએ ત્રણ શરત રાખી. આ મૂર્તિને પુષ્ય નક્ષત્રમાં સાધુસંતો સાથે પગપાળા ઓચ્છા લઈ જવાની, ઓચ્છામાં રાજા તરીકે રામની સત્તા પ્રવર્તશે અને જે સ્થાને મૂર્તિને નીચે મૂકવામાં આવશે એ જ કાયમી સ્થાપના સ્થાન બની જશે. રાણીસાહેબે ઓરછા પહોંચી મહેલમાં પહોંચી મૂર્તિ જે જગ્યાએ થોડીવાર માટે મૂકી એ જ કાયમી સ્થાન બની ગયું. રાજાએ પોતાનું રાજપાટ પ્રભુ રામને સમર્પિત કરી દીધું. બસ ત્યારથી પ્રભુ રામ અયોધ્યાની સાથે ઓરછાના રાજા બન્યા. અને રાજાને તો સલામી આપવી જ પડેને?

૩૦ હજાર કરોડની જમીન પર કોણ રહે છે?

મુંબઈમાં સોનાનાકટકાથી પણ મોંઘી હજારો કરોડથી મોંઘી પ્રોપર્ટી અને પ્રોપર્ટી

મેરા ભારત મહાન

અક્ષય અંતાણી

ફક્ત એક જ મોભાદાર વ્યક્તિ પોતાના પરિવાર અને જંગી સ્ટાફ સાથે નિવાસ કરતી હોય એ કોણ હશે? એ વ્યક્તિ ધરખમ ઉદ્યોગપતિ નથી. ભૂતપૂર્વ રાજા મહારાજા નથી, મિલોના માલિક નથી કે

ક્રૂડ ઓઈલની ઊંચી આયાતને કારણે બાહ્ય સંતુલન પર દબાણ

અમદાવાદ, તા. ૧૯

ઓક્ટોબર ૨૦૨૬માં ભારતની ચીજ વસ્તુઓની નિકાસમાં વાર્ષિક ધોરણે ૪૫.૦૬%નો તીવ્ર વધારો નોંધાયો છે. આ સાથે નિકાસ ૪૯.૪૭ અબજ ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી છે, જે મુખ્ય ક્ષેત્રોમાં મજબૂત બાહ્ય માંગ દર્શાવે છે. ચીજ વસ્તુઓની આયાત પણ રેકોર્ડ ૮૯.૩૫ અબજ ડોલરના સ્તરે પહોંચી છે, જે વાર્ષિક ધોરણે ૧૬.૫૧%નો વધારો દર્શાવે છે.

પેટ્રોલિયમની આયાતમાં તીવ્ર વધારાએ ઊર્જા પરની નિર્ભરતાને કારણે ઉદ્ભવતા જોખમો ઉજાગર થયા

આ વધારાનું મુખ્ય કારણ પેટ્રોલિયમ અને ક્રૂડ ઓઈલની ખરીદી છે. જોકે, સેવા ક્ષેત્રના વેપારમાં અંદાજે ૧૯.૭૯ અબજ ડોલરની સરપ્લસ (વધારાની આવક) મળી છે, જેણે વધતા આયાત બિલ સામે રાહત પૂરી પાડી છે. પરિણામે, ભારતની એકંદરે વેપાર ખાધ, જે એક વર્ષ પહેલાં ૨૫.૧ અબજ ડોલર હતી, તે ઘટીને ઓક્ટોબરમાં ૨૦.૦૯ અબજ ડોલર થઈ ગઈ છે.

આ અહેવાલમાં ભારતની ઊર્જા નિર્ભરતાને કારણે ઉદ્ભવતા મેક્રોઇકોનોમિક જોખમો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. ઓક્ટોબરમાં યુએસ ડોલર સામે રૂપિયો વાર્ષિક ધોરણે ૮.૦૨% નબળો પડ્યો હતો, જે વિદેશી ઈક્વિટી આઉટફ્લો અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે સરેરાશ ?૯૫.૫૧ પ્રતિ ડોલર હતો.

બીટુકે એનાલિટિક્સના અહેવાલ મુજબ ઓક્ટોબરમાં ભારતનું નિકાસ પ્રદર્શન તેના બાહ્ય ક્ષેત્રની વધતી જતી મજબૂતીને દર્શાવે છે, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ જેવા ઉત્પાદન-આધારિત ક્ષેત્રોનું યોગદાન નોંધપાત્ર છે. જોકે, પેટ્રોલિયમની આયાતમાં થયેલો તીવ્ર વધારો ઊર્જા પરની નિર્ભરતાને કારણે ઉદ્ભવતા જોખમોને ઉજાગર કરે છે. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના દબાણ વચ્ચે, આયાત-જનિત ફુગાવાનું સંચાલન કરવાની સાથે નિકાસની ગતિ જાળવી રાખવી એ વધુ મજબૂત વેપાર ઇકોસિસ્ટમ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ રહેશે. વેપારની વસ્તુઓની યાદી (ટ્રેડ બાસ્કેટ) પર નજીકથી નજર નાખતા જણાય છે કે સ્થાનિક ઉત્પાદન ક્ષેત્રનો વ્યાપ વધી રહ્યો છે.

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૯૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૩૦
રાઈસ બ્રાન્ડ (૧૫કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦
દિવેલ	૨૮૦૦
પામોલીન જુનો ડબો	૨૧૫૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોણું સરસીયું	૨૯૫૦
તીખું સરસીયું	૩૨૦૦
સનફ્લાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા	૧૬૨૦૦૦-૧૬૪૦૦૦
ચાંદી રૂપુ	૧૬૧૮૦૦-૧૬૩૮૦૦
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯)	૧૩૪૦૦૦-૧૩૫૦૦૦
સોનું (૯૯.૫)	૧૩૩૭૦૦-૧૩૪૭૦૦
હોલમાર્ક	૧૩૨૩૦૦

મુંબઈ

ચાંદી	૧૬૯૪૩૯
સોનું (૯૯.૫)	૧૨૮૦૧૨
સોનું (૯૯.૯)	૧૨૯૫૩૧

રાજકોટ

ચાંદી	૧૬૪૦૦૦
૨૪કેરેટ૧૦ગ્રામ	૧૩૬૫૦૦
સીકકા (૧ ગ્રામ)	૧૩૯૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૨૧૪૦૦

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
મારૂતિ	૧૩૫૮૯.૦૦	૭.૫૮
આઈશર મોટર્સ	૮૦૫૮.૫૦	૪.૬૬
મહિન્દ્રા	૩૫૦૬.૦૦	૪.૪૬
ટાટા મોટર્સ પેસે.	૨૬૩.૫૦	૪.૩૪
હિંદ લીવર	૨૦૭૪.૨૦	૪.૦૭
બજાજ ઓટો	૧૦૮૧૭.૦૦	૨.૩૪
BEL	૪૦૪.૨૦	૨.૧૨
પાવરગ્રીડ	૨૬૪.૫૦	૨.૦૮
SBI	૧૧૫૭.૦૦	૧.૮૫
મેક્સ હેલ્થ	૧૦૪૦.૬૫	૧.૭૪
નેસ્લે	૧૩૦૩.૪૦	૧.૭૦
HDFC બેંક	૮૨૧.૮૦	૧.૬૯
કોટક બેંક	૫૦૩.૦૦	૧.૬૫
ગ્રાસીમ	૩૧૧૧.૧૦	૧.૬૦
JSW સ્ટીલ	૧૩૩૬.૮૦	૧,૫૮

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
મારૂતિ	૧૩૫૯૯.૦૦	૭.૫૮
મહિન્દ્રા	૩૫૧૦.૨૦	૪.૭૮
એક્સિસ બેંક	૧૪૧૮.૦૦	૪.૩૮
હિંદ લિવર	૨૦૭૩.૯૦	૪.૨૨
BEL	૪૦૪.૦૦	૨.૧૨
SBI	૧૧૫૮.૦૦	૨.૧૧
પાવરગ્રીડ	૨૬૪.૦૦	૧.૯૩
સન ફાર્મા	૧૯૦૩.૦૦	૧.૬૪
HDFC બેંક	૮૨૦.૫૦	૧.૫૮
બજાજ પીન	૧૮૮૧.૦૦	૧.૫૭
NTPC	૩૨૫.૦૦	૧.૫૬
અલ્ટ્રાટેક	૧૨૫૮૦.૦૦	૧.૩૬
ITC	૩૦૧.૦૦	૧.૩૫
લાર્સન	૪૨૦૫.૦૦	૧.૨૮
ટ્રેન્ટ	૩૨૨૧.૯૫	૧.૧૬

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી	૧૬૦૪૩૯
મુંબઈ સોનું (૯૯.૫)	૧૨૯૦૧૨
મુંબઈ સોનું (૯૯.૯)	૧૨૯૫૩૧
અમ. ચાંદી	૧૬૪૦૦૦
અમ. સોનું (૯૯.૯)	૧૩૫૦૦૦
અમ. સોનું (૯૯.૫)	૧૩૪૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો	૩૨૦૦
અમ. કપાસિયા નવો	૨૬૩૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ	૧૮૨૫
રાજકોટ મગફળી	૧૮૪૦-૧૮૫૦
સોનુ ૨૪ કેરેટ	૧૩૬૫૦૦
૧ કિલો ચાંદી	૧૬૪૦૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી	૧૦૦-૧૮૦
બટાકા ડીસા	૧૪૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૮૦૦-૧૦૬૦
ડુંગળી એમપી	૫૦૦-૯૦૦

કંપનીઓની વિદેશમાં નાણાંકીય કમીટમેન્ટ વધી ૪.૬૫ અબજ ડોલર

મુંબઈ, તા. ૧૯

ભારતીય કંપનીઓની વિદેશમાં નાણાંકીય કમીટમેન્ટ (ખાતરી) ઓક્ટોબરમાં વાર્ષિક ધોરણે ૧૭.૪૦ટકા વધી ૪.૬૫ અબજ ડોલર રહી હતી. કંપનીઓ દ્વારા લોન્સ તથા ગેરન્ટીમાં વધારો થયો હતો જ્યારે ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસમાં ઘટાડો થયો છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે.

ગત મહિને કંપનીઓ દ્વારા લોન તથા ગેરન્ટીમાં વધારો જ્યારે ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસમાં ઘટાડો

ઓક્ટોબર, ૨૦૨૫માં કુલ ખાતરી ૩.૯૬ અબજ ડોલર રહી હતી જ્યારે વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં આ આંક ૪.૪૭ અબજ ડોલર રહ્યો હતો.

ઓક્ટોબરના આંકમાં ભારતીય કંપનીઓના ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટસ, લોન્સ તથા તેમના દ્વારા તેમની સબ્સીડિઅરીસ અને વિદેશમાંના સંયુક્ત સાહસોની તરફેણમાં પૂરી પડાયેલી બાંયધરીનો સમાવેશ થાય છે.

ઓક્ટોબરમાં લોનની ખાતરી બમણી થઈને ૧.૪૯ અબજ ડોલર રહી હતી. પૂરી પડાયેલી બાંયધરીનો આંક ૧.૧૨ અબજ ડોલર રહ્યો હતો. જો કે ઈક્વિટી રોકાણ જે ગયા વર્ષના ઓક્ટોબરમાં ૨.૩૫ અબજ ડોલર રહ્યુ હતું તે ઘટી ૨.૦૫ અબજ ડોલર રહ્યુ છે.

ભારતીય કંપનીઓની નાણાંકીય કટિબદ્ધતા મુખ્યત્વે નેધરલેન્ડસ તથા મોરિશિયસમાં સૌથી ઊંચી જોવા મળી હતી. નેધરલેન્ડસ ખાતે ૧.૧૬ અબજ ડોલર અને મોરિશિયસ ખાતે ૧.૧૪ અબજ ડોલરના ઈન્વેસ્ટમેન્ટસની ખાતરી અપાઈ હતી. ૭૧.૩૩ કરોડ સાથે ત્રીજા ક્રમે સિંગાપુર રહ્યુ હોવાનું પણ રિઝર્વ બેન્કે જણાવ્યુ હતું.

વિદ્યુતીકરણથી અશ્મિભૂત ઈંધણની આયાતમાં મોટો ઘટાડો થવાની શક્યતા

અમદાવાદ, તા. ૧૯

ક્લાઈમેટ કમ્પેટિબલ ફ્યુચર્સના એક નવા અહેવાલ મુજબ, જો ભારત ગ્રીન હાઈડ્રોજન અને બાયોએનર્જીના સમર્થન સાથે પરિવહન, ઉદ્યોગ અને ઘરોમાં વિદ્યુતીકરણને વેગ આપે, તો તે વર્તમાન ગતિની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૩૫ (FY૩૫) સુધીમાં અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ)ની આયાત પર વાર્ષિક રૂ. ૯.૬ લાખ કરોડની બચત કરી શકે છે.

અભ્યાસનો અંદાજ છે કે સામાન્ય પરિસ્થિતિ (બિઝનેસ-એઝ-યુઝુઅલ) હેઠળ રૂ. ૧૭ લાખ કરોડના અંદાજ સામે દેશનું વાર્ષિક આયાત બિલ ઘટીને રૂ. ૭.૪ લાખ કરોડ થઈ શકે છે.

અહેવાલમાં જણાવાયું છે કે ઝડપી વિદ્યુતીકરણથી નાણાકીય વર્ષ ૨૦૨૫ (FY૨૦૨૫)ના રૂ. ૧૨.૫ લાખ કરોડના સ્તરથી વાર્ષિક અશ્મિભૂત ઈંધણ આયાત ખર્ચમાં ૪૦%થી વધુનો ઘટાડો થઈ શકે છે.

કુલ ઊર્જા માંગમાં વીજળીના હિસ્સામાં ઘટાડો થશે

ઝડપી વિદ્યુતીકરણના સંજોગોમાં, ભારતની કુલ ઊર્જા માંગમાં વીજળીનો હિસ્સો વર્તમાન ગતિ હેઠળ આશરે ૩૨%ની સરખામણીમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૨૯%થી વધીને નાણાકીય વર્ષ ૨૦૩૫ સુધીમાં ૫૪% સુધી પહોંચી શકે છે.

કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

નિફ્ટી નવેમ્બર ફ્યુચર

શુક્રવારના રોજ નિફ્ટીની રેન્જ ૨૫૩૦૦થી ૨૫૬૫૦ વચ્ચે જોવાય.

ફ્યુચર માર્કેટ

- બ્લ્યુ સ્ટાર : (૧૭૭૪)નો નવેમ્બર માસનો ફ્યુચર ૧૭૭૪ ઉપર ૧૭૩૦નો સ્ટોપલોસ રાખી ખરીદવું. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૮૦૦, ટાર્ગેટ -૨ ૧૮૨૦ સુધી સુધારાની શક્યતા છે.

- પેટીએમ : (૧૭૩૦)નો નવેમ્બર માસનો ફ્યુચર ૧૭૩૦ નીચે ૧૭૯૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૬૯૦, ટાર્ગેટ -૨ ૧૬૪૦ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- ફીઆમ ઈન્ડસ્ટ્રીઝ : (૨૧૭૪) ૨૧૭૪ ઉપર ૨૧૦૦ સ્ટોપલોસ રાખી ખરીદવું. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૨૨૦, ટાર્ગેટ -૨ ૨૨૪૦ સુધી સુધારાની શક્યતા છે.

- પિરામલ ફાઈનાન્સ : (૨૦૨૬) ૨૦૨૬ નીચે ૨૧૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૯૭૫, ટાર્ગેટ -૨ ૧૯૪૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

ડોલર સામે રૂપિયો ઉછળી સાત મહિનાની ટોચેઃ પાઉન્ડ રૂ.૧૨૩ની અંદર ઉતર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,ગુરૂવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં ઘટાડો આગળ વધતાં રૂપિયો વધુ ઉંચકાયો હતો. શેરબ જાર ફરી ઉછળતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ ઘટાડા પર રહેતાં મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયો ઝડપી ઉંચકાયો હતો. ડોલરના ભાવ રૂ.૯૩.૪૫ વાળા આજે સવારે રૂ.૯૩.૪૩ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૩.૫૨ તથા નીચામાં ભાવ રૂ.૯૩.૧૫ થઈ રૂ.૯૩.૨૯ રહ્યા હતા.

ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪ નજીક પહોંચ્યા પછી ઘટયોઃ ભારતના ફોરેક્સ રિઝર્વ અપડેટ પર હવે બજારની નજર

ડોલરના ભાવ આજે વધુ ૧૬ પૈસા ઘટતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૧૭ ટકા ઉંચકાયો હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં જો કે ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચામાં ૧૦૪ નજીક ૧૦૩.૯૭ સુધી પહોંચ્યા પછી ઘટી ડોલર ઈન્ડેક્સ નીચામાં ૧૦૩.૫૯ થઈ ૧૦૩.૭૦ રહ્યાના સમાચાર હતા.

ફોરેક્સ ભાવ

ડોલર	રૂા. ૯૩.૨૯
પાઉન્ડ	રૂા. ૧૨૨.૬૩
યુરો	રૂા. ૧૦૨.૫૪
યેન	રૂા. ૦.૫૮
બ્રેન્ટ ક્રૂડ	૯૨.૫૦ ડોલર

મુંબઈ બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ વધુ ૪૫ પૈસા તૂટ્યા હતા. પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૨.૫૪ થઈ રૂ.૧૨૨.૬૩ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ ઉંચામાં રૂ.૧૦૨.૬૫ તથા નીચામાં રૂ.૧૦૨.૩૦ થઈ રૂ.૧૦૨.૫૪ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે આજે ૦.૪૮ ટકા તૂટી હતી. જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૧૫ ટકા માઈનસમાં ટ્રેડ થતી દેખાઈ હતી. અમેરિકા, ચીન તથા રશિયાના પ્રમુખોની મળી રહેલી ખેલાડીઓની નજર રહી હતી. ડોલર સામે રૂપિયો આજે વધી ૭ મહિનાની ટોચે પહોંચ્યો હતો ભારતમાં હવે શુક્રવારે બહાર પડનારા ફોરેક્સ રિઝર્વના આંકડાઓ પર પણ બજારની નજર રહી હતી.

ખાદ્યતલોમાં મિશ્ર હવામાનઃ નવા કપાસમાં ટેકાના ભાવોએ ખરીદી શરૂ

મુંબઈ, તા. ૧૯

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે પામતેલ તથા સનફલાવર તેલના ભાવ ઘટયા હતા જ્યારે અન્ય ખાદ્યતેલો શાંત રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. દિવેલ તથા હાજર એરંડામાં ભાવ ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજારમાં આજે મલેશિયા પામતેલ વાયદાના ભાવ વધુ ૪૪થી ૫૪ પોઈન્ટ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ નરમ રહેતાં તેની અસર વૈશ્વિક ખાદ્યતેલોના ભાવ પર જોવા મળી હતી. દરમિયાન, મુંબઈ હાજર બજારમાં આજે દિવેલના ભાવ ૧૦ કિલોદીઠ વધુ રૂ.૪ ઘટતાં એરંડાના હાજર ભાવ ક્વિ.ના વધુ રૂ.૨૦ નરમ રહ્યા હતા.

મુંબઈ બજારમાં સિંગતેલના ભાવ રૂ.૧૮૬૦ તથા કપાસિયા તેલના ભાવ

વિશ્વ બજારમાં ખાદ્યતેલોમાં ઘટાડો

રૂ.૧૪૩૦ રહ્યા હતા. પામતેલના ભાવ રૂ.૧૩૧૦ તથા સનફલાવરના ભાવ રૂ.૧૫૨૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૨૦ રહ્યા હતા. મુંબઈ ખોળ બજારમાં આજે એરંડા ખોળના ભાવ ટનના રૂ.૧૦૦ ઘટયા હતા. જ્યારે અન્ય ખોળો શાંત રહ્યા હતા. દરમિયાન, સરકાર હસ્તકના કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦૨૬-૨૭ની મોસમના કપાસમાં ટેકાના ભાવોએ તેલંગણામાં કપાસની ખરીદી અત્યાર સુધીમાં આશરે ૮૦૦૦ ક્વિન્ટલ જેટલી થઈ હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૮૨૫ તથા કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૪૦ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૩૯૦ રહ્યા હતા.

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : કમાલબંધ વાસણાની સીમના બ્લોક/સર્વે નંબર : ૫૨૭ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબર : ૪૮૦) ની હે.આરે.ચો.મી. ૦-૪૬-૦૯ વાળી જુની શરતની ખેતીની જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન જગદીશભાઈ કાળીદાસ પટેલની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન- ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

ભક્તિ એસોસીએટ્સ,
હાર્દિક બી. સુવાગીયા, એડવોકેટ
મોબાઈલ : ૯૭૧૪૦૪૦૦૩૬
ઓફિસ: ૨૦૪, સંકલ્પઆઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

જાહેર નોટિસ

જલુન્દ્રા મોટા

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો: દહેગામના મોજે ગામ : જલુન્દ્રા મોટાની સીમનાસર્વે/બ્લોક નંબર: : ૪૭ (રી સરવે પહેલાના બ્લોક/સર્વે નંબર: ૪૩)ની હે.આરે.ચો.મી. ૨-૦૩-૦૩ વાળી જુની શરતની ખેતીની જમીન (૧) દશરથભાઈ નાગરભાઈ પટેલ (૨) દિપેશકુમાર દશરથભાઈ, રહેવાસી: દહેગામનાએ પોતાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી સદરહું સર્વે/બ્લોક નંબર : ૪૭ (રી સરવે પહેલાના બ્લોક/સર્વે નંબર : ૪૩) પૈકીની ૭૧૩૪ ચો.મી. જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો/બેંક/ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટ કે જેઓનો મજકુર જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ, રેવન્યુ ચાર્જીસ, કોઈપણ લોન કે ભરણ પોષણના આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી. એ.ડી. થી નીચેના સરનામે કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈના કોઈપણ પ્રકારના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તે તમામ રાજીખુશીથી જતા યાને કે વેવ કરેલ છે. તેમ સમજી મુદત વીત્યેથી અમારા અસીલને સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય/ સર્ટીફિકેટ આપીશું અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તારીખ: ૧૯/૧૧/૨૦૨૬
સૃષ્ટિ એસોસીએટ્સ,
હિરેન એ. રાજપુત,
એડવોકેટ એન્ડ નોટરી
મોબાઈલ: ૯૯૨૫૩૮૭૬૩૮
ઓફીસ: બી/૩૦૩, શાંતિનિકેતન બિઝનેશ સેન્ટર, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ

જાહેર નોટિસ

વાસણા રાઠોડ

ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : વાસણા રાઠોડની સીમના બ્લોક/સર્વે નંબર : ૧૩૬ (રી સર્વે પહેલાના બ્લોક/સર્વે નંબર : ૧૨૪) ની હે.આરે.ચો.મી. ૦-૭૮-૮૨ વાળી જુની શરતની ખેતીની જમીન (૧) કનુભાઈ શંકરભાઈ વાળંદ, (૨) વસંતકુમાર શંકરભાઈ વાળંદ, (૩) અશોકભાઈ શંકરભાઈ વાળંદ, સર્વે રહેવાસી : વાસણા રાઠોડનાએ પોતાની સ્વંતત્ર માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો/બેંક/ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટ કે જેઓનો મજકુર જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ, રેવન્યુ ચાર્જીસ, કોઈપણ લોન કે ભરણ પોષણના આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી. એ.ડી. થી નીચેના સરનામે કરવી (પુરાવા વગરના વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો મુદતમાં જાણ કરવામાં નહીં આવે તો કોઈના કોઈપણ પ્રકારના હક્કો આવેલ નથી અને આવેલ હોય તો તે તમામ રાજીખુશીથી જતા યાને કે વેવ કરેલ છે. તેમ સમજી મુદત વીત્યેથી અમારા અસીલને સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર, ચોખ્ખા અને માર્કેટેબલ હોવા અંગેનું રેકર્ડ પરથી અભિપ્રાય/ સર્ટીફિકેટ આપીશું અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તારીખ: ૧૯/૧૧/૨૦૨૬
સૃષ્ટિ એસોસીએટ્સ,
હિરેન એ. રાજપુત,
એડવોકેટ એન્ડ નોટરી
મોબાઈલ: ૯૯૨૫૩૮૭૬૩૮
ઓફીસ: બી/૩૦૩, શાંતિનિકેતન બિઝનેશ સેન્ટર, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ વિરમગામ તાલુકાના મોજે ગામ-ખુદડ ની સીમના ખાતા નંબર ૪૯૧ માં આવેલ બ્લોક/સર્વે નં-૩૦૧ (જુનો બ્લોક/સર્વે નં-૪૬૨) ની હે.આરે.ચો.મી ૧-૧૭-૦૧ પો.ખ.અ. ૦-૦૬-૦૭ એમ કુલ ક્ષેત્રફળ હે.આરે. ચો.મી.૧-૨૩-૦૮ જેનો આકાર રૂ. ૩.૨૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલિક બીપીનભાઈ રણછોડભાઈ પટેલ નાઓના માલીકી કબજા ભોગવટા વહીવટ હેઠળ બોજા રહિત હોવાનું જણાવી જે અંગે અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે સદરહું જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટની માગણી કરેલ છે. આથી સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો કે ગણોતીયા હક્ક, ગીરો કે કબજા હક્ક, વારસાઈ હક્ક ઈત્યાદી.કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં અમોને લેખીત પુરાવા સહિત સ્પીડ પોસ્ટથી નીચે જણાવેલ સરનામે જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદરહું જમીન ઉપર કોઈનો અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો ચાર્જ નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી સદરહું જમીનોનો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈ ની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ.
તા-૧૯/૧૧/૨૦૨૬
અનિલકુમાર પરદેશી (એડવોકેટ)
લપકામણ, પોસ્ટ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ,૩૮૦૦૬૦
ફોન:-૯૮૨૪૮૭૪૪૮૧

જાહેર નોટિસ

ભરકુંડા

ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, તાલુકો : દસક્રોઈના મોજે ગામ : ભરકુંડાની સીમના બ્લોક/સર્વે નંબર : ૩૧૦ (રી સર્વે પહેલાના બ્લોક/સર્વે નંબર : ૫૭) ની હે.આરે.ચો.મી. ૦-૪૧-૩૧ પૈકીની ૨૦૬૫ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીન રમેશજી ખોડાજી, રહેવાસી : ભરકુંડા, અમદાવાદનાએ પોતાના હિસ્સાની સંયુક્ત માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સર્વે શખ્સો/બેંક/ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટ કે જેઓનો મજકુર જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, બાનાખત, ઈઝમેન્ટ,રેવન્યુ ચાર્જીસ, કોઈપણ લોન કે ભરણ પોષણના આવેલ હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પુરાવાની પ્રમાણીત નકલ સહિત લેખિત જાણ રજી. એ.ડી. થી નીચેના સરનામે કરવી (પુરાવ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

બુમરાહની ત્રણ વિકેટ : નિકોલ્સના ૧૧૩* અને ફિલિપ્સના ૯૪*

પ્રથમ ટેસ્ટ : ભારતની આક્રમક શરૂઆત બાદ ન્યુઝીલેન્ડના લડાયક બેટિંગ સાથે ૨૪૩/૫

એક તબક્કે ન્યુઝીલેન્ડની ટીમ ૭૦/૫ પર ફસડાઈ હતી : હેનરી અને ફિલિપ્સ વચ્ચે ૧૭૩ રનની નોટઆઉટ ભાગીદારી



વેલિંગ્ટન, તા.૧૯

બુમરાહની ઘાતક બોલિંગને સહારે પ્રથમ ટેસ્ટમાં ભારતે આક્રમક શરૂઆત કરતાં યજમાન ન્યુઝીલેન્ડની ટીમ ૭૦/૫ પર ફસડાઈ હતી. જોકે નિકોલ્સ અને ફિલિપ્સની જોડીએ લડાયક બેટિંગ સાથે નોટઆઉટ ૧૭૩ રનની ભાગીદારી કરતાં યજમાન ટીમની સ્થિતિ સુધારી હતી. નિકોલ્સ૧૧૩ રને અને ફિલિપ્સ ૯૪ રને રમતના અંતે ક્રિઝ પર ટકી રહ્યા હતા. ઈજામાંથી સાજા થયા બાદ પુનરાગમન કરી રહેલા બુમરાહે બાવન રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે કંબોજ અને આકાશ દીપની જોડીએ ૧-૧ વિકેટ મેળવી હતી. જેમ જેમ રમત આગળ વધતી ગઈ તેમ તેમ પીચ બેટિંગ માટે બહેતર બનતી હોય તેવું લાગી રહ્યું છે, ત્યારે ભારત આવતીકાલે યજમાન ટીમને બને તેટલી જલ્દી ઓલઆઉટ કરવાનો પ્રયાસ કરશે.

ભારતે લંચ સુધીમાં ચાર વિકેટ ઝડપી

ટીમ ઈન્ડિયાના કેપ્ટન ગિલે ટોસ જીતીને પ્રથમ ન્યુઝીલેન્ડને બેટિંગમાં ઉતાર્યું હતુ. 'ગ્રીન ટોપ' પીચ અને ફાસ્ટરોને અનુકૂળ વાતાવરણમાં ભારતીય બોલરોએ પ્રભાવ પાડ્યો હતો. બુમરાહે મેચના ત્રીજા જ બોલે લાથમ (૦)ને બોલ્ડ કર્યો હતો. આ પછી કંબોજે ઈનિંગની ચોથી ઓવરમાં કોન્વે (૪)ને વિકેટની પાછળ કેચઆઉટ કરાવ્યો હતો. આકાશદીપે રચિન (૧૫)ને અને બુમરાહે મિચેલ (૧)ને સતત બે ઓવર દરમિયાન આઉટ કરતાં ન્યુઝીલેન્ડે બાવન રનમાં ચોથી વિકેટ ગુમાવી હતી. લંચે ન્યુઝીલેન્ડનો સ્કોર ૬૦/૪ હતો.

આખરી બે સેશનમાં એક જ વિકેટ પડી

લંચ પછી બુમરાહે બ્લન્ડેલના સંઘર્ષનો અંત આણતા તેને ગિલના હાથે કેચઆઉટ કરાવ્યો હતો. જોકે આ પછી નિકોલ્સ અને ફિલિપ્સે વિકેટ પતનનો સિલસિલો અટકાવતા ન્યુઝીલેન્ડની ટીમની સ્થિતિ સુધારી હતી. ન્યુઝીલેન્ડે આજના દિવસમાં આખરી પડથી વધુ ઓવરમાં એક પણ વિકેટ ગુમાવી નહતી.

પંત-પડિક્કલ વચ્ચે મિક્સઅપ થતાં નિકોલ્સને જીવતદાન



ન્યુઝીલેન્ડની ઈનિંગની ૭૪મી ઓવરમાં પ્રસિધ કિષ્નાની બોલિંગમાં ૧૦૨ રને રમતાં નિકોલ્સે કેચ ઉછાળ્યો હતો. બોલ ખુબ જ ઊંચો ગયો હતો અને તે બેકવર્ડ સ્ક્વેરલેગ તરફ જઈ રહ્યો હતો, ત્યાં ફિલ્ડર પડિક્કલ કેચ ઝડપવા માટે તૈયાર હતો. જોકે આ દરમિયાન વિકેટકિપર પંતે પણ કેચ પકડવા માટે દોડ લગાવી હતી. પંતે જોયું કે પડિક્કલ કેચ ઝડપવા માટે વધુ સારી પોઝિશનમાં છે એટલે તે ધીમો પડ્યો હતો. દરમિયાનમાં પડિક્કલનું ધ્યાન પંત તરફ પણ ખેંચાયું હતુ અને થોડા સમય માટે ભંગ થયેલી એકાગ્રતાના કારણે તે કેચ ઝડપી શક્યો નહતો.





નિકોલ્સ અને ફિલિપ્સનો મક્કમ પ્રતિકાર

નિકોલ્સ અને ફિલિપ્સની જોડીએ ન્યુઝીલેન્ડની ટીમને મુશ્કેલીમાંથી ઉગારતાં નોટઆઉટ ૧૭૩ રનની ભાગીદારી ૩૨૭ બોલમાં નોંધાવી હતી. નિકોલ્સે ૧૦૦ બોલમાંપ૦ અને ૧૮૮ બોલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેની કારકિર્દીની આ ૧૨મી અને ભારત સામેની પ્રથમ ટેસ્ટ સદી હતી. તે ૧૪ ચોગ્ગા સાથે ૨૨૧ બોલમાં ૧૧૩ રને નોટઆઉટ રહ્યો હતો. જ્યારે ફિલિપ્સે ૧૮૨ બોલમાં ૧૩ ચોગ્ગા સાથે ૯૪ રન નોંધાવ્યા હતા. ન્યુઝીલેન્ડે આખરી સેશનમાં ૧૦૪ રન જોડ્યા હતા.

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ

	રન	બોલ	૪	૬
લાથમ બો.બુમરાહ	૦	૨	૦	૦
કોન્વે કો.પંત બો.કંબોજ	૪	૧૩	૦	૦
નિકોલ્સ રમતમાં	૧૧૩	૨૨૧	૧૪	૦
રચિન કો.પંત બો.આકાશદીપ	૧૫	૫૦	૨	૦
મિચેલ કો.જયસ્વાલ બો.બુમરાહ	૧	૮	૦	૦
બ્લન્ડેલ કો.ગિલ બો.બુમરાહ	૫	૨૨	૦	૦
ફિલિપ્સ રમતમાં	૯૪	૧૮૨	૧૩	૦
વધારાના (લેગબાય ૫, નોબોલ ૬)	૧૧			
કુલ (૮૨ ઓવરમાં પાંચ વિકેટે)	૨૪૩			

વિકેટનો ક્રમ : ૧-૨ (લાથમ ૦.૩), ૨-૧૨ (કોન્વે ૩.૨), ૩-૫૧ (રચિન ૧૯.૧), ૪-૫૨ (મિચેલ ૨૦.૬), ૫-૭૦ (બ્લન્ડેલ ૨૮.૨). **બોલિંગ:** બુમરાહ ૧૭-૫-૫૨-૩, કંબોજ ૧૮-૪-૫૭-૧, આકાશ દીપ ૧૫-૫-૩૩-૧, પી. કિષ્ના ૧૬-૨-૫૮-૦, સુંદર ૧૬-૨-૩૮-૦.

ગાવસકર, શાસ્ત્રી અને હર્ષા ભોગલેએ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું

પ્રથમ ટેસ્ટની ભારતની ટીમમાં સિરાજ અને જાડેજાને પડતા મુકાતા ચાહકોને આઘાત

હેડ કોચ ગૌતમ ગંભીરની માનસિકતા અંગે ચાહકોએ પ્રશ્ન ઉઠાવ્યા



વેલિંગ્ટન, તા. ૧૯

ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટ માટેની ઈલેવનમાં સિરાજ અને જાડેજા જેવા મેચ વિનર ખેલાડીઓને સામેલ ન કરતા વિવાદ સર્જાયો છે. ભારતીય ટીમ મેનેજમેન્ટના અને ખાસ કરીને હેડ કોચ ગંભીરના આ નિર્ણયની સામે ગાવસ્કર, રવિ શાસ્ત્રી, રવિચંદ્રન અશ્વિન, હર્ષા ભોગલે અને વસીમ જાફર જેવા ભૂતપૂર્વ ક્રિકેટરો તથા નિષ્ણાતોએ આશ્ચર્ય સાથે નારાજગી વ્યક્ત કરી છે. ચાહકોએ પણ હેડ કોચ ગંભીર તરફ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

ગાવસ્કર-શાસ્ત્રીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું

દિગ્ગજ સુપરસ્ટાર ગાવસ્કરે કહ્યું કે સિરાજે ભારતને ક્યારેય નિરાશ કર્યું નથી. તેના બોલિંગની લયમાં કોઈ ખાસ ખામી દેખાતી નથી ન્યૂઝીલેન્ડ સામેની છેલ્લી વન-ડેમાં પણ તેણે તે પુરવાર કર્યું હતું. ભૂતપૂર્વ કોચ શાસ્ત્રીએ પણ સોશિયલ મીડિયામાં લખ્યું કે જો પસંદગીના માપદંડમાં ઝડપ, કૌશલ્ય અને બોલને સ્વિંગ કરાવવાની ક્ષમતા સામેલ હોય, તો ૧૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરવાની ક્ષમતા ધરાવતા સિરાજને કેમ પડતો મૂકવામાં આવ્યો તે સમજાતું નથી.

સિરાજ સિનિયર છે

જાણીતા કોમેન્ટેટર હર્ષા ભોગલેના મતે સિરાજે ભારત માટે જે જવાબદારીઓ સોંપવામાં આવી તે સારી રીતે નિભાવી છે. બુમરાહની ગેરહાજરીમાં પણ તેણે સિનિયર બોલર તરીકે અસરકારક યોગદાન આપ્યું છે. તેમણે સિરાજ સાથે પસંદગી અંગે પ્રામાણિક વાતચીત થવી જોઈએ એવો મત વ્યક્ત કર્યો હતો. ભૂતપૂર્વ ભારતીય સ્પિનર આર. અશ્વિને પણ સિરાજ અને જાડેજાને પડતા મુકાતા આઘાત વ્યક્ત કર્યો હતો.

વિદેશમાં સફળ

સિરાજે ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટની શ્રેણીમાં તેણે ૨૩ વિકેટ ઝડપી હતી અને તે શ્રેણીનો સૌથી વધુ વિકેટ લેનારો બોલર હતો.

ઓવલ ખાતેની અંતિમ ટેસ્ટમાં તેણે જ ભારતને યાદગાર વિજય અપાવવામાં મદદ કરી હતી. દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં ટેસ્ટ ક્રિકેટમાં સિરાજની વિકેટ મેળવવાની ક્ષમતા ભારતીય ટીમ માટે મહત્ત્વપૂર્ણ રહી છે. વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલમાં પણ તે ભારતનો સૌથી વધુ વિકેટ લેનારો બોલર રહ્યો છે. તેવી જ રીતે જાડેજાના સ્થાને સુંદરને ટીમમાં સમાવવાના નિર્ણયની ટીકા થઈ છે.

ગંભીરની માનસિકતા

ચાહકોનો એક વર્ગ માને છે કે ગંભીર કદાચ એવી માનસિકતાથી પીડાય છે કે જે ખેલાડી મેચ વિનર બની હીરો બન્યો હોય તેને પડતો મુકવો. સિરાજ અને જાડેજાનું પણ ઈંગ્લેન્ડ સામે ભારતને ટેસ્ટ શ્રેણી ડ્રો કરાવવામાં યોગદાન હતું.

ગંભીરની હેડ કોચ તરીકે આબરૂ આ ખેલાડીઓએ બચાવી છે. રોહિત અને કોહલી ટેસ્ટ ક્રિકેટમાંથી ગંભીરની ઘમંડી પ્રકૃતિને લીધે જ વહેલા નિવૃત્ત થયા. સૂર્યકુમાર ની કેપ્ટન્સી હેઠળ ભારત વર્લ્ડ અને એશિયા કપ ચેમ્પિયન બન્યું અને તે હીરો બન્યો તે સાથે જ તેને ટી ૨૦ ટીમમાંથી જ બહાર કરાયો. ધોનીથી પણ ગૌતમ ગંભીર પીડાય છે.

આજે ઈન્ડિયા-એ અને નેપાલ વચ્ચે વન ડે મુકાબલો

દોહા : રાઈઝિંગ સ્ટાર એશિયા કપ વન ડે ટુર્નામેન્ટમાં આવતીકાલે ઈન્ડિયા-એ ટીમનો મુકાબલો નેપાળ સામે થશે. આ મેચ ભારતીય સમય પ્રમાણે બપોરે ૩.૩૦થી શરૂ થશે. ઈન્ડિયા-એ ટીમના કેપ્ટન તરીકે તિલક વર્મા અને વાઈસ કેપ્ટન તરીકે રિન્કુ સિંઘ છે. ટીમમાં ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીની સાથે સાથે અભિષેક શર્મા, બાડોની, હર્ષિત રાણા, પ્રિન્સ યાદવ, પ્રભસિમરન સહિતના ખેલાડીઓ સામેલ છે.

ઈન્ફાટિનો સામે બે હરિફો ચૂંટણી લડશે

ઝુરિચ : ફૂટબોલની સર્વોચ્ચ સંસ્થા - ફિફાના પ્રમુખ ઈન્ફાટિનોની સામે તાજેતરમાં યોજાયેલા વર્લ્ડ કપ બાદ ભારે નારાજગી જોવા મળી રહી છે. હવે ફિફાના પ્રમુખપદ માટેની ચૂંટણી આવી રહી છે, તેમાં ઈન્ફાટિનોની સામે અન્ય બે હરિફો ચૂંટણી લડવાના છે. ફ્રાન્સના ફિલિપ્પે ડિયાલો અને જાપાનના કોહઝો તાશિમાએ ઉમેદવારી નોંધાવી છે. ફિફાની ચૂંટણી ૧૮મી માર્ચે મોરોક્કોના રાબાત ખાતે યોજાવાની છે.

લક્ષ્ય સેન અને કિદામ્બી શ્રીકાંત ક્વાર્ટર ફાઈનલમાં

હોંગકોંગ ઓપન : ભારતની રક્ષિતાએ ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતાને હરાવી


સાત્વિક - ચિરાગની જોડીની પણ આસાન આગેકૂચ



હોંગકોંગ, તા. ૧૯

હોંગકોંગ ઓપન સુપર ૫૦૦ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની યુવા ખેલાડી રક્ષિતા રામરાજે કારકિર્દીનો સૌથી યાદગાર વિજય નોંધાવ્યો છે. ૧૯ વર્ષીય રક્ષિતાએ ટોક્યો ઓલિમ્પિક્સની ગોલ્ડ મેડલ વિજેતા અને વિશ્વની ચોથા ક્રમાંકની ચીનની ચેન યુ ફેઈને સીધી ગેમમાં ૨૧-૧૮,૨૪-૨૨થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારતના અન્ય ખેલાડીઓ પૈકી ભારતના સ્ટાર શટલર લક્ષ્ય સેને ડેનમાર્કના રાસમસ જેમકેને ૨૧-૧૧, ૨૧-૧૮થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. હવે ક્વાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો સિંગાપોરના લોહ કીન યૂ સામે થશે જે ૨૦૨૧ના વર્લ્ડ ચેમ્પિયન છે. આ ઉપરાંત અનુભવી ભારતીય ખેલાડી કિદામ્બી શ્રીકાંતે પણ કોરિયાના યૂ તાઈ બિનને ૧૨-૨૧, ૨૧-૧૮, ૨૧-૧૪થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તેનો સામનો થાઈલેન્ડના વિશ્વના બીજા ક્રમાંકિત વિટિડસર્ન સામે થશે. પુરુષ ડબલ્સમાં ભારતની પાંચમી ક્રમાંકિત જોડી સાત્વિક અને ચિરાગ શેટ્ટીએ પણ મલેશિયાના નુર મોહમ્મદ અઝરિન અયુબ અને ટેન વી ક્યોંગની જોડીને ૨૧-૧૯, ૨૧-૧૬થી હરાવી આગેકૂચ કરી હતી.આ મેચ ૪૨ મિનિટ ચાલી હતી.

‘ટીમ માટે કંઈક કરી બતાવવાની ભાવનાથી ટેમ્પરિંગ કર્યું’



કેપ્ટન સ્મિથ બોલ ટેમ્પરિંગથી દુર રહેવાનો પસંદ કર્યું હતું : બેનક્રોફ્ટ

ચાર ખેલાડીઓના ખુલાસા બાદ ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સ પર દબાણ વધ્યું

સ્ટીવ સ્મિથ ખરો રાષ્ટ્રીય હીરો : હેનરિક્સ

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર મોઝેસ હેનરિક્સે કહ્યું કે, મારા મતે તો સ્ટીવ સ્મિથ જ ખરો રાષ્ટ્રીય હીરો છે. તે આ કૌભાંડમાં સંડોવાયેલો નહતો અને તેણે તેનો વિરોધ કર્યો હતો. આમ છતાં તેણે બોલ ટેમ્પરિંગની જવાબદારી સ્વીકારી. તેણે ટીમ માટે આમ કરી દેખાડ્યું અને હજુ સુધી તેણે કોઈના પર કાદવ ઉછાળ્યો નથી. ચોક્કસપણે તેના મૌનની પાછળ ઘણા તથ્યો છુપાયેલા છે, છતાં તે હજુ પણ મૌન છે. મારા મતે તો તે ખરો રાષ્ટ્રીય હીરો છે. હેનરિક્સ હાલ પોર્ટુગલ તરફથી પણ ક્રિકેટ રમી રહ્યો છે.

સીડની, તા.૧૯

ઓસ્ટ્રેલિયન ક્રિકેટની આબરુના લીરેલીરા કરી રહેલા ૨૦૧૮ના બોલ ટેમ્પરિંગ અંગેના સિલસિલાવાર ખુલાસામાં હવે નવો દાવો કરવામાં આવ્યો છે. બોલ ટેમ્પરિંગ કરતાં રંગે હાથ ઝડપાયેલા અને સજા ભોગવી ચૂકેલા બેનક્રોફ્ટે આ મામલે તત્કાલીન કેપ્ટન સ્ટીવ સ્મિથને ક્લીન ચિટ આપી છે. બેનક્રોફ્ટે કહ્યું કે, સ્ટીવ સ્મિથ બોલ ટેમ્પરિંગ કૌભાંડમાં જોડાવા ઈચ્છતો નહતો. તેને આ મામલાથી પોતાને દૂર જ રાખ્યો હતો. નોંધપાત્ર છે કે, બેનક્રોફ્ટે જ એક દિવસ પહેલા ખુલાસો કર્યો હતો કે, બોલ ટેમ્પરિંગ થઈ રહ્યું હતુ, તે હકીકતથી આખી ટીમ વાકેફ હતી. નોંધપાત્ર છે કે, સાઉથ આફ્રિકા પ્રવાસ-૨૦૧૮માં રમાયેલી ટેસ્ટ શ્રેણીની ત્રીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા બોલ સાથે ચેડાં કરતાં રંગે હાથ ઝડપાયું હતુ. જે પછી બોલ સાથે સેન્ડપેપર (કાચ કાગળ)થી ચેડાં કરનારા બેનક્રોફ્ટ તેમજ વોર્નર અને કેપ્ટન સ્મિથે તેની કબુલાત કરી હતી અને તેમને સજા ફટકારવામાં આવી હતી. ખ્વાજાની સાથે વોર્નર અને બેનક્રોફ્ટ તેમજ શ્રેણીની બીજી ટેસ્ટના ૧૨માં ખેલાડી ચાડ સેયર્સે દાવો કર્યો છે કે, બોલ ટેમ્પરિંગ કૌભાંડમાં આખી ટીમ સંડોવાયેલી હતી.

ટીમ માટે કંઈક કરી બતાવવા ઈચ્છતો હતો

બેનક્રોફ્ટે કહ્યું કે, હું ત્યારે ટીમમાં નવો-સવો હતો અને મારામાં ટીમ માટે કંઈક કરી બતાવવાની ભાવના હતી. મને પૂછવામાં આવ્યું હતુ કે, શું તું બોલ સાથે ચેડાં કરી શકીશ. હું જાણતો હતો કે, આમ કરવું એ ચિટિંગ છે, છતાં ટીમ માટે કંઈક કરી બતાવવાની ભાવનાથી હું આમ કરવા તૈયાર થયો.

કમિન્સ મક્કમ

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન કમિન્સે વધુ એક વખત ભારપૂર્વક કહ્યું છે કે, હું ૨૦૧૮ના બોલ ટેમ્પરિંગ કૌભાંડ અંગે કંઈ પણ જાણતો નહતો. હું મારા નિવેદન પર અડગ છું. બેનક્રોફ્ટના ખુલાસા બાદ કમિન્સના મેનેજરે કહ્યું હતુ કે, તેણે એવું કશું નથી કહ્યું જેનાથી કમિન્સને જવાબ આપવો પડે.

ઓલિમ્પિક સિલ્વરમેડલિસ્ટ ચીને ૭-૦થી થાઈલેન્ડને હરાવ્યું

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી : ભારતની મહિલા હોકી ટીમનો ૪-૧થી મલેશિયા સામે વિજય

સાઉથ કોરિયા સામે જાપાન ૧-૦થી જીત્યું

ભોપાલ, તા.૧૯

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમે પ્રભાવશાળી શરૂઆત કરતાં પ્રથમ મેચમાં જ મલેશિયાને ૪-૧થી પરાજીત કર્યું હતુ. ભારત તરફથી ચારેય ગોલ જુદી-જુદી ખેલાડીઓએ ફટકાર્યા હતા. ભારતની ભૂમિ પર શરૂ થયેલી ટુર્નામેન્ટમાં ઓલિમ્પિક સિલ્વરમેડલિસ્ટ ચીને ૭-૦થી થાઈલેન્ડને મહાત આપી હતી. જ્યારે સાઉથ કોરિયાની ટીમને જાપાને ૧-૦થી હરાવ્યું હતુ.



ભોપાલમાં શરૂ થયેલી મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની ટીમે ઘરઆંગણાના ચાહકોને જોશમાં લાવી દીધા હતા. ટીમમાં પુનરાગમન કરી રહેલી મુમતાઝ ખાને ૧૯મી મિનિટે ફિલ્ડ ગોલ ફટકાર્યો હતો. આ પછી કેપ્ટન સલિમા ટેટેએ ૩૫મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો હતો અને ભારતની સરસાઈ બેવડાવી દીધી હતી. સલિમાના ગોલની ચાર મિનિટ પછી સિનિયર ટીમ તરફથી કારકિર્દીની સૌપ્રથમ મેચ રમી રહેલી પૂજા સાહુએ પેનલ્ટી કોર્નર પર ગોલ નોંધાવ્યો હતો. આ સાથે તેણે કારકિર્દીની પ્રથમ મેચમાં જ ગોલ ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી હતી. આખરે લાલૂરેમસિયામીએ ૪૯મી મિનિટે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવતા ભારતને પ્રભુત્વસભર સરસાઈ અપાવી હતી. મલેશિયા તરફથી એકમાત્ર ગોલ નુરામિરાહ ઝુલ્કિફ્લીએ ૧૯મી મિનિટે નોંધાવ્યો હતો. ચીનની ટીમે કિંગ મિએઓ ફેંગ અને ક્યુઈયાન ઉંગના બે-બે તેમજ કિશિએઓ વેઈ, યુજુન ચેન્મ અને હેયાંગ ઝાંગના ૧-૧ ગોલની મદદથી ૭-૦થી થાઈલેન્ડને પરાસ્ત કર્યું હતુ. જાપાન અને સાઉથ કોરિયા વચ્ચેનો મુકાબલો બરોબરીનો રહ્યો હતો. જોકે મેચની આખરી મિનિટે હાનામી સાઈટોએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવતાં જાપાનીઝ ટીમને વિજેતા બનાવી હતી.

સરસાઈ બાદ કરતા શ્રીલંકાના ૮૨ જ રન


બીજી ટેસ્ટ : પાકિસ્તાન સામે શ્રીલંકાના બીજી ઈનિંગમાં ૯ વિકેટે ૩૦૯

રથાનાયકના ૬૦*:જમાલની ત્રણ વિકેટ

રાવલપીંડ, તા. ૧૯

શ્રીલંકાએ બીજી ટેસ્ટના ત્રીજા દિવસે લડત આપી હતી પણ પાકિસ્તાન પ્રથમ ઈનિંગમાં ૨૨૭ રનની સરસાઈ ધરાવે છે તે શ્રીલંકાને ભારે પડશે તેમ લાગે છે. શ્રીલંકાના પ્રથમ ઈનિંગના ૯૮ રન સામે પાકિસ્તાને ૩૨૫ રન કર્યા હતા. શ્રીલંકાએ બીજી ઈનિંગમાં આજના દિવસની રમતના અંતે ૯ વિકેટે ૩૦૯ રન નોંધાવ્યા છે એટલે કે પાકિસ્તાનની સરસાઈ બાદ કરતા તેઓના ૮૨ રન જ થયા છે અને હવે એક વિકેટ જ બાકી છે. શ્રીલંકા તરફથી રથનાયકા ૬૦ રને રમતમાં છે.દિનુશાએ ૫૪ અને કેપ્ટન કુસલ મેન્ડીસે ૫૩ રન કર્યા હતા. પાકિસ્તાનના જમાલે ત્રણ, મોહમ્મદ અબ્બાસે અને રઝાલ્લાહે ૨-૨ વિકેટ ઝડપી હતી.

એશિયન ગેમ્સ મેડલિસ્ટ પર આઠ વર્ષનો પ્રતિબંધ



નવી દિલ્હી : હાંગઝોઉ એશિયન ગેમ્સ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીતનારી કિરણ બલિયાન પર આઠ વર્ષનો ડોપિંગ પ્રતિબંધમૂકવામાં આવ્યો છે. કિરણે ડોપિંગના એકથી વધુ નિયમોનો ભંગ કર્યો હતો, જેમાં તેના ડોપ સેમ્પલમાં પ્રતિબંધિત ડ્રગ સ્ટેરોઈડ મેથાન્ડિઓનોન પણ પકડાયું હતું. તેના પર ડોપ સેમ્પલની સાથે ચેડાંનો આરોપ પણ હતો. ભારતના આંતરરાષ્ટ્રીય પહેલવાન શ્રીરાજ પરદેશી અને ગ્રીકો રોમન પહેલવાન દીપક પર અનુક્રમે ચાર અને બે વર્ષનો પ્રતિબંધ મૂકાયો છે.


સાઉથ આફ્રિકા WTC પોઈન્ટ ટેબલમાં ટોપ પર

સાઉથ આફ્રિકાએ બાંગ્લાદેશને પ્રથમ ટેસ્ટમાં નવ વિકેટથી પરાજય આપ્યો

બીજી ઈનિંગમાં ઓફ સ્પિનર હાર્મરની ૫૧ રનમાં છ વિકેટ

જોહાનીસબર્ગ, તા. ૧૯

દક્ષિણ આફ્રિકાએ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં નવ વિકેટથી વિજય મેળવવા સાથે બે ટેસ્ટની શ્રેણીમાં ૧-૦ની સરસાઈ પ્રાપ્ત કરી છે. ઓફ સ્પિનર હાર્મરે બીજી ઈનિંગમાં ૫૧ રનમાં છ વિકેટ ઝડપતાં બાંગ્લાદેશની ટીમ ૧૬૮ રનમાં જ ખખડી ગઈ હતી. આ પછી સાઉથ આફ્રિકાએ જીતવા માટે જરુરી ૧૨ રન એક વિકેટ ગુમાવીને હાંસલ કરતાં નવ વિકેટથી વિજય મેળવી લીધો હતો. આ વિજય સાથે દક્ષિણ આફ્રિકા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ૨૦૨૫-૨૭ના પોઈન્ટ ટેબલમાં ન્યૂઝીલેન્ડને પાછળ રાખીને પ્રથમ સ્થાને પહોંચી ગયું છે.



બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગના ૪૦૦ સામે દક્ષિણ આફ્રિકાએ ૫૫૭ રન ફટકારી ૧૫૭ રનની મહત્ત્વપૂર્ણ સરસાઈ મેળવી હતી. આજે પાંચમા દિવસે બાંગ્લાદેશે ચોથા દિવસની અંતના ૫ વિકેટે ૧૦૦ રનના સ્કોરથી આગળ રમતા વધુ ૬૮ રનમાં બાકીની પાંચ વિકેટ ગુમાવી હતી.

દાસ અને રહીમે સાત ઓવરમાં ૩૪ રન ઉમેરીને આશા જગાવી હતી. જોકે રબાડાએ લિટન દાસને ૩૯ રને બોલ્ડ કરીને આ ભાગીદારી તોડી હતી.

ત્યાર બાદ હાર્મરે રહીમ (૨૨), મિરાઝ (૧૫), હસન મહમૂદ (૪) અને ઈબાદત હુસૈન (૦) સહિતની વિકેટ ઝડપી હતી. હાર્મરે ૧૨.૩ ઓવરમાં ૫૧ રન આપીને કુલ છ વિકેટ મેળવી હતી, જ્યારે રબાડાએ ૪૮ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગમાં પણ રબાડાએ પાંચ વિકેટ ઝડપવા ઉપરાંત ૭૨ રન નોંધાવ્યા હોઈ તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.સાઉથ આફ્રિકાએ એકરમેન (૦)ની વિકેટ ગુમાવી ૧૨ રનનો ટાર્ગેટ પાર પાડ્યો હતો. હવે બીજી અંતિમ ટેસ્ટ સેન્ચુરિયનમાં ૨૩ નવેમ્બરથી શરુ થશે.

શેલ્ટને સેમિ ફાઈનલની આશા જીવંત રાખી

ટુરિન : અમેરિકાના યુવા ટેનિસ ખેલાડી શેલ્ટને ૭-૬ (૧૦-૮), ૭-પના ભારે સંઘર્ષમય મુકાબલામાં સ્પેનના જોડારને હરાવીને ટુરિનમાં ચાલી રહેલી એટીપી ફાઈનલ્સ ટુર્નામેન્ટની સેમિ ફાઈનલમાં પ્રવેશવાની આશા વધુ મજબુત બનાવી હતી. હવે જો ઝ્વેરેવ ફિલ્સને હરાવશે તો શેલ્ટન અંતિમ ચારમાં પ્રવેશ કરશે. દરમિયાનમાં ટિયાફોએ ૭-૬ (૮-૬), ૬-૦થી કોબોલીને હરાવ્યો હતો. ટિયાફોની જીત સાથે અલકારાઝે સેમિ ફાઈનલમાં પ્રવેશ નિશ્ચિત કર્યો હતો.

૧૮ વર્ષના ફૂટબોલરનું મેચ દરમિયાન ઈજા થતાં મોત



બ્યુનોસ એયર્સ : આર્જેન્ટીનાના ૧૮ વર્ષના ફૂટબોલર એબેલ નુનેઝને એક સ્થાનિક કલબની જુનિયર લેવલની મેચમાં થયેલી ઈજાના બે દિવસ બાદ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે આર્જેન્ટીનાના ફૂટબોલ જગતમાં શોકની લાગણી ફેલાઈ હતી. નુનેઝ એફસી ઈઝેઈઝા તરફથી ડેપોર્ટિવો મુનીઝ સામે જુવેનાઈલ્સ સી ફિક્સચરની મેચ રમી રહ્યો હતો. મુનીઝના ડિફેન્ડરે બોલને ક્લિયર કરવા માટે પાવરફૂલ કીક ફટકારી હતી અને આ દરમિયાન જ નુનેઝના માથા સાથે ડિફેન્ડરનો ઘુંટણ અથડાયો હતો અને તે ત્યાં જ ફસડાઈ પડ્યો હતો.

બાંગ્લાદેશની કોર્ટે હસીનાને માનવતા વિરોધી અપરાધી ગણીને ફાંસીની સજા કરતાં અવામી લીગ ભડકી

શેખ હસીનાની

(પહેલા પાનાનું ચાલુ)

વ્યાપી છે, ગૃહ યુધ્ધ જેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. શેખ હસીનાની વાપસીનાં સમર્થનમાં ગાર્મેન્ટ વર્કર્સ વિશાળ સંખ્યામાં સડકો ઉપર આવી ગયા છે. હિંસા અને રાજકીય ટકરાવ ફરી શરૂ થઈ ગયો છે. અર્ધી રાતે ઢાકામાં અનેક બોમ્બ ધડાકા થયા છે. તે પહેલાં પૂર્વેની અંતરિમ સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસનાં ચટગાંવ સ્થિત નિવાસ સ્થાનને રમખાણકારોએ આગ ચાંપી દીધી હતી. વાસ્તવમાં શેખ હસીનાની આવામી લીગે ગત ગુરુવારે હડતાળના આપેલા એલાન સાથે બાંગ્લાદેશમાં પરિસ્થિતિ હાથ બહાર ગઈ છે. રમખાણકારોએ દેશના જુદા જુદા ભાગોમાં આવેલ યુનુસની ગ્રામીણ બેન્કની શાખાઓમાં પણ આગ લગાડી દીધી હતી. સાથે યુનુસનું ઘર પણ સળગાવી દીધું હતું.

બાંગ્લાદેશના વર્તમાનપત્રોનાં જણાવ્યા પ્રમાણે રમખાણકારોએ વડાપ્રધાન તારિક રહેમાનની પાર્ટી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ના વિરોધી જૂથ આવામી લીગના બે કાર્યકરોનાં ઘર ઉપર બીએનપીના કાર્યકર્તાઓએ હુમલા કર્યા હતા. એક બીજી પાર્ટીના કાર્યકર્તાઓ એક બીજા સામે રીતસર યુધ્ધે જ ચઢ્યા છે. દેશમાં ગૃહ યુધ્ધ ચાલી રહ્યું છે.

એન્થ્રોપિકનો

(પહેલા પાનાનું ચાલુ)

રેકોર્ડ તોડી નાખ્યો છે. એન્થ્રોપિકે આઈપીઓમાં એક શેરની કિંમત ૮૩ ડોલર નક્કી કરી હતી, જે અગાઉ નક્કી કરાયેલી ૭૦થી ૭૮ ડોલરની રેન્જ કરતાં વધારે હતી. રોકાણકારો તરફથી મળેલા સારા પ્રતિસાદને પગલે કંપનીએ વેચાણ માટેના શેરની સંખ્યા વધારીને ૯૮ કરોડ કરી હતી. તેમાંથી આશરે ૯૫.૬૪ કરોડ શેર કંપનીએ પોતે વેચ્યા હતા, જ્યારે બાકીના આશરે ૨.૩૬ કરોડ શેર જૂના શેરધારકોએ વેચ્યા હતા.

આ પહેલાં જૂન ૨૦૨૬માં સ્પેસએક્સે આઈપીઓ દ્વારા ૭૫ અબજ ડોલર એકત્ર કરીને રેકોર્ડ બનાવ્યો હતો. એન્થ્રોપિકના આઈપીઓ ઉપરાંત ૨૬ અબજ ડોલરનું પ્રાઈવેટ પ્લેસમેન્ટ પણ સામેલ છે. આમ, જાહેર શેર વેચાણ અને પ્રાઈવેટ પ્લેસમેન્ટ મળીને કુલ સોદો ૧૦૭.૩૪ અબજ ડોલરનો થયો છે.એન્થ્રોપિકનું વેલ્યુએશન શેર ઓપ્શન અને અન્ય શેર આધારિત લાભો સહિત આશરે ૧.૫ ટ્રિલિયન ડોલર છે. આ ગણતરી વગર કંપનીનું વેલ્યુએશન આશરે ૧.૧ ટ્રિલિયન ડોલર થાય છે.

જિનપિંગના

(પહેલા પાનાનું ચાલુ)

મીડિયા પર વાયરલ થયો હતો. ટ્રમ્પના એક ટીકાકારે લખ્યું, અન્ય લોકો એપેકમાં સહયોગ પર વાત કરવા જાય છે અને ટ્રમ્પ ઝોકા ખાવા માટે જાય છે. હવે આપણે બાઈડનની મજાક ઉડાવી નહીં શકીએ, નહીં? એક યુઝરે લખ્યું, તેઓ ૮૦ વર્ષના છે, દુનિયાના બીજા ખૂણેથી ઊડીને આવ્યા છે, લોકોને મળવામાં વ્યસ્ત હતા, પરંતુ તમે એ જ વ્યક્તિ છો, જેમણે ચાર વર્ષ સુધી કોઈની 'સ્લીપી જો' કહીને મજાક ઉડાવી હતી.

વિન્સેન્ટ

(પહેલા પાનાનું ચાલુ)

નાઝી જર્મનીના સમયે પેઈન્ટિંગની લૂંટ થઈ હોવાની વાતથી વાન ગોગની આ કલાકૃતિ વિવાદમાં સપડાઈ હતી.

આ કલાકૃતિના માલિક બ્લેકિઅર એરિએટા પરિવારે એક નિવેદનમાં કહ્યું હતું કે અમને જણાવતા બેહદ આનંદ થઈ રહ્યો છે કે અમે જેમની પાસે આ ચિત્રની માલિકી હતી તે સેમ્યુઅલ ફિશરના વારસદારો સાથે સમાધાન કરી શક્યા છીએ.

જર્મન યહુદી પબ્લિશર સેમ્યુઅલ ફિશરે ૧૯૦૯માં આ ચિત્રની માલિકી મેળવી હતી. એ પછી ૧૯૩૬માં તેના માલિકી હકોના મુદ્દે વિવાદ થયો હતો. ૧૯૭૬થી બ્લેકિઅર એરિએટા પરિવાર પાસે આ ચિત્રની માલિકી હતી, પરંતુ ફિશરના વંશજોએ આ માલિકીને કોર્ટમાં પડકારી હતી અને દાવો કર્યો હતો કે નાઝી જર્મની વખતે દબાણ કરીને આ ચિત્ર તેમના પરિવાર પાસેથી છીનવી લેવાયું હતું. આખરે સોથબીની મધ્યસ્થીથી બંને પક્ષે કરાર થયો હતો.

ડચ પેઈન્ટર વિન્સેન્ટ વાન ગોગે આ ચિત્ર તેના મૃત્યુના બે મહિના પહેલાં જ પૂરું કર્યું હતું. તેમની શ્રેષ્ઠ કલાકૃતિમાં છેલ્લી એક સદીથી આ ચિત્ર સ્થાન પામે છે. માલિકી હકના વિવાદો વર્ષો સુધી ચાલ્યા બાદ આખરે આ ચિત્રની રેકોર્ડ હરાજી થઈ છે. વિન્સેન્ટ વાન ગોગના ચિત્રોમાં આ સૌથી વધુ કિંમતે વેચાયેલું ચિત્ર બની ગયું છે.

ઈરાને ઘડેલા

(૧ ઉમા પાનાનું ચાલુ)

મર્ચન્ટે ૨૭ વર્ષ કરતાં થોડીક વધુ સજાનો હુકમ સાંભળીને દેખીતો કોઈ પ્રતિભાવ આપ્યો નહોતો.

એના એક ધારાશાસ્ત્રી અવરાહામ મોસ્કોવિટ્ઝે કોર્ટ-કાર્યવાહી પૂરી થયા પછી જણાવ્યું કે મર્ચન્ટ સજા સામે અપીલનું આયોજન કરશે, પરંતુ એને જનમટીપની સજા મળે એ માટે ફરિયાદ-પક્ષે કરેલા પ્રયાસને ન્યાયમૂર્તિએ નકારી કાઢ્યો એ બદલ મર્ચન્ટ એમનો આભારી છે.

''મને લાગે છે કે આ, એ દર્શાવે છે કે આપણું ન્યાયતંત્ર સ્વતંત્ર છે,''મોસ્કોવિટ્ઝે ઉમેર્યું. ઈરાની સરકારે અમેરિકી અધિકારીઓની હત્યાના પ્રયાસનો ઈન્કાર કર્યો છે.

એટર્ની જનરલ ટોડ બ્લાન્ચે કહ્યું કે મર્ચન્ટને યથોચિત સજા થઈ છે.

ટેક્સ ઘટાડવા

(૧ ઉમા પાનાનું ચાલુ)

યોજનાનો મુદ્દો ઉઠાવતા કહ્યું, વર્ષ ૧૯૩૦માં ગાંધી સ્વદેશીની વાત કરી ગયા અને આજે ૧૦૦ વર્ષ પછી મારે સ્વદેશીની વાત કરવી પડે એ ભારતીય ઉદ્યોગોની સફળતા છે કે નિષ્ફળતા? મારું ના માનો, ગાંધીજીનું તો માનો.

તેમણે ફાર્મા, સ્ટીલ, આયર્ન જેવા ઉદ્યોગોનું ઉદાહરણ આપતા કહ્યું ભારત એક મોટો નિકાસકાર અને ઉત્પાદક હોવા છતાં મોટો આયાતકાર દેશ બની બેઠો છે.

વધુમાં તેમણે કહ્યું, આપણું કોર્પોરેટ જગત કૃષિ ક્ષેત્રમાં રોકાણ કરવાથી ડરે છે, ભાગે છે. આટલો મોટો અને કૃષિપ્રધાન દેશ હોવા છતાં વૈશ્વિક કૃષિ વેપારમાં ભારતનો હિસ્સો માત્ર બે-અઢી ટકા જ છે.

દોભાલ-ગોયલને

(પહેલા પાનાનું ચાલુ)

મોકલવામાં આવે. એ ત્રણ કોર્ટમાં પટિયાલા હાઉસ જિલ્લા કોર્ટ, દ્વારકા જિલ્લા કોર્ટ અને તીસ હજારી જિલ્લા કોર્ટનો સમાવેશ થાય છે.

અગાઉ આ મુદ્દે હેંગ કન્વેન્શન અંતર્ગત સમન્સ બજાવવાની પ્રોસેસ થઈ હતી, પરંતુ એ સમન્સની પ્રોસેસ નાકામ રહી હતી. તેના પરિણામે અમેરિકન કોર્ટના ન્યાયધીશે સીધો દિલ્હીની ત્રણ કોર્ટોને જ તેમના વતી સમન્સ પાઠવવા નિર્દેશ કરી દેતા આ ઘટના ચર્ચાસ્પદ બની છે.

ભારતમાં લોકતંત્ર

(૧ ઉમા પાનાનું ચાલુ)

છે ત્યાં સુધી ચૂંટણીમાં થઈ રહેલી ગડબડ જનતા સામે લાવીને સતત ચર્ચા ચાલુ રાખવી. અમારા માટે ભારતીય લોકતંત્ર પવિત્ર છે. અમે લોકતંત્રના માળખાનો નાશ કરવા માગતા નથી.

શિકાગોમાં રાહુલ ગાંધીએ કરેલા આક્ષેપોના જવાબમાં ભાજપે કોંગ્રેસ નેતા પર વારંવાર વિદેશી ધરતી પર દેશની લોકતાંત્રિક સંસ્થાઓનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો. એટલું જ નહીં રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા ભાજપે કહ્યું કે, દેશને બદનામ કરવા માટે કોંગ્રેસે રાહુલ ગાંધીના બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ને મોકલવાની જરૂર છે. રાહુલ ગાંધી કરતાં એઆઈ વધુ સારું કામ કરશે.

સોનામાં રેનિયમ

(૧ ઉમા પાનાનું ચાલુ)

પ્રકરણ હોલમાર્કિંગ વ્યવસ્થા ઉપર પણ પ્રશ્નો ઉભા કરે છે. કેગનાં ડ્રાફ્ટ રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૧ ટકા રજિસ્ટર્ડ જ્વેલર્સની તપાસ કરવામાં આવી ન હતી.

નિષ્ણાતો અનુસાર આવી ભેળસેળની ઓળખ માટે એક્સઆરએફ તપાસ અને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપી જેવી આધુનિક ટેકનિકની જરૂર છે.

ગ્રાહકોને સલાહ આપવામાં આવે છે કે તે વિશ્વસનીય દુકાનદારો પાસેથી જ હોલમાર્કવાળું સોનું ખરીદે અને બિલ તથા જીએસટી ઈનવોઈસ સાચવીને રાખે.

એક પાર્ટીને

(૧ ઉમા પાનાનું ચાલુ)

કહ્યું હતું કે દેશમાં નાગરિકો સુપ્રીમ છે. સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ સુપ્રીમ પાવર નથી.

દરેક વયસ્ક નાગરિકનો મત આપવો એ બંધારણીય અધિકાર છે, એમાં બાંધછોડ થાય તે બિલકુલ અયોગ્ય છે. ચૂંટણી પંચના ફોર્મનો ઉપયોગ રાજકીય પાર્ટીઓના હિત માટે થવો ન જોઈએ. તેમણે છેલ્લે કહ્યું હતું કે મને ભરોસો છે, તમામ પક્ષો આ મુદ્દે સમજદારી બતાવશે.

યુપીઆઈ

(૧ ઉમા પાનાનું ચાલુ)

બેંકની જવાબદારી સમજવાનાં દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ છે.

આ કેસ તેલંગણાની ૪૪ વર્ષીય મહિલાનાં બેંક ખાતા સાથે સંકળાયેલ છે. મહિલા અનુસાર ૩ નવેમ્બર, ૨૦૨૨નાં રોજ તેના ખાતામાંથી યુપીએ દ્વારા ૫૫૦૦૦ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતાં.

મહિલાએ દાવો કર્યો હતો કે તેમણે પોતે આ ટ્રાન્ઝેકશન કર્યો ન હતો અને અન્ય કોઈ વ્યક્તિને નાણા ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી ન હતી. મહિલાએ એ પણ જણાવ્યું હતું કે તેમણે અન્ય કોઈને પણ પોતાનો બેંકિંગ પાસવર્ડ અથવા ગુપ્ત માહિતી શેર કરી ન હતી.

ઈપીએફઓને નવા ભંડોળના ૩ ટકા સુધીની રકમ યોગ્ય વૈકલ્પિક રોકાણ ભંડોળમાં રોકવા માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી

પ્રોવિડન્ટ ફંડ હવે

(પહેલા પાનાનું ચાલુ)

આપવામાં આવી છે. સર્વિસ સેક્ટરના કર્મચારીઓ માટે નવી વ્યવસ્થા હેઠળ વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. તેમાં થર્ડ પાટી તરફથી તેમને આપવામાં આવતી નાની નાની રકમ તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં સીધી જમા થઈ શકશે. ઉદાહરણ તરીકે વાતમાં આવે તો હવે સર્વિસ સેક્ટરના કર્મચારીઓને ગ્રાહકો તરફથી મળતી ટિપની રકમ પણ સીધી તેમના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા થઈ શકશે. ગ્રાહક ટિપ્સ સહિતના થર્ડ પાટી તરફથી આપવામાં આવતા નાની નાની રકમના યોગદાન માટે યુનિવર્સલ એકાઉન્ટ નંબર લિન્ક્ડ મિકેનિઝમને મંજૂરી આપવામાં આવી છે. આ વ્યવસ્થાને અમલમાં મૂકવા માટે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડની યોજનામાં જરૂરી સુધારા સૂચિત કરવામાં આવશે. તેમ જ આ ફેરફારો કરવા માટે આવકવેરા કાયદામાં સુધારા માટે નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવી રહ્યું છે.

જૂના પડતર એક્ઝેમ્પશનના કેસોના નિકાલ અને નવા માળખામાં સંક્રમણ દરમિયાન સંસ્થાઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે કર્મચારીઓ ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ યોજના, ૨૦૨૬માં સુધારા મંજૂર કરાયા છે. જે સંસ્થાઓએ વૈધાનિક કર્મચારી ડિપોઝિટ લિંક્ડ ઈન્સ્યોરન્સ યોજના જેટલું કે તેનાથી વધુ વીમા કવચ જાળવી રાખ્યું હોય અને યોગ્ય દાવાઓનું સમાધન કર્યું હોય, તેમને સમાપ્ત થયેલી મુક્તિ રિન્યૂ કરવા છ મહિનાની મુદત તેમજ સંક્રમણકાળના યોગદાન-કોન્ટ્રીબ્યુશન, વ્યાજ અને દંડમાંથી શરતી રાહત આપવામાં આવશે.

એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનને તેની વર્તમાન રોકાણ મર્યાદામાં રહીને નવા ભંડોળના ૩ ટકા સુધીની રકમ યોગ્ય વૈકલ્પિક રોકાણ ભંડોળમાં રોકવા માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

આ રોકાણ શરૂઆતમાં સરકાર સમર્થિત સંસ્થાઓ દ્વારા કરાશે. ઉપરાંત ૨૭ સંસ્થાઓની એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડમાંથી મુક્તિ પરત ખેંચવાની અને ચાર સંસ્થાઓની મુક્તિ ૨૬ કરવાની દરખાસ્તોની સમીક્ષા કરાઈ હતી, જેનાથી ૧,૪૪,૪૩૭ સભ્યોનું આશરે ૩. ૫,૯૯૬ કરોડનું ભંડોળ સીધું ઈપીએફઓના વહીવટ હેઠળ આવશે.

ઈપીએફઓની સેન્ટ્રલાઈઝ્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એનેબલ્ડ સિસ્ટમ ૨.૦ના પરિણામે ઓટોમેટિક ક્લેમ પ્રોસેસિંગ ૩૯ ટકાથી વધીને ૭૧ ટકા થયું છે. ક્લેમ રિજેક્શન રેટ ૨૩ ટકાથી ઘટીને ૭.૮૨ ટકા થયો છે અને ક્લેમ સેટલમેન્ટનો સરેરાશ સમય ૧૧.૧૫ દિવસથી ઘટીને ૨.૫૭ દિવસ થયો છે.

૩.૧૦૦૦નું પેન્શન મેળવનારાઓ હતાશ થયા, પેન્શન ન વધાર્યું

આજે નવી દિલ્હી ખાતે યોજાયેલી એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની ૨૪૦મી બેઠકમાં લઘુત્તમ પેન્શન રૂ. ૧,૦૦૦થી વધારીને રૂ. ૩,૦૦૦, રૂ. ૫,૦૦૦ કે રૂ. ૭૦૦૦ કરવા અંગે કોઈ જ નિર્ણય લેવામાં આવ્યો નથી કે પછી તેમની અપેક્ષાઓના અનુસંધાનમાં કોઈ જ નવી જાહેરાત કરવામાં આવી નથી. તેથી નજીવું પેન્શન મેળવનારા લાખો કર્મચારીઓ હતાશ થયા છે.

માત્ર ૧૯ ટકા ભારતીય કંપનીઓમાં જ એઆઈ એજન્ટની સુરક્ષા ચકાસવા માટે એક્સપર્ટ તૈનાત : ગરબડ થાય તો અંધાધૂંધી સર્જાવાના એંધાણ

દેશની ૧૦માંથી

(૧ ઉમા પાનાનું ચાલુ)

કંપનીઓમાંથી ૧૯ ટકા કંપનીઓમાં એઆઈ એજન્ટની સુરક્ષા તપાસવા માટે એક્સપર્ટની તૈનાતી થયેલી હતી. ૧૮ ટકા કંપનીઓ પાસે જ તેમના બધા જ એઆઈ એજન્ટની સાઈબર સુરક્ષા ચકાસવા માટે એક્સપર્ટ છે. તે સિવાયની કંપનીઓ રામભરોસે ચાલી રહી છે. સર્વેમાં જણાયું કે ૩૦ ટકા કંપનીઓએ એવી ઓટોમેટિક સિસ્ટમ લાગુ પાડી છે, જે સિક્યુરિટીની તપાસ થયા પછી જ એઆઈ એજન્ટને કામ કરવાની પરવાનગી આપે છે.તેનો અર્થ એવો થાય કે ભારતીય કંપનીઓમાં એઆઈ એજન્ટ પાસેથી કામ લેવાનું જે ઝડપે વધ્યું છે એ ઝડપે સુરક્ષાના માપદંડો પૂરા થતાં નથી.

શાંતિ માટે

(પહેલા પાનાનું ચાલુ)

જણાવાયું હતું કે પરમાણુ યુદ્ધ ક્યારેય લડાવું જોઈએ નહીં તે બાબતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો. જોકે, કોઈ મોટા આંતરરાષ્ટ્રીય વિવાદનો નક્કર ઉકેલ આવ્યો નહીં.

બેઠકની શરૂઆતમાં ટ્રમ્પે કહ્યું હતું કે, આ પેહલી ત્રિપક્ષીય બેઠક ઐતિહાસિક ક્ષણ છે. અમેરિકા, રશિયા અને ચીન પાસે દુનિયામાં પરમાણુ હથિયારોની સંખ્યા ઓછી કરવા અને તેના ઉપયોગનું જોખમ ઘટાડવા પર વાતચીત કરવાની ક્ષમતા છે. ત્રણે દેશો પાસે એટલી તાકાત છે કે તેઓ આ દિશામાં કોઈ પહેલ કરી શકે છે.

જિનપિંગે બેઠકની શરૂઆતમાં કહ્યું કે, ત્રણેય દેશ દુનિયામાં શાંતિના મુદ્દે પર વાતચિત કરશે. પરમાણુ હથિયારો પર રોક લગાવવા અને તેને સંપૂર્ણપણે ખતમ કરવાની જરૂર છે. પરમાણુ હથિયારોથી મુક્ત દુનિયાની જરૂરિયાત પર ભાર મૂકવો જોઈએ અને કહ્યું કે તે માણસો પર લટકતી જોખમની તલવાર છે.

રશિયન પ્રમુખ પુતિને બીજા વિશ્વ યુદ્ધનો ઉલ્લેખ કરતા કહ્યું કે, અમેરિકા, રશિયા અને ચીન આ યુદ્ધમાં વિજેતા રહ્યા હતા. તેથી આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવી રાખવાની તેમની સંયુક્ત જવાબદારી છે. ત્રણેય દેશ સાથે મળીને સ્થિર દુનિયા બનાવી શકે છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

થયું છે. આજે આપણે એજ ભૂલનું પરિણામ ભોગવી રહ્યા છીએ. મોઈલીએ શોહરાબુદ્દીન શેખના કહેવાતા એન્કાઉન્ટરનો ઉલ્લેખ પણ કર્યો હતો. શોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહનું નામ પણ બહાર આવ્યું હતું. મોઈલી ૨૦૦૯થી ૨૦૧૧ની વચ્ચે કેન્દ્રીય કાયદામંત્રી રહ્યા હતા. મોઈલીના કહેવા પ્રમાણે જો યોગ્ય પગલા લેવામાં આવ્યા હોત તો અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી બની શકતે નહીં.

ચંદ્રશેખર - ઓવૈસીના ગઠબંધન પાછળ ભાજપનો ખેલ?

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપએ મુસ્લિમ અને દલીત મતો તોડવા માટે મોટી ડીલ કરી હોવાના આક્ષેપ થયા છે. એક અખબારનું કટીંગ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. આ કટીંગમાં છપાયેલા સમાચાર પ્રમાણે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના મત તોડવા માટે ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીને ૧,૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. જોકે આ સમાચારની ખાતરી થઈ શકી નથી. હકીકત એ છે કે, ભૂતકાળમાં પણ અસદુદ્દીન ઓવૈસીના ઉમેદવારોએ બીજા રાજ્યોમાં પણ મુસ્લિમોના મત તોડીને ભાજપને આડકતરો ફાયદો કરાવ્યો છે.

ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભાજપની પરિસ્થિતિ ખરાબ હોવાનું મનાય છે ત્યારે કોઈપણ હિસાબે જીત મેળવવા ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીના ઉમેદવારોને ઉતારવા જરૂરી છે. ચંદ્રશેખર આઝાદ માયાવતીના દલીત મતો તોડી શકે છે. ઉત્તર પ્રદેશમાં ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીને ભાજપની બી ટીમ ગણવામાં આવે છે.

કિરેન રિજીજુને કોંગ્રેસની સલાહ

કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુ રાહુલ ગાંધીના તમામ નિવેદનોની ટીકા કરતા રહે છે.

બધા કેન્દ્રીય મંત્રીઓમાંથી કિરેન રિજીજુ સૌથી વધુ બોલકા છે. હવે કોંગ્રેસે એમને એમની જ ભાષામાં જવાબ આપવાનું શરૂ કર્યું છે. રાહુલ ગાંધી વિશે એમણે નિવેદન આપ્યું એની આકરી ટીકા કોંગ્રેસના મહામંત્રી અને સાંસદ સી વેણુગોપાલએ કરી છે. વેણુગોપાલએ કહ્યું છે કે રાહુલ ગાંધીને સલાહ આપતા પહેલા રિજીજુ પોતે પોતાના પક્ષ અને વડાપ્રધાન બાબતે આત્મનિરીક્ષણ કરે. એમણે આરોપ મૂક્યો છે કે, હમણાના શાસનમાં દેશની લોકશાહી વિકૃત થઈ ગઈ છે અને નષ્ટ થઈ ગઈ છે. દેશના ચૂંટણી કમિશનની પ્રવૃત્તિને કારણે પૂરવાર થયું છે કે દેશમાં કેવું તંત્ર ચાલી રહ્યું છે. રાહુલ ગાંધીના કહ્યા વગર પણ દેશ અને દુનિયામાં બધા જાણે છે કે ભારતમાં લોકશાહી જોખમમાં છે. રિજીજુએ વડાપ્રધાનને પહેલા પૂછવું જોઈએ કે સંસદ ક્યારે બોલાવશે.

'યુવાનોમાં લોકપ્રિય થવા વડાપ્રધાન અધિરા'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા એક્સના હેન્ડલ પર લોકપ્રિય વીડિયો ગેમ જીટીએનો ઉપયોગ ભારતની પ્રગતિ બતાવવા માટે કર્યો છે. આ બાબતે કોંગ્રેસના નેતા જયરામ રમેશે વડાપ્રધાનને ટોણો માર્યો છે. સોશ્યલ મીડિયા એક્સ પર જ પોસ્ટ મૂકીને એમણે લખ્યું છે કે, 'યુવાનોમાં લોકપ્રિય થવા માટેની અધિરાઈમાં વડાપ્રધાને સોશ્યલ મીડિયા પર જીટીએ-૫ અને જીટીએ-૬ ગેમના ફોટાની મદદ લેવી પડી છે. યાદ રહે કે આ વીડિયો ગેમમાં બે ગુનેગારોની વાર્તા છે. આવી સરખામણી કેટલી યોગ્ય છે?' વડાપ્રધાનની પોસ્ટમાં જીટીએ-૫ અને જીટીએ-૬ વચ્ચે ૧૩ વર્ષોમાં દેશમાં થયેલા ફેરફાર બતાવવાની કોશિષ કરવામાં આવી છે. સાથે એમણે લખ્યું છે કે, 'ભારત હવે એક નવી જ રમત રમી રહ્યું છે.'

ઉત્તર પ્રદેશમાં આઝમ ખાનની ઘર વાપસીનું રાજકીય સમીકરણ

લગભગ ૧ વર્ષ પછી સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન ગાઝીયાબાદની ડાસના જેલમાંથી છૂટીને ઘરે પરત ફર્યા છે. તેઓ જેલમાંથી નીકળ્યા ત્યારે એમનું હીરો જેવું સ્વાગત કરવામાં આવ્યું હતું. ૧૦૦થી વધુ મોટરોના કાફલા સાથે તેઓ પોતાના વતન રામપુર પહોચ્યા હતા. એમના આગમન સાથે જ શહેરમાં ફટાકડા ફોડીને ખુશી મનાવવામાં આવી હતી. સમર્થકોએ 'ટાઈગર ઇઝ બેક'ના સૂત્રો પોકાર્યા હતા. એમના છૂટકારાના સમાચાર મળતા જ રામપુરમાં એમના ઘરની બહાર લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા.

એમના ઘરને રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવ્યું હતું. એક જમાનામાં ઉત્તર પ્રદેશના રાજકારણ પર આઝમ ખાનનું પ્રભુત્વ હતું. હવે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આઝમ ખાનના છૂટકારાને કારણે અખિલેશ યાદવ કદાચ સૌથી વધુ ખુશ હશે.

કુખ્યાત અપરાધી રવેશ ઉન્નીકોચનને દેશ પરત લવાયો

સીબીઆઈએ હત્યાના એક કેસમાં ફરાર થયેલા આરોપી રવેશ ઉન્નીકોચનને યુએઈથી ભારત પરત લાવવામાં સફળતા મળી છે. સીબીઆઈએ વિદેશ મંત્રાલય, ગૃહમંત્રાલય અને કેરળ પોલીસની સાથે મળીને આ મિશન પાર પાળ્યું છે. સીબીઆઈના જણાવ્યા પ્રમાણે રવેશ ઉન્નીકોચન વિરુદ્ધ કેરળ પોલીસે હત્યાનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં કાયદાકીય કાર્યવાહીથી બચવા માટે આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસ અને બીજી એજન્સીઓ એને શોધી રહી હતી કારણ કે ભારત પરત લાવીને એની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે.

આ કેસમાં આરોપી વિરુદ્ધ જે તે કોર્ટમાં પહેલેથી જ ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે. કોર્ટે પણ એની ધરપકડ માટે ઓપનડેટેડ એરેસ્ટ વોરંટ બહાર પાડ્યું હતું. હમણા જ બીજા ભાગેડુ આરોપી લલીત મોદીને ઈંગ્લેન્ડની નાગરીકતા મળી ગઈ હોવાથી હવે આવા ભાગેડુઓ યુએઈની જગ્યાએ લંડન ભાગવાનું પસંદ કરશે.

મોહન ભાગવતના મણીપુર પ્રવાસ પર કોંગ્રેસના સવાલ

મણીપુર કોંગ્રેસ સીએલપીના નેતા કિશમ મેઘચંદ્ર સિંહએ આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના મણીપુર પ્રવાસ વિશે પ્રશ્નો કર્યા છે. એમણે પૂછયું છે કે, મોહન ભાગવતના આ પ્રવાસને કારણે હિંસા પ્રભાવીત રાજ્યમાં શાંતિ સ્થપાશે? એમના કહેવા પ્રમાણે રાજ્યને હવે વધુ આશ્વાસનો માટે વધુ એક પ્રવાસની જરૂર નથી. મણીપુરને સ્થાયી શાંતિ, સુરક્ષા, પુનર્વાસ, જવાબદારી અને એક વિશ્વસનીય રાજકીય રોડ મેપની જરૂર છે.

ભાગવત મણીપુરના ત્રણ દિવસના પ્રવાસ માટે ઈમ્ફાલ પહોંચ્યા હતા. રાજ્યની સામાજીક પરિસ્થિતિનો તેઓ અભ્યાસ કરવાના છે, પરંતુ એમા એમને સફળતા મળે એવી શક્યતા નથી. ખરેખર તો આરએસએસના ૧૦૦ વર્ષ પૂરા થયા એ સંદર્ભે યોજાનાર કાર્યક્રમમાં તેઓ ફક્ત હાજરી આપશે.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર)ના તાલુકા-વેજલપુરના ગામ મોજે-વસ્ત્રાપુર ના ટી.પી.સ્કીમ નં.૩૧ અન્વયે ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૭૬ ની ૪૨૮૮ ચો.વારની જમીન ઉપર આવેલ ''આંબાવાડી અનુજા એસોસીયેશન'' કે જે ''સ્કાઈલાર્ક એપાર્ટમેન્ટ'' ના નામથી ઓળખાય છે તેના બીજા માળ ઉપર આવેલ ફલેટ નં. બી/૧૨ ની ૧૧૮.૬૨ ચો.મી.ના બાંધકામવાળી મિલકત રાઘવ રમણ ધુતની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે કોઈ સંસ્થા કે બેંકનો બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં અમોને તે બદલના પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

દિપક કે દલવાડી એસોસીયેટસ એન્ડ એડવોકેટસ
હેત દીપક દલવાડી (એડવોકેટ)
ઓફીસ નં.૩૩૮-૩૩૯ ત્રીજો માળ, અક્ષર આર્કેડ, મેમનગર ફાયર સ્ટેશનની સામે, નવરંગપુરા, અમદાવાદ.
મો.૮૭૫૮૭ ૧૫૬૨૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક

દેશ-દુનિયા

ઈન્ડોનેશિયામાં જ્વાળામુખીની ટોચ પર ગણપતિ બિરાજમાન



ઈન્ડોનેશિયાના ઈસ્ટ જાવા વિસ્તારમાં આવેલા માઉન્ટ બ્રોમો નામના સક્રિય જ્વાળામુખીની ટોચ પર ભગવાન ગણેશની આશરે ૭૦૦ વર્ષ જૂની મૂર્તિ આવેલી છે. સમુદ્ર સપાટીથી આશરે ૨,૩૨૯ મીટરની ઊંચાઈએ આવેલી મૂર્તિ સ્થાનિક લોકોની આસ્થાનું કેન્દ્ર છે. આશ્ચર્યની વાત એ છે કે, જ્વાળામુખી સક્રિય હોવા છતાં અહીં લોકો દર્શન કરવા અને ધાર્મિક વિધિઓ માટે અહીં પહોંચે છે. **ટેન્ગરેઝ સમુદાયની આસ્થા :** માઉન્ટ બ્રોમો ઈન્ડોનેશિયાના ટેન્ગર સેમેરુ નેશનલ પાર્કમાં આવેલો છે. સ્થાનિક ટેન્ગરેઝ સમુદાય ભગવાન ગણેશને વિઘ્નહર્તા તરીકે પૂજે છે. તેમની માન્યતા છે કે, જ્વાળામુખીના મુખ પાસે બિરાજમાન ગણેશજી તેમને જ્વાળામુખીના વિસ્ફોટ અને કુદરતી આફતોથી બચાવે છે. આ મૂર્તિની આસપાસ ફળ, ફૂલ અને અગરબત્તી અર્પણ કરીને લોકો પ્રાર્થના કરે છે. **અનોખી ધાર્મિક પરંપરા :** આ વિસ્તારની ધા મક પરંપરાઓ પણ અનોખી છે. અહીંના ટેન્ગરેઝ લોકો હિન્દુ પંચાંગ પ્રમાણે તહેવારો અને ધાર્મિક વિધિઓ ઉજવે છે. તેઓ સ્થાનિક દેવતા ઈડા સાંગ હયાંગ વિધિ વાસાની સાથે બ્રહ્માજી, શિવજી અને વિષ્ણુ ભગવાનની પૂજા કરે છે. તેમનાં ધાર્મિક રીતરિવાજોમાં હિન્દુ ધર્મ ઉપરાંત બૌદ્ધ ધર્મ અને સ્થાનિક પરંપરાઓની અસર જોવા મળે છે. **યાદન્યા કસાડા ઉત્સવ :** દર વર્ષે યોજાતા 'યાદન્યા કસાડા' ઉત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માઉન્ટ બ્રોમો ખાતે એકત્ર થાય છે. આ ઉત્સવ તેમની સદીઓ જૂની માન્યતાઓ સાથે જોડાયેલો છે. આમ, એક તરફ સક્રિય જ્વાળામુખીનું જોખમ અને બીજી તરફ ભગવાન ગણેશ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા માઉન્ટ બ્રોમોને વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવે છે.

માઉન્ટ બ્રોમોના સક્રિય જ્વાળામુખીની ટોચ પર ગણેશજીની ૭૦૦ વર્ષ જૂની મૂર્તિ સ્થાપિત છે

સ્થાનિક ટેન્ગરેઝ સમુદાયની પૂજામાં હિન્દુ તેમજ બૌદ્ધ ધર્મની વિવિધ પરંપરાઓ જોવા મળે છે

હાઉસ એમડી સીરિઝની નકલ કરતાં ટ્રોલિંગ

નવાઝુદ્દીન અને દિયા મિર્ઝાની ડો. હસન સીરિઝનાં ટીઝરમાં બેઠી ઉઠાંતરી

મુંબઈ, તા. ૧૯

નવાઝુદ્દીન સિદ્દિકી અને દિયા મિર્ઝા અભિનિત સીરિઝ 'ડો. હસન'નું ટીઝર થતાંની સાથે જ નેટિઝન્સે તેને મૂળ શોની નબળી નકલ ગણાવી સોશ્યલ મીડિયા પર આકરી ટીકા કરી છે.



રોહન સિપ્પી નિર્દેશિત આ સીરિઝ ૧૧ ડિસેમ્બર પર રજૂ થવાની છે. મુખ્ય જોડી ઉપરાંત આ સીરિઝમાં ફૈઝલ રશિદ, રહેમત રતન, જેસન થામ અને સ્મરણ સાનુ મહત્વની ભૂમિકાઓમાં છે.

જો કે, હ્યુ લેરી અભિનિત 'ડો. હાઉસ' સીરિઝ એટલી સારી છે કે તેની નબળી નકલ કરવાની શું જરૂર છે તેવા સવાલ કરવામાં આવ્યા હતા. એક જણે જણાવ્યું હતું કે ઈંગ્લીશ બોલનારાની સંખ્યાની બાબતે ભારત દુનિયામાં બીજા ક્રમે છે. આ લોકો જ્યારે ઓરિજિનલ સિરિઝ ઈંગ્લીશમાં જોઈ શકે તેમ છે ત્યારે તેની હિન્દી પેરોડી બનાવવાની શું જરૂર છે. ઓરિજિનલ શો 'હાઉસ'ની આઠ સીઝન રજૂ થઈ ચૂકી છે.


ઓરિજિનલ સીરિઝ એટલી સારી છે કે તેની નકલ વ્યર્થ કવાયત છે : નેટિઝન્સની ટીકા

સાજિદ નડિયાદવાલાનો પુત્ર સુભાન આઈરાહનો હીરો

રોહિત રોયની પુત્રી આઈરાહની ઐસી દિવાનગી દેખી નહીં કહીંથી ફિલ્મમાં એન્ટ્રી

મુંબઈ, તા. ૧૯

એક્ટર રોહિત રોયની પુત્રી આઈરાહ રોય બોઝ સાજિદ નડિયાદવાલાની ફિલ્મ 'ઐસી દિવાનગી દેખી નહીં કહીં' ફિલ્મથી હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં એન્ટ્રી કરી રહી છે.



અગાઉ ૨૦૨૩માં બ્રાઉન યુનિવર્સિટીમાં ભણવા માટે આઈરાહે ઝોયા અખ્તરની ફિલ્મ 'ધ આર્ચિઝ'માં કામ કરવાની ના પાડી દીધી હતી. રોહિત રોયના મતે ફિલ્મસ્ટાર તેમના પોતાના સંતાનોને નિર્દેશિત કરવાની મોટી ભૂલ કરે છે.

ફિલ્મમેકર્સે તેમના સંતાનોને કદી જાતે લોન્ચ ન કરવા જોઈએ. ૨૦૨૫માં બ્રાઉન યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા બાદ આયરાહ હવે 'ઐસી દિવાનગી દેખી નહીં કહીં' ફિલ્મમાં નિર્માતા સાજિદ નડિયાદવાલાના પુત્ર સુભાન સાથે જોડી જમાવશે. સાજિદ નડિયાદવાલાના પુત્ર સુભાનની પણ આ પહેલી ફિલ્મ છે. 'બદરીનાથ કી દુલ્હનિયા' અને 'ધડક' ફિલ્મો નિર્દેશિત કરનાર શશાંક ખૈતાન આ રોમેન્ટિક રિવેન્જ ડ્રામાનું નિર્દેશન કરશે. આ ફિલ્મને ૯ જુલાઈ ૨૦૨૭માં થિયેટર્સમાં રજૂ કરવાની નિર્માતાઓની નેમ છે.

આઈરાહ રોય બોઝ અગાઉ ઝોયા અખ્તરની ધ આર્ચિઝને નકારી બ્રાઉન યુનિવર્સિટીમાં ભણવા ગયેલી

ધમકીઓને પગલે ફિલ્મસ્ટાર્સની સુરક્ષા માટે અરજી

ટાઈગર-આયુષમાનને એક્સ કેટેગરીની સુરક્ષા મળશે

મુંબઈ, તા. ૧૯

જુહુમાં ટાઈગર શ્રોફ પર ગોળીબારની ઘટના બની તે પછી અનેક ફિલ્મસ્ટાર્સને અંધારી આલમમાંથી અનેક પ્રકારની ધમકીઓ મળવાને પગલે ફિલ્મસ્ટાર્સે પોલીસ પાસે સુરક્ષા કવર મેળવવા માટે અરજીઓ કરી છે. જેને પગલે મુંબઈ પોલીસ હવે આયુષમાન ખુરાના અને ટાઈગર શ્રોફને એક્સ કેટેગરીની સુરક્ષા પુરી પાડવા માટે વિચારણા કરી રહી છે.



મુંબઈ પોલીસની સિક્યુરિટી એન્ડ પ્રોટેક્શન બ્રાંચ દ્વારા હાલ દરેક અરજી પર વિચારણા કરવામાં આવી રહી છે. મળેલી ધમકીનો પ્રકાર તથા તેના જોખમને આધારે એક્ટરને કેવી સુરક્ષા આપવી તેનો નિર્ણય લેવામાં આવે છે. ટાઈગર શ્રોફ પર હુમલો થયા બાદ અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન અને આયુષમાન ખુરાનાને ધમકીઓ મળી હતી.

એક્સ કેટેગરીની સુરક્ષામાં જે તે એક્ટરની સુરક્ષા માટે પોલીસ બે હથિયારધારી અંગરક્ષક પુરાં પાડે છે.

એક્સ કેટેગરીમાં પોલીસ બે હથિયારધારી સુરક્ષા કર્મચારીઓ ફિલ્મસ્ટારને ફાળવાશે


પાંચ એપિસોડની આંતરરાષ્ટ્રીય સીરિઝ બનશે

એ પેસેજ ટુ ઈન્ડિયામાં નસીરુદ્દિન અને અલી ફઝલની ભૂમિકા

મુંબઈ, તા. ૧૯

મૂળ ઈએમ ફોર્સ્ટરની પ્રખ્યાત નવલકથા 'એ પેસેજ ટુ ઈન્ડિયા' પરથી અગાઉ ઓસ્કર વિજેતા ફિલ્મ બની ચૂકી છે.

હવે આ જ નોવલ પરથી બની રહેલી એક વેબ સીરિઝમાં નસરુદ્દિન શાહ તથા અલી ફઝલ સહિતના કલાકારો ભૂમિકા ભજવવાના છે.



'દિલ્હી કાઈમ' સીરિઝ બનાવી અમ્મી એવોર્ડ જીતનાર રીચી મહેતા હવે પાંચ હપ્તાની સીરિઝ 'એ પેસેજ ટુ ઈન્ડિયા' બનાવી રહ્યા છે. આ સીરિઝનો દરેક એપિસોડ એક કલાકનો હશે.

આ સીરિઝમાં અલી ફઝલ અઝીઝની ભૂમિકામાં અને નસીરુદ્દીન શાહ ગોડબોલેની ભૂમિકામાં જોવા મળશે. જ્યારે ફિઓના શો મિસિસ મૂર અને ટોમ મિસોન ફિલ્ડિંગની ભૂમિકા ભજવી રહ્યાં છે. આ એક સત્તાવાર યુકે-કેનેડા કો-પ્રોડક્શન છે. આ નવલકથા પરથી અગાઉ ડેવિડ લીને ૧૯૮૪માં ફિચર ફિલ્મ બનાવી હતી જેને અગિયાર ઓસ્કર નોમિનેશન મળ્યા હતા અને તેમાંથી બે ઓસ્કર જીત્યા હતા.

ઈ એમ ફોર્સ્ટરની પ્રખ્યાત નોવેલ પરથી બનેલી હોલિવુડ ફિલ્મ ઓસ્કાર જીતી ચૂકી છે

એક વિદેશી નારીનું સત્તાના ઝરૂખેથી ભારતીય લોકશાહીનું મૂલ્યાંકન

અટલ બિહારી વાજપેયી વિરોધી હતા પણ ક્યારેય દુશ્મન નહોતા

ભારતીય રાજકારણના ઈતિહાસમાં ગાંધી-નહેરુ પરિવાર હંમેશા ચર્ચા, કુતૂહલ અને વિવાદોના કેન્દ્રમાં રહ્યો છે. આ પરિવારની વહુ, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ અને દાયકાઓ સુધી દેશના રાજકારણની દિશા નક્કી કરનારા સોનિયા ગાંધીનું વ્યક્તિત્વ હંમેશા એક રહસ્યમય આભા ધરાવતું રહ્યું છે. જાહેર જીવનમાં મૌન અને સંયમ જાળવનારા સોનિયા ગાંધી જ્યારે પોતાના જીવનની અંગત આત્મકથા નથી, પરંતુ ઈટાલીના એક નાનકડા ગામમાંથી આવીને ભારતની સૌથી શક્તિશાળી રાજકીય પરિવારની પુત્રવધૂ બનવા સુધીની એક સંવેદનશીલ, ભાવનાત્મક અને સંઘર્ષમય યાત્રાનો દસ્તાવેજ છે. આ પુસ્તકની સૌથી મોટી વિશેષતા તેની સરળ, સહજ અને હૃદયસ્પર્શી શૈલી છે, જેમાં કોઈ રાજકીય ભાષણબાજી કરતાં એક સ્ત્રી, પત્ની, માતા અને પુત્રવધૂની આંતરિક લાગણીઓ વધુ પ્રબળતાથી વ્યક્ત થઈ છે.

પુસ્તકના કેન્દ્રમાં સોનિયા અને રાજીવ ગાંધીની પ્રેમકથા છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક સામાન્ય રેસ્ટોરન્ટમાં થયેલી પ્રથમ મુલાકાતથી લઈને ભારતની ભૂમિ પર પગ મૂકવા સુધીના પ્રસંગો સોનિયાએ અત્યંત જીવંતતાથી આલેખ્યા છે. સોનિયા લખે છે કે જ્યારે તેઓ ૧૯૬૮માં પ્રથમ વખત દિલ્હી આવ્યાં, ત્યારે ભારતની સંસ્કૃતિ, ભાષા, રીતરિવાજો અને ગરમી તેમના માટે સાવ નવા હતા. રાજીવ ગાંધીનો પ્રેમ અને તેમનો શાંત સ્વભાવ જ સોનિયા માટે સૌથી મોટો આધાર બન્યો હતો.

ગાંધી પરિવારના ઈતિહાસની વાત થાય અને બચ્ચન પરિવારનો ઉલ્લેખ ન થાય તે શક્ય જ નથી. સોનિયા ગાંધીએ આ પુસ્તકમાં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન અને હરિવંશરાય બચ્ચન તથા તેજી બચ્ચન સાથેના ગાંધી પરિવારના ગાઢ અને પારિવારિક સંબંધોને ખૂબ જ લાગણીસભર રીતે યાદ કર્યા છે. ૧૯૬૮માં જ્યારે સોનિયા પ્રથમ વખત ભારત આવ્યાં, ત્યારે લગ્ન પહેલાંના દિવસોમાં તેઓ અમિતાભ બચ્ચનના ઘરે તેમના માતા-પિતા સાથે જ રોકાયા હતા. તેજી બચ્ચને સોનિયાને એક દીકરીની જેમ સાચવ્યા હતા અને ભારતીય રીતરિવાજો શીખવ્યા હતા. રાજીવ અને અમિતાભની મિત્રતા બાળપણની હતી, અને સોનિયા તથા જયા બચ્ચન વચ્ચે પણ બહેનો જેવો સંબંધ હતો. પુસ્તકમાં એ વાતની પીડા પણ છલકાય છે કે રાજકારણના પ્રવેશ અને ત્યારબાદ બોફોર્સ વિવાદ જેવા કપરા સંજોગોએ આ બે અત્યંત નજીકના પરિવારો વચ્ચે કેવી રીતે અંતર ઊભું કરી દીધું. કોઈના પર દોષારોપણ કર્યા વિના સોનિયાએ એ સત્ય સ્વીકાર્યું છે કે રાજકારણની કઠોરતા ઘણીવાર પવિત્ર મિત્રતાઓનો પણ ભોગ લઈ લે છે.

પુસ્તકમાં રાજીવ ગાંધી એક મહાન રાજનેતા કરતાં એક અત્યંત પ્રેમાળ પતિ અને સંવેદનશીલ પિતા તરીકે વધુ ઉપસી આવે છે. રાજીવને રાજકારણમાં બિલકુલ રસ નહોતોત તેઓ તો પોતાના પાયલટ તરીકેના વ્યવસાય અને પરિવાર સાથેના શાંત જીવનમાં જ ખુશ હતા. સોનિયાએ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે તેઓ અને રાજીવ બંને રાજકારણની કઠોર દુનિયાથી દૂર રહેવા માંગતા હતા, પરંતુ સંજોગો અને પરિવાર પ્રત્યેની ફરજે તેમને એવા વમળમાં ધકેલી દીધા જ્યાંથી પાછા ફરવું અશક્ય હતું.

આ પુસ્તકનો એક અત્યંત મહત્વપૂર્ણ હિસ્સો ઈન્દિરા ગાંધી સાથેના સોનિયાના સંબંધો પર પ્રકાશ પાડે છે. સામાન્ય રીતે લોકમાનસમાં ઈન્દિરા ગાંધીની છબી એક કડક, લોખંડી અને સત્તાધીશ વડાપ્રધાન તરીકેની છે, પરંતુ સોનિયાની કલમે ઈન્દિરાજીનું એક સાવ અલગ, માતૃત્વસભર અને કલાત્મક રૂપ સામે આવે છે. સોનિયા જણાવે છે કે ઈન્દિરા ગાંધીએ ક્યારેય તેમના પર ભારતીય સંસ્કૃતિ થોપી નહોતી, બલ્કે ધીરજ અને પ્રેમથી તેમને ભારતને સમજવામાં મદદ કરી હતી. સાડી પહેરવાની રીત શીખવવાથી લઈને ભારતીય ખાણીપીણી અને સાહિત્યનો પરિચય કરાવવા સુધી, ઈન્દિરાજી એક સાસુ કરતાં એક માર્ગદર્શક અને સખીની ભૂમિકામાં વધુ જોવા મળે છે. ઈન્દિરા ગાંધીની હત્યાના દિવસનું વર્ણન પુસ્તકના સૌથી કરુણ અને હૃદયદ્રાવક પ્રકરણોમાંનું એક છે. લોહીથી લથપથ ઈન્દિરાજીને હોસ્પિટલ લઈ જવાની ઘટના અને ત્યારબાદ રાજીવ ગાંધીને વડાપ્રધાન બનાવવાની વાત આવી ત્યારે સોનિયાએ કરેલો ઉગ્ર વિરોધ પુસ્તકમાં અત્યંત પ્રામાણિકતાથી આલેખાયો છે. સોનિયાને અંદરથી એવો ભય સતાવતો હતો કે રાજકારણ તેમના સુખી પરિવારનો ભોગ લેશે, અને કમનસીબે તેમની એ આશંકા થોડા જ વર્ષોમાં સાચી પણ ઠરી. ગાંધી પરિવારના આંતરિક સમીકરણો, ખાસ કરીને સંજય ગાંધી અને મેનકા ગાંધી સાથેના સંબંધો અંગે પણ સોનિયાએ સંયમિત છતાં સ્પષ્ટ ટિપ્પણીઓ કરી છે. સોનિયા લખે છે કે સંજય ગાંધીનો સ્વભાવ રાજીવ કરતાં તદ્દન વિપરીત હતો. સંજય મહત્વાકાંક્ષી, ઉતાવળા અને સત્તાના રાજકારણમાં ઊંડે સુધી રસ ધરાવતા હતા, જ્યારે રાજીવ શાંત અને અંતર્મુખી હતા. આમ છતાં, બંને ભાઈઓ વચ્ચે એક અતૂટ લાગણી હતી. મેનકા ગાંધીના કારણે બંને ભાઈઓના સંબંધોમાં પણ કડવાશ આવી હોવાની વાત કરી છે. મેનકા ગાંધી સાથેના સંબંધોમાં આવેલી કડવાશ અને ત્યારબાદ મેનકાનું વડાપ્રધાન નિવાસસ્થાન છોડીને જવું, આ તમામ પ્રસંગોને સોનિયાએ કોઈના પર વ્યક્તિગત કાદવ ઉછાળ્યા વિના, એક પરિવારના તૂટવાની પીડા તરીકે રજૂ કર્યા છે. વાચકને અહીં સોનિયાની પરિપક્વતા દેખાય છે, જોકે ટીકાકારોને કદાચ એવું લાગી શકે કે તેમણે આ વિવાદોના કેટલાક રાજકીય પાસાઓને હળવાશથી સ્પર્શ્યા છે.



રાજકીય સંસ્મરણોની વાત કરીએ તો, ભારતીય રાજકારણના દિગ્ગજ નેતાઓ વિશે સોનિયા ગાંધીના અવલોકનો અત્યંત રસપ્રદ અને નોંધપાત્ર છે. ખાસ કરીને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી પ્રત્યે સોનિયા ગાંધીના મનમાં રહેલો ઊંડો આદર પુસ્તકમાં સ્પષ્ટપણે ઝળકે છે. વૈચારિક રીતે બંને નેતાઓ સામસામેના છેડે હોવા છતાં, વાજપેયીજીની શાલીનતા, કવિહૃદય અને સંસદીય ગરિમાની સોનિયાએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. પુસ્તકમાં એવા પ્રસંગોનો ઉલ્લેખ છે જ્યારે રાજીવ ગાંધીની ગંભીર બીમારી સમયે વાજપેયીજીએ રાજકીય મતભેદો ભૂલીને માનવતાના ધોરણે મદદ કરી હતી. સોનિયા લખે છે કે વાજપેયીજી વિરોધી હતા, દુશ્મન નહોતા; તેમના વ્યક્તિત્વમાં એક એવી ઉદારતા હતી જે આજના રાજકારણમાં દુર્લભ છે.

પુસ્તકનું સૌથી આકર્ષક અને વાચનીય પાસું વિશ્વના મહાન નેતાઓ સાથેના સોનિયા ગાંધીના અંગત અનુભવો છે. વડાપ્રધાનની પત્ની તરીકે અને ત્યારબાદ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે સોનિયાને વિશ્વની અનેક ઐતિહાસિક હસ્તીઓને નજીકથી જોવાની અને મળવાની તક મળી હતી. દક્ષિણ આફ્રિકાના મહાન નેતા નેલ્સન મંડેલા સાથેની મુલાકાતને સોનિયા પોતાના જીવનની સૌથી યાદગાર ક્ષણ ગણાવે છે. મંડેલાના ચહેરા પરની શાંતિ અને ક્ષમાશીલતાએ સોનિયાને અત્યંત પ્રભાવિત કર્યા હતા. ક્યુબાના ક્રાંતિકારી નેતા ફિદેલ કાસ્ત્રોના ઉષ્માભર્યા સ્વભાવ અને ભારત પ્રત્યેના તેમના લગાવ અને સોવિયેત સંઘના અંતિમ નેતા મિખાઈલ ગોર્બાચેવ તથા તેમના પત્ની રાયસા સાથેની ગાઢ મિત્રતાના પ્રસંગો વાચકને વૈશ્વિક રાજકારણના પડદા પાછળની દુનિયામાં લઈ જાય છે. આ ઉપરાંત, અમેરિકી રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને બરાક ઓબામાની બૌદ્ધિક ક્ષમતા તેમજ પ્રિન્સેસ ડાયનાની સાદગી અને સંવેદનશીલતા વિશેના સોનિયાના સંસ્મરણો અત્યંત રસપ્રદ છે.

સોનિયા જણાવે છે કે ઈન્દિરા ગાંધીએ ક્યારેય તેમના પર ભારતીય સંસ્કૃતિ થોપી નહોતી, બલ્કે ધીરજ અને પ્રેમથી તેમને ભારતને સમજવામાં મદદ કરી હતી. સાડી પહેરવાની રીત શીખવવાથી લઈને ભારતીય ખાણીપીણી અને સાહિત્યનો પરિચય કરાવવા સુધી, ઈન્દિરાજી સાસુ કરતાં એક માર્ગદર્શક અને સખીની ભૂમિકામાં વધુ જોવા મળે છે : પુસ્તકમાં એવા પ્રસંગોનો ઉલ્લેખ છે જ્યારે વાજપેયીજીની ગંભીર બીમારી સમયે રાજીવ ગાંધીએ રાજકીય મતભેદો ભૂલીને માનવતાના ધોરણે મદદ કરી હતી. બીજી તરફ રાજીવની હત્યા બાદ વાજપેયીજીએ કહ્યું હતું કે, મેં મારો નાનો ભાઈ અને જીવનદાતા ગુમાવ્યો છે. સોનિયા લખે છે કે વાજપેયીજી વિરોધી હતા, દુશ્મન નહોતા તેમના વ્યક્તિત્વમાં એક એવી ઉદારતા હતી જે આજના રાજકારણમાં દુર્લભ છે : 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ' માત્ર એક રાજકીય નેતાની આત્મકથા નથી, પરંતુ ઈટાલીના એક નાનકડા ગામમાંથી આવીને ભારતની સૌથી શક્તિશાળી રાજકીય પરિવારની પુત્રવધૂ, કોંગ્રેસના વડા બનવા અને વડા પ્રધાન પદ ઠુકરાવી દેવા સુધીની એક સંવેદનશીલ, ભાવનાત્મક અને સંઘર્ષમય યાત્રાનો દસ્તાવેજ છે

ઈટાલીના ગામથી ૧૦ જનપથ સુધીની સોનિયા ગાંધીની અવિસ્મરણીય યાત્રા


સોનિયા ગાંધીની આત્મકથા 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ' એક અત્યંત સંતુલિત અને ભાવનાત્મક પુસ્તક છે. તેની ભાષામાં ક્યાંય કડવાશ કે વેરભાવના દેખાતી નથી. સોનિયા ગાંધીએ પોતાના જીવનના ઉતાર-ચઢાવ, સત્તાનો ત્યાગ, વિદેશી મૂળ હોવાના કારણે સહન કરવી પડેલી રાજકીય ટીકાઓ અને અંગત જીવનની કરુણતાઓને અત્યંત ગરિમાપૂર્ણ રીતે રજૂ કરી છે. જોકે, એક રાજકીય વિશ્લેષકની દ્રષ્ટિએ જોઈએ તો પુસ્તકમાં કેટલાક વિવાદાસ્પદ રાજકીય નિર્ણયો, કટોકટીનો સમયગાળો, ૧૯૮૪ના રમખાણો કે યુપીએ શાસનકાળના ભ્રષ્ટાચારના આરોપો જેવા ગંભીર મુદ્દાઓ પર ઊંડાણપૂર્વકની આત્મખોજનો થોડો અભાવ વર્તાય છે. સોનિયા ગાંધીએ પોતાની જાતને એક રાજકીય વ્યૂહરચનાકાર કરતાં સંજોગો સામે લડતી એક સમ પત મહિલા તરીકે વધુ રજૂ કરી છે. આમ છતાં, આ પુસ્તક વાચકોને એક એવા વ્યક્તિત્વની નજીક લઈ જાય છે જેને દાયકાઓ સુધી લોકોએ માત્ર દૂરથી જ જોયું અને જજ કર્યું છે. 'બિલોન્ગિંગ : અ જર્ની ઓફ લવ' એ સાબિત કરે છે કે કોઈ વ્યક્તિનો જન્મ ભલે ગમે તે દેશમાં થયો હોય, પરંતુ પ્રેમ, સમર્પણ અને સંઘર્ષ તેને કોઈ પણ ભૂમિ સાથે અતૂટ રીતે જોડી શકે છે. ઈતિહાસ, રાજકારણ અને માનવીય સંબંધોમાં રસ ધરાવતા દરેક વાચક માટે આ પુસ્તક એક અત્યંત રસપ્રદ અને અવિસ્મરણીય વાચન બની રહેશે.

દિલ્હીના રૂલિંગ એલિટ અંગે મારી અને મોદીની લાગણી સરખી હતી

સોનિયા ગાંધીએ આ પુસ્તકમાં નરેન્દ્ર મોદી વિશે લખેલી આશ્ચર્યજનક વાત એ છે કે, બંને વચ્ચે તીવ્ર રાજકીય વિરોધાભાસ હતો છતાં તેઓ એક મુદ્દે તેમને બંનેને સરખા માનતા હતા. સોનિયા નોંધે છે કે, નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બન્યા બાદ શરૂઆતના સમયમાં દિલ્હીના પ્રસ્થાપિત રૂલિંગ એલિટ વિશે જે અણગમો અને અકળામણ હતા તેને તેઓ સારી રીતે સમજી શકતા હતા. તેનું એકમાત્ર કારણ એવું હતું કે, હુ પોતે ઈટાલીથી આવી અને આ સત્તાના કેન્દ્રોમાં પહોંચી ત્યારે દિલ્હીના આ પરંપરાગત લોકો, અંગ્રેજી બોલતા લોકો અને સત્તાધીશ વર્ગના લોકો તેમને પણ આઉટસાઈડરની લાગણી અનુભવવા મજબૂર કરતા હતા. ઈટાલીથી આવીને ભારતીય રાજકારણમાં કેન્દ્રમાં પ્રવેશ લેવો તેમના માટે ખૂબ જ મુશ્કેલ બની ગયો હતો.

નરેન્દ્ર મોદી પણ લાંબા સમય સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહીને જ્યારે પીએમ તરીકે આવ્યા ત્યારે લ્યુટિયન્સ દિલ્હીની સંસ્કૃતિ સામે તેમને પણ અણગમો અને અકળામણ ઊભા થયા હતા.

સીએમએ એવોર્ડ્સ : એલા અને સ્વિફ્ટ છવાઈ



અમેરિકાની કન્ટ્રી મ્યુઝિક સિંગર એલા લેંગલીએ ૯૦મા કન્ટ્રી મ્યુઝિક એસોસિયેશન એવોર્ડ્સમાં છ એવોર્ડ જીતીને મોટી સફળતા મેળવી છે. નેશવિલેમાં યોજાયેલા એવોર્ડ્સમાં ૨૭ વર્ષીય એલાને 'એન્ટરટેઈનર ઓફ ધ યર' જાહેર કરવામાં આવી હતી. તેના પોપ્યુલર સોંગ ચૂઝિંગ ટેક્સાસની સફળતાએ આ વર્ષે તેને ખાસ ઓળખ અપાવી છે. એલાએ 'ફીમેલ વોકલિસ્ટ ઓફ ધ યર', 'સિંગલ ઓફ ધ યર', 'સોંગ ઓફ ધ યર', 'મ્યુઝિક વીડિયો ઓફ ધ યર' અને 'આલ્બમ ઓફ ધ યર' સહિત કુલ છ એવોર્ડ પોતાના નામે કર્યા હતા. ચૂઝિંગ ટેક્સાસ સોંગને સોંગ અને સિંગલ ઓફ ધ યરનો એવોર્ડ પણ મળ્યો હતો. ટેલર સ્વિફ્ટનું પર્ફોર્મન્સ આ વખતના એવોર્ડ ફંક્શનનું ખાસ આકર્ષણ રહ્યું હતું. તેણે ૧૩ વર્ષ બાદ સીએએ એવોર્ડ્સના મંચ પર પર્ફોમ કર્યું હતું. સમારોહની શરૂઆત સ્વર્ગસ્થ કન્ટ્રી સિંગર ડોલી પાર્ટનને શ્રદ્ધાંજલિ આપીને કરવામાં આવી હતી.

સાઈબર સુરક્ષા મુદ્દે એઆઈની સ્માર્ટ ટેકનોલોજી સાથે આવેલું અનેક ગણું જોખમ

દેશની ૧૦માંથી ૯ કંપનીઓ એઆઈ એજન્ટના હુમલાનો ભોગ બની

નવી દિલ્હી, તા. ૧૯

દેશની ૯૨ ટકા કંપનીઓમાં છેલ્લાં એક વર્ષમાં એઆઈ એજન્ટની સુરક્ષાને લગતી ઘટનાઓ સામે આવી છે, તેની સામે કંપનીઓ પાસે એક્સપર્ટ્સ નથી. બહુ ઓછી કંપનીઓ એઆઈ એજન્ટની સુરક્ષા લેતી વખતે સુરક્ષાની દેખરેખ માટે એક્સપર્ટ રાખે છે. મોટાભાગની કંપનીઓ પર એઆઈ એજન્ટની સુરક્ષાનો ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે. એક સર્વેમાં આ પ્રકારનો દાવો કરવામાં આવ્યો છે.

દેશની ૩૬ ટકા કંપનીઓ જ ૨૪ કલાકમાં એઆઈથી સર્જાયેલા જોખમ સામે લડી શકી : ૫૦૦ કંપનીઓ પર થયેલા સર્વેનું તારણ

૫૦૦ કંપનીઓના સિક્યુરિટી વડા સાથે વાતચીત કર્યા બાદ સર્વિસનાઉ કંપનીએ એક રિપોર્ટ તૈયાર કર્યો હતો. એમાં જણાયું કે ૯૨ ટકા કંપનીઓ એટલે કે ૧૦માંથી નવ કંપનીઓ છેલ્લાં એક વર્ષમાં એઆઈ એજન્ટના સાઈબર સુરક્ષાનો ભોગ બની. આ કંપનીઓમાંથી ૩૬ ટકા કંપનીઓ જ એઆઈ એજન્ટને લગતી સુરક્ષા સામે ખતરો સર્જાયો ત્યારે તેની સામે ૨૪ કલાકમાં લડી શકી હતી. તે સિવાયની કંપનીઓ અંધારામાં રહી હતી. તેમની પાસે એવી કોઈ સુરક્ષાની વ્યવસ્થા ન હતી.

સર્વેનું માનીએ તો આ

(અનુસંધાન ૧૧મે પાને)

તેલંગણા ગ્રાહક વિવાદ નિવારણ આયોગનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

યુપીઆઈ પીન નાંખવાથી ટ્રાન્ઝેક્શનને ગ્રાહકની મંજૂરી હોવાનું સાબિત થતું નથી

નવી દિલ્હી, તા. ૧૯

તેલંગણાનાં રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ આયોગે એક મહત્ત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું હતું કે ફક્ત યુપીઆઈ પિન અથવા ઓથેન્ટિકેશન પ્રક્રિયા પૂર્ણ થવાથી એ સાબિત થતું નથી કે ગ્રાહકે પોતે ટ્રાન્ઝેકશનને મંજૂરી આપી હતી.

એક મહિલાનાં ખાતામાંથી યુપીઆઈ ફ્રોડથી ઉપાડી લેવામાં આવેલા ૫૫૦૦૦ રૂપિયા પરત આપવાનો આદેશ એસબીઆઈને આપ્યો છે. આ સાથે જ બેંકને સેવામાં બેદરકારી માટે ૨૦,૦૦૦ રૂપિયા વળતર અને કેસનાં ખર્ચ પેટે ૧૦,૦૦૦ રૂપિયા પણ આપવા પડશે. એટલે કે બેંકને કુલ ૮૫૦૦૦ રૂપિયા ચુકવવા પડશે.

આ કેસ ડિજિટલ બેંકિંગમાં ફ્રોડ થવા પર ગ્રાહકોનાં અધિકાર અને

(અનુસંધાન ૧૧મે પાને)

એસબીઆઈને કુલ રૂ. ૮૫૦૦૦ ચુકવવાનો આદેશ : મહિલાનાં ખાતામાંથી રૂ. ૫૫૦૦૦નો યુપીઆઈ ફ્રોડ થયું હતું

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયધીશ ગોપાલા ગૌડાનો આરોપ

એક પાર્ટીને મદદ કરવા માટે ચૂંટણી પંચે ૧૩ કરોડ મતદારોને લિસ્ટમાંથી હટાવ્યા

નવી દિલ્હી, તા. ૧૯

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયધીશ ગોપાલા ગૌડાએ ચૂંટણી પંચની એસઆરઆઈની કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે તેમની કામગીરીથી લોકશાહી સામે ખતરો સર્જાયો છે. એસઆરઆઈનો ઉપયોગ મતદારોને લિસ્ટમાંથી હટાવવા માટે ન થવો જોઈએ. તેમણે સુપ્રીમ કોર્ટને ભલામણ કરી હતી કે આ મામલે ખૂબ જ ઝીણવટથી તપાસ કરવી જોઈએ.

સુપ્રીમે એસઆરઆઈના આખા વિવાદમાં દેશની સંપ્રભુતા સામે સર્જાયેલા ખતરાની ખૂબ ઝીણવટથી તપાસ કરવી જોઈએ : ગૌડા

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયધીશ ગોપાલા ગૌડાએ કહ્યું હતું કે એક પાર્ટીને મદદ કરવા માટે ૧૩ કરોડ મતદારોના નામ કાઢી નાખવાનું પગલું ગેરબંધારણીય છે. ચૂંટણી પંચે આવું પગલું ભરીને દેશની સેંપ્રભુતાને હાઈજેક કરી લીધી છે. એસઆરઆઈનો ઉપયોગ દેશના મતદારોને લિસ્ટમાંથી હટાવી દેવા માટે ન થવો જોઈએ. આ મતદારો પર બહુ મોટો ત્રાસ કહેવાય.

તેમણે સુપ્રીમ કોર્ટને ભલામણ કરી કે એસઆરઆઈના દરેક પાસાઓને ઝીણવટથી અભ્યાસ કરીને તપાસ કરવી જોઈએ. પૂર્વ ન્યાયધીશે બંધારણને ટાંકીને

(અનુસંધાન ૧૧મે પાને)

ચક્રવાત અકવાન : ઓડિશામાં ૧ લાખનું સ્થળાંતર



બંગાળની ખાડીમાં સક્રિય થયેલું શક્તિશાળી ચક્રવાત અકવાન ઓડિશા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અકવાન ૨૦ નવેમ્બરની બપોર સુધીમાં ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠા વચ્ચે ત્રાટકી શકે છે. વાવાઝોડા દરમિયાન પવનની ઝડપ ૯૦થી ૧૦૦ કિમી પ્રતિ કલાક રહેવાની અને ઝાપટાં સાથે ૧૧૦ કિમી સુધી પહોંચવાની શક્યતા છે. વાવાઝોડાના જોખમને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાંથી એક લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે. રાજ્યમાં આશરે ૯,૨૯૯ ચક્રવાત આશ્રયસ્થળો તૈયાર રાખવામાં આવ્યાં છે. સાયક્લોનની અસર માત્ર ઓડિશા અને આંધ્રપ્રદેશ પૂરતી મર્યાદિત નહીં રહે. પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં પણ ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે ૨૦ નવેમ્બરે ઝારખંડના ૧૧ જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કર્યું છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ ભાગમાં પણ ભારે વરસાદ અને ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી છે. વાવાઝોડાની અસર રેલવે વ્યવહાર પર પણ પડી છે. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૯ ટ્રેનો રદ કરવામાં આવી છે.

પૈસાની ભૂખ એટલી છે કે પેટ ભરાતું જ નથી : પીએમ

ટેક્સ ઘટાડવા છતાં ઉદ્યોગપતિઓએ લોકોને રોજગારી ના આપી : મોદી

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ભારત મંડપમમાં ફિક્કીના ૧૦૦મા વાર્ષિક અધિવેશનમાં સેંકડો દિગ્ગજ ભારતીય ઉદ્યોગપતિઓની ઝાટકણી કાઢી હતી. તેમણે ભારતીય કંપનીઓ પર સીધો આક્ષેપ કર્યો કે તે આત્મનિર્ભર ભારતના એજન્ડા પર ચાલતી નથી કે તેઓ કૃષિ ક્ષેત્રમાં રોકાણ પણ નથી કરી રહી અને કોર્પોરેટ ટેક્સ ઘટાડાનો લાભ જનતા અથવા દેશને આપી રહી નથી.

કૃષિપ્રધાન દેશ હોવા છતાં વૈશ્વિક કૃષિ વેપારમાં ભારતનો હિસ્સો માત્ર બે-અઢી ટકા જ : વડાપ્રધાન

વડાપ્રધાન મોદીએ ભારતીય ઉદ્યોગપતિઓને ઘરેલુ બજારના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને દેશવાસીઓને પણ 'એક્સપોર્ટ ક્વોલિટી'ની વસ્તુઓ અને સેવાઓ આપવાની સલાહ પણ આપી. તેમણે આગ્રહ કર્યો કે, કોઈપણ સંકોચ, ખચકાટ વિના મને મુક્તમને લખીને મોકલો કે હજુ પણ કયા સુધારાની જરૂર છે. વડાપ્રધાને તેમના ભાષણની શરૂઆત ભારતની આર્થિક પ્રગતિ, સતત સાત ટકાથી વધુના વિકાસ દર, ૫૦ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર નીકાળવા, ગ્રૂડ્સ નિકાસ દર મહિને ૫૦ અબજ ડોલરને પાર કરવા જેવી સિદ્ધિઓ સાથે કરી, પરંતુ ત્યાર બાદ તેમની ભાષા આકરી બનતી ગઈ અને ઉદ્યોગ જગતને એક પછી એક તેમની ખામીઓ ગણાવી અને તેમની ઝાટકણી કાઢી.

પીએમ મોદીએ આત્મનિર્ભર ભારત

(અનુસંધાન ૧૧મે પાને)

ભેળસેળ છતાં સોનું ૨૪ કેરેટની શુદ્ધતામાં પાસ

સોનામાં રેનિયમ પાઉડર મિક્સ કરવાનું નવું કૌભાંડ !

નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં સોનામાં ભેળસેળ કરવાનું એક નવું કૌભાંડ સામે આવ્યું છે. ચીનમાંથી મંગાવવામાં આવતા રેનિયમ પાઉડરને આ કીંમતી ધાતુમાં મિક્સ કરવામાં આવી રહ્યો છે. આ પાઉડર સોનાનું વજન વધારી દે છે.

રેનિયન પાઉડર બનાવતી કંપનીના અનેક એજન્ટ ભારતમાં પણ હોવાનો દાવો

સૌથી મોટી વાત એ છે કે સામાન્ય તપાસ મશીનો અને હોલમાર્કિંગ સેન્ટર પણ તેની ઓળખ કરવામાં નિષ્ફળ રહ્યાં છે. ભેળસેળ છતાં કેટલાક કેસોમાં આ સોનું ૨૪ કેરેટની શુદ્ધતા તપાસમાં પાસ થઈ ગયું છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર ચીનનાં શેનઝેનમાં સ્થિત એક એજન્ટે દાવો કર્યો છે કે તેની કંપની રેનિયમ પાઉડર બનાવે છે અને ભારતનાં અનેક શહેરોમાં તેના એજન્ટ ઉપલબ્ધ છે.

એક રિપોર્ટ અનુસાર એક ગ્રામ રેનિયમ પાઉડરને ૭.૮૩ ગ્રામ સોનામાં મિક્સ કરવામાં આવતા તેનું કુલ વજન વધીને ૮.૮૩ ગ્રામ થઈ ગયું હતું. પરિક્ષણ દરમિયાન આ સોનું ૨૪ કેરેટ સોના તરીકે પાસ થઈ ગયું હતું.આ

(અનુસંધાન ૧૧મે પાને)

ઈરાને ઘડેલા હત્યાના પ્લાનના અમલ બદલ પાકિસ્તાનીને ૨૭ વર્ષની જેલ

ન્યુયોર્ક,તા.૧૯

પોતે એક અમેરિકી રાજકારણીની હત્યાની કોશિશ કરી હોવાની કબૂલાત સાથે, હત્યાનો પ્લોટ ઈરાનના અર્ધ લશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડે ઘડ્યો હોવાનું જણાવનાર આરોપીને મંગળવારે લગભગ ત્રીસ વર્ષની જેલની સજા થઈ છે.

અમેરિકન પ્રમુખની હત્યાના ઈરાદા કરતાં ગંભીર કોઈ ગુનો હોઈ શકે નહિ : કોર્ટ

ન્યાયમૂર્તિએ જેને અપવાદરૂપ ગંભીર ગુનો ગણ્યો એવા દુષ્કૃત્ય બદલ આસિફ મર્ચન્ટ નામના આરોપી પાકિસ્તાની વેપારીને જનમટીપની સજાની શક્યતા હતી. ટ્રાયલ દરમિયાન રજૂ થયેલા પુરાવા મુજબ મર્ચન્ટ જેની હત્યા કરવા ઈચ્છતો હતો એવા સંભવિત ચહેરાઓમાં ડોનાલ્ડ ટ્રમ્પ, પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જો બાઈડેન અને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં અમેરિકી રાજદૂત રહી ચૂકેલાં નિક્કિ હેલીનો સમાવેશ થયો હતો.

''અમેરિકી પ્રમુખ અથવા અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીની હત્યાના ઈરાદા કરતાં વધુ ગંભીર કોઈ આરોપ નથી,'' એમ ટ્રમ્પે જેમની નિમણૂક કરી એ અમેરિકી જિલ્લા ન્યાયમૂર્તિ એરિક કોમિટીએ જણાવ્યું. ૪૮ વર્ષના ગુનેગાર

(અનુસંધાન ૧૧મે પાને)

વિદેશી ધરતી પર ફરી કોંગ્રેસ નેતાના ચૂંટણીમાં ગેરરીતિના આક્ષેપ

ભારતમાં લોકતંત્ર જોખમમાં, ચૂંટણીનો બહિષ્કાર નહીં કરીએ : રાહુલ ગાંધી

(પીટીઆઈ)

શિકાગો/નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસ નેતા અને લોકસભામાં નેતા પ્રતીપક્ષ રાહુલ ગાંધીએ ફરી એક વખત વિદેશમાં દાવો કર્યો કે, ભારતીય લોકતંત્ર જોખમમાં છે પરંતુ વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, કારણ કે તેમ કરવામાં આવશે તો દેશમાં લોકતંત્ર ખતમ થઈ જશે. બીજીબાજુ ભાજપે પણ કોંગ્રેસ નેતા પર હુમલો કરતા કહ્યું કે, રાહુલ ગાંધી વારંવાર વોટ ચોરીના આક્ષેપો કરીને વિદેશની ધરતી પર ભારત વિરોધી અપપ્રચાર કરી રહ્યા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલ અમેરિકાના પ્રવાસે છે. શિકાગો યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા રાહુલ ગાંધીએ ભારતમાં ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચ પર વધુ એક વખત સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચના જ



કેટલાક વરિષ્ઠ અધિકારીઓ હવે સરકારના દબાણથી કંટાળી ગયા છે અને તેઓ વિપક્ષને અંદરની માહિતી આપી રહ્યા છે. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે હવે તો આ રીતે આગળ ચલાવી શકે તેમ નથી અને આ આખું માળખું તૂટી પડવાનો સમય પાકી ગયો છે.

શિકાગો યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સના પ્રોફેસર રોબર્ટ પેપ સાથે વાતચિતમાં કોંગ્રેસ નેતાએ સ્પષ્ટ કર્યું કે, તમામ અનિયમિતતાઓ છતાં વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે, કારણ કે આવું કરવાથી દેશમાં લોકતાંત્રિક માળખું સંપૂર્ણપણે ખતમ થઈ જશે. ૧૦૦ ટકા પૂરાવા વિના તેઓ લોકતંત્ર પર સવાલ નથી ઉઠાવતા. વિપક્ષની રણનીતિ છે કે દેશવાસીઓને પોતાને ખ્યાલ ના આવે કે લોકતંત્ર જોખમમાં

(અનુસંધાન ૧૧મે પાને)

દેશને બદનામ કરવા કોંગ્રેસે રાહુલ ગાંધીના બદલે એઆઈને વિદેશ મોકલવાની જરૂર, વધુ સારું કામ કરશે : ભાજપ

ટ્રમ્પના તંત્રનો વધુ એક આદેશ અમેરિકન કોર્ટે ફગાવ્યો

અમેરિકામાં ફેડરલ કોર્ટે વિદેશી વિદ્યાર્થીઓ માટે ઓપીટી બહાલ કરતા ટ્રમ્પને ઝટકો


વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકાની ફેડરલ કોર્ટે ટ્રમ્પ તંત્રને વધુ એક ઝાટકો આપ્યો છે. કોર્ટે ટ્રમ્પ તંત્રની તે નીતિ પર પ્રતિબંધ લગાવ્યો છે જેમાં સ્ટુડન્ટ વિઝા હેઠળ ભણી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપ અને પ્રેક્ટિકલ તાલીમની તકો મર્યાદિત કરવામાં આવી હતી. આ ચુકાદાથી અમેરિકન યુનિવર્સિટીઓ અને ભારતીયો સહિત હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત મળી છે. બોસ્ટનની અમેરિકન ડિસ્ટ્રિક્ટ જજ જુલિયા કોબિકે આ પ્રકારનો આદેશ જારી કર્યો. તેના હેઠળ હોમલેન્ડ વિભાગ ઓગસ્ટ સુધી બે નવા નિયમો અમલી નહીં કરી શકે.

ફેડરલ કોર્ટના નિર્ણયના પગલે ભારતીય સહિત વિદેશી વિદ્યાર્થીઓને ફાયદો થશે તેવી ઘણી સંભાવના

હાયર એજ્યુકેશન એસોસિયેશનોનું કહેવું હતું કે નવા નિર્દેશોના લીધે સમગ્ર દેશમાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓના તાલીમ કાર્યક્રમમાં અવરોધ સર્જાયો હતો. અમેરિકામાં ૨૦૨૪માં લગભગ ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓ સીપીટીમાં ભાગ લીધો હતો. સીપીટી એટલે કે કરિક્યુલર પ્રેક્ટિસ એક એવી વ્યવસ્થા છે જેના હેઠળ એફ-૧ વિઝાવાળા વિદ્યાર્થી પોતાના અભ્યાસક્રમ દરમિયાન પોતાના કોર્સ સાથે જોડાયેલી ઈન્ટર્નશિપ કરી શકે છે. ઓગસ્ટમાં હોમલેન્ડ વિભાગે યુનિવર્સિટીઓને સંદેશ મોકલીને જણાવ્યું હતું કે ફક્ત તે જ ઈન્ટર્નશિપ માન્ય હશે, જે ડિગ્રી પ્રોગ્રામમાં દરેક વિદ્યાર્થી માટે અનિવાર્ય હશે. તેમા વૈકલ્પિક તાલીમ કામમાં આવતી નથી. પહેલા વિદ્યાર્થી કામના બદલામાં કોર્સ ક્રેડિટ મળવા પર સીપીટીને લાયક બનતા હતા. નવા આદેશો પછી હાર્વર્ડ સહિત અનેક યુનિવર્સિટીઓમાં સીપીટીના મંજૂરી પર પ્રતિબંધ હતો.

ટ્રમ્પ તંત્રના આદેશના પગલે સીપીટી માટે ક્વોલિફાઈડ વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા મર્યાદિત કરી દેવાઈ હતી





વર્લ્ડ હેરિટેજ સપ્તાહના પ્રથમ દિવસે અમદાવાદ શહેરની સ્થાપના જ્યાંથી થઈ હતી, તેવા ભદ્ર પરિસર ખાતે ફેસ્ટિવલનું આયોજન કરાયું હતું. લગભગ ૧૨ વર્ષ જેટલા સમય પછી ફરી વખત યોજાયેલા આ ફેસ્ટિવલમાં જુદા જુદા સ્ટેજ પર દિવસ દરમિયાન કઠપૂતળી પરેડ, નગારા વાદન, ભવાઈ, સીદી ધમાલ, મલ્લખંભ પ્રદર્શનો સહિતના કાર્યક્રમો યોજાયા હતા. અમદાવાદના ઐતિહાસિક વારસા અને સંસ્કૃતિને જીવંત રાખવાના મ્યુનિ. કોર્પોરેશનના આ પ્રયાસને બિરદાવતા હોય તેમજ શહેરીજનોએ પણ મન ભરીને વિવિધ કાર્યક્રમો માણ્યા હતા.

અટલ ભૂ યોજના માત્ર કાગળ પર : 'સ્કીમ' 'સ્કેમ' બની

રૂ.૩૫૭૫ કરોડના ખર્ચ પછી પણ છ જિલ્લામાં ભૂગર્ભજળની સ્થિતિ ગંભીર

અમદાવાદ,ગુરુવાર

ગુજરાતમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા રૂા.૩,૫૭૫ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં જમીની હકીકત ચિંતાજનક છે. ખુદ રાજ્ય સરકારે સ્વીકાર્યું છેકે, ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભૂગર્ભ જળના તળ સતત ઊંડા જઈ રહ્યા છે. એટલું જ નહીં, પાણીની ગુણવત્તા પણ જોખમી સ્તરે પહોંચી છે. સ્થિતિ એવી પરિણમી છેકે, ભૂગર્ભજળના સ્તર છેક ૮૮ મીટરે પહોચ્યાં છે.

કચ્છથી માંડીને ગાંધીનગર સુધી ૮૮ મીટર સુધી પાણીના તળ ઉંડે ઉતર્યા : રિચાર્જ કરતાં ભૂગર્ભજળ ઉલેચવાનું વધુ

રાજ્યમાં ભૂગર્ભ જળના બેરોકટોક વપરાશને કારણે કચ્છ, બનાસકાંઠા, ગાંધીનગર, પાટણ, મહેસાણા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં સ્થિતિ વિકટ બની છે. ખુદ સરકારે વિગતો આપી છેકે, કચ્છના અંજારમાં ૮૮ મીટર, માણસામાં ૬૦ મીટર, ઊંઝામાં ૫૬ મીટર અને પાટનગર ગાંધીનગરમાં ૫૪ મીટર સુધી પાણીના તળ નીચે ઉતરી ગયા છે.

બનાસકાંઠા, કચ્છ, મહેસાણા, પાટણ, સુરેન્દ્રનગરમાં જળસ્તર ચિંતાજનક સપાટીએ : ભૂગર્ભજળ ખૂટી પડવાની ભીતિ

બનાસકાંઠાના દિયોદર જેવા વિસ્તારોમાં તો સ્થિતિ વધુ ગંભીર હોવાનું સામે આવ્યું છે.સત્તાવાર આંકડા મુજબ, ગુજરાતમાં વાર્ષિક સરેરાશ ૨૭.૫૮ બિલિયન ક્યુબિક મીટર પાણી રિચાર્જ થાય છે, જેની સામે ૨૫.૫૮ બીસીએમ જેટલો જથ્થો ઉપલબ્ધ રહે છે. રાજ્યમાં કુલ ભૂગર્ભ જળમાંથી ૫૪ ટકાથી વધુ પાણી જમીનમાંથી ખેંચી લેવામાં આવે છે, જેમાં સૌથી વધુ હિસ્સો ખેતીવાડીનો છે. ભૂગર્ભજળમાં સુધારો લાવવા માટે સુજલામ-સુફલામ અને અટલ ભૂજળ યોજના પાછળ સરકાર કરોડોનો ધુમાડો કરી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચ છતાં 'સ્કીમો' માત્ર કાગળ પર રહી છે







ભૂગર્ભજળ ઊંચા લાવવા સરકારે કેટલો ખર્ચ કર્યો?

કચ્છ	: ૧૦૩૮૩ લાખ
બનાસકાંઠા	: ૨,૫૩,૨૮૦ લાખ
ગાંધીનગર	: ૨૩૯૭ લાખ
પાટણ	: ૧૫૨૩ લાખ
મહેસાણા	: ૮૮,૭૨૧ લાખ
સુરેન્દ્રનગર	: ૧૨૨૫ લાખ

હાલ ભૂગર્ભજળનું સ્તર કેટલું?

અંજાર	:	૮૭.૯૩ મીટર
માણસા	:	૬૦.૬૯ મીટર
ભૂજ	:	૫૯.૪૫ મીટર
ઉંઝા	:	૫૬.૧૬ મીટર
ભચાઉ	:	૫૫.૫૩ મીટર
ધાનેરા	:	૫૧.૮૩ મીટર
જોટાણા	:	૫૨.૨૭ મીટર
ગાંધીનગર	:	૫૪.૮૩ મીટર
ડીસા	:	૪૨.૧૩ મીટર
સરસ્વતી	:	૪૦.૫૦ મીટર
થામગઢ	:	૪૩.૯૨ મીટર
વિજાપુર	:	૩૬.૦૩ મીટર
મહેસાણા	:	૩૬.૦૩ મીટર
વડગામ	:	૩૫.૫૪ મીટર

અને જમીની સ્તરે પરિણામ શૂન્ય છે.ઊંડા બોરવેલમાંથી ખેંચાતા પાણીમાં નાઈટ્રેટ અને ફ્લોરાઈડ જેવા માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક ક્ષારોનું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે. આ દૂષિત પાણી પીવાથી લોકોમાં ચામડીના રોગ, પેટની બીમારી અને ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં સાંધાના દુખાવાના દર્દીઓની સંખ્યામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. બીજી તરફ, સરકારી તંત્રનો દાવો છે કે નર્મદાના નીર, તળાવો ઊંડા કરવાની કામગીરી અને ટપક સિંચાઈને કારણે ચોમાસા બાદ ઘણા વિસ્તારોમાં જળસ્તરમાં સુધારો નોંધાયો છે. જોકે, પીવાના પાણીની ગુણવત્તા અને ઘટતા જળસ્તરનો પડકાર હજુ પણ યથાવત છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જો પાણીના વપરાશ પર અંકુશ નહીં આવે, તો આગામી સમયમાં ગુજરાતનું પાતાળ સાવ ખાલી થઈ જશે.

મળતિયા કોન્ટ્રાક્ટરોને બખ્ખાં, સરકારને નુકસાન

'ભ્રષ્ટાચારનું પૂર', બનાસકાંઠામાં બે વર્ષમાં ૧૭૨ ચેકડેમો ધરાશયી

અમદાવાદ, ગુરુવાર

જળસંચય માટે લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા ચેકડેમો બનાસકાંઠા જિલ્લામાં ભ્રષ્ટાચારની ભેટ ચડ્યા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. છેલ્લા માત્ર બે જ વર્ષના ગાળામાં જિલ્લામાં કુલ ૧૭૨ ચેકડેમો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયા છે. માત્ર એક જ જિલ્લામાં સોથી વધુ ચેકડેમો તૂટી પડતા બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યાં છે.

વન વિભાગના ૧૧૪,પાણી પુરવઠાના ૫૮ ચેકડેમો તૂટ્યાં : ડેમની બાંધકામની ગુણવત્તા મુદ્દે સવાલો

બનાસકાંઠા જિલ્લો પહેલેથી જ પાણીની અછતનો સામનો કરી રહ્યો છે. તેવા સમયે ચોમાસાના પાણીનો સંગ્રહ કરવા માટેના મુખ્ય ોત ગણાતા ચેકડેમો તૂટી જતાં અને તેની સમયસર મરામત ન થતાં કિંમતી પાણી વહી રહ્યું છે. એક તરફ સરકાર જળસંચયના મોટા-મોટા દાવા કરે છે, ત્યારે બીજી તરફ જમીની હકીકત તંત્રની પોલ ખોલી રહી છે. ચોંકાવનારી બાબત એ છે કે, તંત્રની ઘોર બેદરકારીના કારણે આમાંથી અત્યાર સુધી માત્ર ૧૦ જ ચેકડેમોનું સમારકામ થઈ શક્યું છે, જ્યારે ૧૬૨ ચેકડેમો હજુ પણ બિસ્માર હાલતમાં છે.

સરકારે વિધાનસભામાં રજૂ કરેલી વિગતો મુજબ,સૌથી વધુ નુકસાન વન વિભાગ હસ્તકના ચેકડેમોમાં થયું છે. વન વિભાગના ૧૧૪ ચેકડેમો તૂટ્યા છે જ્યારે પાણી પુરવઠા વિભાગથ ૫૮ ચેકડેમો ધરાશાયી છે. સ્થાનિકો અને ખેડૂતોમાં એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે ભ્રષ્ટ અધિકારીઓ અને મળતિયા કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી નબળી ગુણવત્તાનું કામ કરવામાં આવી રહ્યુ છે. કોન્ટ્રાક્ટરોને બખ્ખા કરાવવા માટે નિયમોને નેવે મૂકીને બિલો પાસ કરી દેવાયા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે, જેના કારણે સરકારી તિજોરીને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હાલ તો સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારા ભ્રષ્ટ અધિકારીઓ તેમજ મળતિયા કોન્ટ્રાક્ટરો સામે સરકાર મૌ સીવીને બેઠી છે.

આ તે કેવો કાયદો, વ્યવસ્થા...ધોળે દિવસે


ગાંજો, કોકેઈન વેચવાની ૨૪ વેબસાઈટ પાંચ ટેલિગ્રામ ચેનલથી ડ્રગ્સનું વેચાણ

અમદાવાદ,ગુરૂવાર

ડ્રગ્સ ઝડપવાને મામલે તંત્ર હાલપૂરતું અચાનક સફાળું જાગ્યું છે. અમદાવાદ કે દેશના અન્ય મોટા શહેરોમાં ડ્રગ્સનો કારોબાર કરવા માટે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા ડાર્ક વેબ અને ટેલિગ્રામ ચેનલનો ઉપયોગ કરીને સમગ્ર નેટવર્ક ચલાવતા હોય છે. જે મામલે ડ્રગ્સનો કારોબાર ચલાવતી ૨૪ વેબસાઈટ અને પાંચ ટેલિગ્રામ ચેનલ અંગેની વિગતો મેળવીને આંતરરાષ્ટ્રીય નેટવર્કની અનેક ચોંકાવનારી વિગતો સામે આવી છે. જેમાં હાઈબ્રીડ ગાંજો, કોકેઈન, એમ ડી, એલએસડી અને કેટામાઈન જેવા ડ્રગ્સના વેચાણને લગતી અનેક વિગતો મળી હતી.

ડ્રગ્સ ખરીદનારાને પેમેન્ટ માટે ક્રિપ્ટો, ગિફ્ટકાર્ડ, વેસ્ટર્ન યુનિયન અને મનીગ્રામની લિંક આપવામાં આવી હતી

અમદાવાદમાં અગાઉ મોટા પ્રમાણમાં મળી આવેલા હાઈબ્રીજ ગાંજાના કે અન્ય ડ્રગ્સના કન્સાઈન્મેન્ટમાં નાણાંકીય વ્યવહાર ક્રિપ્ટો કે અન્ય ઓનલાઈન કરન્સી દ્વારા તેમજ ઓર્ડર ડાર્ક વેબથી કરવામાં આવતા હોવાના ખુલાસા થયા હતા. સાથેસાથે ટેલીગ્રામ ચેનલ પર કેટલાક લોકો કોડ વર્ડનો ઉપયોગ કરીને પણ સપ્લાય નેટવર્ક સેટ કરતા હતા. ત્યારે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલના સોશિયલ મિડીયા મોનીટરીંગ યુનિટ દ્વારા છેલ્લાં ઘણા સમયથી ટેકનીકલ એનાલીસીસ અને અન્ય માહિતીને આધારે તપાસ કરવામા આવી



હતી. આ દરમિયાન પાંચ ટેલીગ્રામ ચેનલ મળી આવી હતી. જેમાં કોકેઈન, હાઈબ્રીડ ગાંજો, એમડી એલએસડી અને કેટામાઈન જેવા ડ્રગ્સના ભાવ અને ડિલિવરીની વિગતો, ફોટોગ્રાફ્સ સહિતની વિગતો એડમીન દ્વારા પોસ્ટ કરવામાં આવી હતી. એક ગ્રુપમાં ગ્રાહકોને ઓર્ડર માટેના સરનામુ મોકલવા, ડ્રગ્સની ૫૦ ટકા રકમ એડવાન્સમાં મોકલવા અને ૫૦ ટકા રકમ ડિલિવરી બાદમાં ચુકવવા માટેની ઓફર હતી. પેમેન્ટ માટે ક્રિપ્ટો, ગીફ્ટકાર્ડ, વેસ્ટર્ન યુનિયન અને મનીગ્રામની લીંક આપવામાં આવી હતી. સાથેસાથે ૨૪ ડાર્ક વેબ પણ મળી

(અનુસંધાન ૪થે પાને)

૧૦૦થી વધુ મુસાફરો અટવાઈ પડ્યા

અમદાવાદ- દિલ્હીની ફ્લાઈટ કેન્સલ, મુસાફરોનો હોબાળો

અમદાવાદ,ગુરુવાર

અમદાવાદથી દિલ્હીની સ્પાઈસ જેટની ફ્લાઈટ અચાનક જ રદ કરવામાં આવતા મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. ફ્લાઈટ રદ કરાયા બાદ એરલાઈન્સ દ્વારા મુસાફરો માટે દિલ્હી જવા વૈકલ્પિક કે અમદાવાદની હોટેલમાં રહેવાની વ્યવસ્થા પણ કરી અપાઈ નહોતી.

નારાજ મુસાફરોએ કહ્યું, 'રિફંડની વાત કરો જ નહીં, એ ક્યારેય સમયસર મળતું જ નથી'

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ૧૮ નવેમ્બરના રાત્રે ૧૦:૨૦ કલાકે અમદાવાદથી દિલ્હી માટે રવાના થનારી ફ્લાઈટને એરલાઈન્સે એક-બે નહીં ૧૦ વખત ડિલે જાહેર કરવામાં આવી હતી. આખરે રાત્રે ૧૨ કલાકે અચાનક જ ફ્લાઈટ કેન્સલ થયાની જાહેરાત કરવામાં આવતા ૧૦૦થી વધુ મુસાફરો અટવાઈ પડ્યા હતા. ફ્લાઈટ કેન્સલેશનની જાહેરાત સાથે જ મુસાફરોએ પિત્તો ગુમાવ્યો હતો અને એરલાઈન્સ સ્ટાફ સાથે તેમની ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાયરલ થયેલા વીડિયોમાં ઉગ્ર થયેલા મુસાફરો એરલાઈન્સના કર્મચારીઓને કહી રહ્યા હતા કે 'લોકોની સમસ્યા છતાં સ્ટાફને જાણે કંઇ તસ્દી જ નહોતી. પાણીનું પણ પૂછવામાં આવ્યું નથી.' રિફંડની વાત કરવામાં આવતા મુસાફરોએ કહ્યું કે, 'અમને રિફંડ જોઇતું નથી, એ તમારી ભીખારી કંપનીને ડોનેટ કરું છું...રિફંડની વાત કરો જ નહીં, એ ક્યારેય સમયસર મળતા જ નથી.'

માર્ગ-મકાન વિભાગના સેક્શન ઓફિસર શાલીન પંડ્યા કહે છે

રૂપિયા ૬૬ કરોડના ખર્ચે બનેલા બ્રિજને ફિટનેસ સર્ટિફિકેટ વગર જ ખુલ્લો મુકાયો

ભરૂચ,ગુરૂવાર

ભરૂચ જિલ્લાના આમોદ-જંબુસરને જોડતા રૂા. ૬૬ કરોડના ખર્ચે નિર્મિત ડોલિયા-દેવણા બ્રિજમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે ભાજપના ધારાસભ્ય ડી.કે. સ્વામીએ માત્ર સસ્તી પ્રસિધ્ધિ મેળવવાની લ્હાયમાં જરૂરી મંજૂરીઓ કે કામગીરીની ખાતરી કર્યા વિના જ અધૂરા બ્રિજનું લોકાર્પણ કરી નાખ્યું હોવાનું લોક મુખે ચર્ચાય છે.

સસ્તી પ્રસિધ્ધિ માટે ભાજપના ધારાસભ્ય ડી.કે. સ્વામીએ ડોલિયા-દેવણા બ્રિજનું લોકાર્પણ કરી દીધું

વર્ષ ૨૦૧૬માં મહેસાણાની રાધે એસોસિએટ એજન્સીને અપાયેલું આ કામ ૧૦ વર્ષે પૂર્ણ થયા બાદ ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું અને બ્રિજમાં મોટી તિરાડો પડતા આ બાબત ભારે ચર્ચાનો વિષય બની છે. સમગ્ર મામલો ગંભીર બનતાં ભરૂચ જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગ પાસે રિપોર્ટ મંગાવી તપાસના આદેશ આપ્યા છે.

બીજી તરફ,માર્ગ અને મકાન વિભાગના સેક્શન ઓફિસર શાલીન પંડ્યાએ બ્રિજનું ફિટનેસ સર્ટિફિકેટ હજુ અપાયું ન હોવાનું સ્વીકારી, નીચેથી પસાર થતી ઢાઢર નદીના પાણીના વહેણ બદલાવાથી પોલાણ થતાં તિરાડ પડી હોવાનો લૂલો બચાવ કર્યો હતો. આશ્ચર્યની વાત એ છે કે, એજન્સીના માલિક અને સુપરવિઝન કરનાર અધિકારી અંગે ખુદ આર એન્ડ બી વિભાગે મૌન સેવ્યું છે.

આ મુદ્દે ભાજપના ધારાસભ્ય દેવકિશોર સ્વામી (ડી.કે.સ્વામી)એ

(અનુસંધાન ૪થે પાને)

